Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
'आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४७ मार्गशिर्ष–पोष आत्म सं. २५ | अंक ५–६ठो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી વીર સ્તુતિ ... ... ... | ૧૨૧ | ૭ આપણી ઉન્નતિનો સવલ માર્ગ | ૧૪૦ |
| ૨ મનને બોધ ... ... ... | ૧૨૨ | ૮ આત્મ વિશુદ્ધિ વિચારણા | ૧૪૨ |
| ૩ સાચા સુખના સાધનો તથા મનુષ્યત્વ | ૧૨૩–૧૬૩ | ૯ વિનોદ સૂરીની સલતા ? | ૧૪૨ |
| ૪ જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના | ૧૩૦–૧૪૮ | ૧૦ વર્તમાન સમાચાર તથા પ્રકીર્ણ નોંધ. | ૧૪૪–૧૬૯ |
| ૫ દવા કરતાં પથ્ય પાલન ઉત્તમ છે | ૧૩૯ | ૧૧ સાચા મિત્રના લક્ષણ–સર્વ હિત વચનો | ૧૪૫–૧૪૬ |
| ૬ મનને નિરાકુલ રાખવાની જરૂર | ૧૪૦ | ૧૨ ગ્રંથાવલોકન તથા ભેટ | ૧૭૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન-સુધારણાના સન્માર્ગો.

## પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખોનો સંગ્રહ

### પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્દવિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧॥

મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.
(૨) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ.

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ ચૈત્યવંદન મહાભાષ્ય
૩ જૈન મેઘદૂત સટીક
૪ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૫ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૬ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી
૭ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી
૮ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી
૯ સિદ્ધપ્રાભૃત સટીક
૧૦ ષટ્સ્થાનક સટીક.
૧૧ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક
૧૨ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ ધાતુ પારાયણ
૧૬ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ શ્રી અનુત્તરોવવાઇ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી.
૧૮ ઉપદેશ સપ્તતિકા ટીકાનું (ભાષાંતર)

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ પ્રેમચંદ ત્રિભુવનદાસ ભાવનગર પે૦ વ૦ લાઇફ મેમ્બર.
૨ શાહ વીરચંદ કેવળભાઇ ,, ,,
૩ શાહ જાદવજી ઝવેરભાઈ ,, વાર્ષિક મેમ્બર
૪ શાહ રામદાસ નાનચંદ વલસાડ ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ मागशर आत्म संवत् २५. [ अंक ५मो.

## श्री वीर स्तुति.

હરિગીત.

ચિંતામણી છે ભક્ત જનના આરામના જે ધર્મ છે,
ભવ્યપંકજ રક્ષતા જે તેજના વળી સૂર્ય છે;
મિથ્યાત્વનું જે તમ હરે ચંદ્રોપમા ધારણ કરી,
તે **વીર** પ્રભુને પ્રણમીયે સદ્ભાવના હૃદયે ધરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનને બોધ.

( રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. )

શાર્દુલ વિક્રીડિત.

રે, રે ! ચંચળ ચિત્ત તું વિનયથી જોને વિચારી જરી,
આવું શ્રેષ્ઠ અમૂલ્ય આ નરતનુ પામીશ ના તું ફરી;
લેવાને સુખભોગ તું ક્યમ અરે ! આડે ધડે આથડે,
શ્રી જીનેશ તણું સુનામ રટતાં અત્યંત શાને નડે. ૧

શાને હર્ષ કરે અપાર સુખથી ફૂલાઇ જઇ તું સદા ?
શાને પોક મુકી રડે મુરખ તું જ્યારે પડે આપદા ?
શાંતિરૂપ સુધા ન કેમ તુજને પીવું હઠીલા ગમે ?
આડે માર્ગ મને ભમાવી ભવમાં વંઠેલ શાને દમે ? ૨

સ્ત્રીપુત્રાદિકમાં અરે કુટિલ તું મોહાંધ થૈ શું ફરે ?
માની કેમ કહ્યું ન તું મમતીલા તારૂંજ ધાર્યું કરે ?
તુંને મૂળ થકી પડી છ કુપથે જાવા તણી પ્રકૃતિ,
ખત્તા ખાઇ હજાર વાર પણ તું માને ન મારૂં રતિ. ૩

જાવું છે દિન એક આ જગતના છોડી બધા વૈભવો,
આવો દુર્લભ દેહ આ નર તણો પાછો નથી પામવો;
શોધી કેમ સખા ન લે તદપિ તું સંસારના સારને ?
મોહે ને મદમત્સરે વશ થઇ ખોટા ખમી મારને. ૪

આત્માનંદ વિષે રહે ઘર કરી કામાદિથી ઔ ડરી,
આશાને અલગી કરી ભજ પ્રભુ સંસાર જાવા તરી;
પાળી ધર્મ સુકર્મ તું કર કરે શાળા સુમાર્ગે વહી,
છોડી દે વલખાં વૃથા વિષયનાં આ બોધને લે ગૃહી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચાં સુખનાં સાધનો

વિઠ્ઠલદાસ મૂ. શાહ, બી. એ.

આ સંસારમાં લોકોની જેટલી સુખની ઇચ્છા છે તેટલીજ સુખની ન્યૂનતા છે. કેટલાય લોકોને ધનની ઇચ્છા હોય છે અને તેઓને વિશ્વાસ હોય છે કે તેઓને ધનની પ્રાપ્તિથી સુખની પ્રાપ્તિ થશે. કેટલાય ધનવાન લોકો એવા છે કે જેઓને સર્વ પ્રકારનાં સુખસાધન પ્રાપ્ત થયેલાં હોય છે તથાપિ તેઓની પાસે કોઈ કામ કરનાર નહિ હોવાનાં કારણથી તેઓ દુઃખી હોય છે. તેઓ રાતદિવસ પલંગમાં પડ્યા રહે છે અને તેઓનું મન એકજ ચિંતાથી બળ્યાં કરે છે કે હાય ! અમારી પાસે કોઇ કામ કરનાર નથી. જો આપણે આ પ્રકારના પ્રશ્નો ઉપર વિચાર કરીએ તો તેનાથી આપણને એક મહત્વપૂર્ણ સિદ્ધાંતનું જ્ઞાન થઈ જશે કે સાચું સુખ બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિમાં રહેલું નથી અને દુઃખ તે વસ્તુઓના અભાવમાં રહેલું નથી, કારણકે જો એમ હોય તો આપણે નિર્ધન મનુષ્યોને હમેશાં દુઃખીજ દેખીએ અને ધનવાનોને હમેશાં સુખી અવસ્થા ભોગવતા દેખીએ, પરંતુ વાસ્તવિક રીતે એમ નથી. કોઇ કોઇ વખત તો સર્વથા આથી વિપરીત જોવામાં આવે છે. કેટલાય દુર્ભાગી મનુષ્યો આપણા જોવામાં આવે છે કે જેઓની પાસે પુષ્કળ ધનસંપત્તિ હોય છે તોપણ દુઃખમય સ્થિતિ અનુભવતા હોય છે, તેમજ કેટલાય ભાગ્યવાન મનુષ્યો એવા પણ નજરે પડે છે કે જેઓ પોતાના ગુજરાનનો ખર્ચ મહામુશીબતથી ચલાવતા હોય છે તોપણ નિરંતર સુખી અને પ્રસન્ન રહે છે. જેઓએ ધનસંચય કર્યો છે એવા કેટલાય લોકોને મુખેથી આપણે સાંભળીએ છીએ કે અમે પ્રાપ્ત થયેલા દ્રવ્યનો વ્યય કેવળ અમારાજ લાભ માટે કર્યો અને તેનાથીજ અમને પોતાને લાભ પહોંચાડયો, એ કારણથી અમારા જીવનનો ખરો આનંદ જતો રહ્યો અને નિર્ધન અવસ્થામાં અમે જેટલા પ્રસન્ન હોત તેટલા પ્રસન્ન અત્યારે નથી.

આ ઉપરથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સુખ કયી વસ્તુ છે અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે. શું સુખ કોઇ ક્ષણિક અને કાલ્પનિક વસ્તુ છે અને દુઃખ સ્થાયી અને વાસ્તવિક છે ?

ઉપરોક્ત પ્રશ્ન ઉપર પુરેપુરો વિચાર કરવાથી આપણને બુદ્ધિગત થાય છે કે જે લોકોએ જ્ઞાનમાર્ગનું ગ્રહણ કરી લીધું છે તે સિવાયના સામાન્ય જનોનું માનવું છે કે ઇચ્છાઓની પૂર્તિમાં સાચું સુખ સમાયલું છે. આવી માન્યતા ઘણેભાગે અજ્ઞાનતાના કારણથી ઉત્પન્ન થાય છે અને સ્વાર્થપરતાના વિચારોથી નિરંતર વૃદ્ધિ કરે છે. આ માન્યતાજ સંસારનાં સર્વ દુઃખોનું મૂળ છે. અહિંઆ 'ઇચ્છા'નો અર્થ કેવળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય વાસના કરવામાં નથી આવ્યો, પરંતુ તેનો સંબંધ ઉચ્ચ આધ્યાત્મિક સામ્રાજ્યની સાથે પણ છે કે જ્યાં આગળ અધિક પ્રબળ, સૂક્ષ્મ અને ગુપ્ત રૂપથી નાશકારક અને હાનિકારક ઇચ્છાઓ સભ્ય અને શિક્ષિત પુરૂષોને આધીન બનાવે છે અને તેઓના આત્માને એ સુંદરતા અને પવિત્રતાથી વંચિત કરી મુકે છે કે જેનો પ્રકાશ હર્ષ અને આનંદના કારણ રૂપ છે.

' સંસારમાં જેટલું દુઃખ છે તે સર્વનું કારણ સ્વાર્થ છે ' એ વાતનો ઇન્કાર ભાગ્યેજ કોઇ કરે તેમ છે, પરંતુ સૌ કોઇને એક પ્રકારનો એવો આત્મઘાતી ભ્રમ રહેલો છે કે તે સ્વાર્થ પોતાનો નહિ પણ બીજાઓનો છે. તમારાં દુઃખનું કારણ તમારો પોતાનોજ સ્વાર્થ છે એ વાતનો જ્યારે તમે સ્વીકાર કરવા લાગશો ત્યારે તમે સ્વર્ગના દ્વારથી દૂર નહિ રહો; પરંતુ જ્યાં સુધી તમને એવો વિશ્વાસ છે કે બીજાના સ્વાર્થની ખાતર તમારે દુઃખ ઉઠાવવુ પડે છે ત્યાં સુધી તમે તમારા પોતાના બનાવેલા નરકાગારમાં પડ્યા રહેશો.

સાચાં સુખની અવસ્થા એ છે કે જે અવસ્થાને આનંદ અને શાંતિ કહેવામાં આવે છે અને જે અવસ્થામાં કોઇ પણ પ્રકારની ઇચ્છાનો અભાવ હોય છે. ઇચ્છાઓની પૂર્તિથી જે સંતોષ અથવા સુખપ્રાપ્ત થાય છે તે ક્ષણિક અને કાલ્પનિક હોય છે અને તેનાથી ઇચ્છાની પૂર્તિ માટે વધારે તિવ્ર ઇચ્છા ઉદ્ભવે છે. સમુદ્રની માફક ઇચ્છાની કોઈ સીમા નથી. જેમ જેમ આપણે તેની પૂર્તિ કરતા જઇએ છીએ તેમ તેમ તે વધતી જાય છે. હમેશાં ઇચ્છા પોતાના સેવકોની સેવા ચાહ્યા કરે છે. તેની કદિ પણ તૃપ્તિ થતી નથી. એટલે સુધી કે તેઓ શારીરિક વ્યાધિઓ તેમજ માનસિક વેદનાઓથી પીડાય છે અને દુઃખ તથા વિપત્તિની અગ્નિમાં જઈ પડે છે. ઇચ્છા એક નરકાગાર સમાન છે જેમાં સર્વ પ્રકારનાં દુઃખો અને કષ્ટો એ જમાવટ કરી લીધી છે. ઇચ્છાઓનો ત્યાગ કરવા માત્રથીજ સ્વર્ગની પ્રાપ્તિ સુલભ બને છે અને ત્યાં વસનારને સર્વ પ્રકારનાં સુખો ઉપલબ્ધ થાય છે. એ વાત નિર્વિવાદ છે.

અંતરંગ અવસ્થાઓજ સ્વર્ગ અને નરક છે. જો તમે કેવળ સ્વાર્થ સાધવામાં લાગ્યા રહેશો અને ઇંદ્રિયોના દાસ બની રહેશો તો તમે નરકમાં પડશો. પરંતુ તમે સ્વાર્થનો ત્યાગ કરીને જ્ઞાનની એ અવસ્થા પ્રાપ્ત કરશો કે જેની અંદર મન અને ઇંદ્રિયોને બિલ્કુલ વશ કરી લેવામાં આવે છે અને કષાય તથા વાસનાઓ સર્વથા મંદ બની જાય છે તો તમે સ્વર્ગમાં પ્રવેશ કરશો. સ્વાર્થ સાધવામાં મનુષ્ય અન્ધ બની જાય છે. તેમાં વિચાર અને વિવેક બિલ્કુલ રહેતા નથી. જેને લઇને તેને વસ્તુનું યથાર્થ જ્ઞાન પણ થતું નથી. એ કારણથી તે હંમેશાં દુઃખ અને વિપત્તિમાંજ અસિન રહે છે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને નિષ્પક્ષ ભાવ એ સર્વનો સંબંધ દૈવી અવસ્થાની સાથે રહેલો છે. એ દિવ્ય જ્ઞાન તમે જેટલા પ્રમાણમાં સમજી શકશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલા પ્રમાણમાં તમને યથાર્થ સુખ કોને કહેવામાં આવે છે તે વાતનો બોધ થશે જ્યાં સુધી તમે સ્વાર્થને વશ બનીને તમારી ઇચ્છાઓની પૂર્તિ કરવામાં લાગેલા રહેશો ત્યાંસુધી તમે સાચા સુખથી વાંચિત રહેશો અને તમારે માટે દુઃખ તથા વિપત્તિનાં બીજ વાવશો..પરંતુ તમે જેટલા પ્રમાણમાં બીજાની સેવા કરવામાં તેમજ તેઓને લાભ પહોંચાડવામાં ઉદ્યુક્ત રહેશો તેટલા પ્રમાણમાં તમને સાચું સુખ મળશે અને તમને હર્ષ તેમજ આનંદ રૂપી મિષ્ટ ફળો ચાખવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે.

એ તો સિદ્ધ વાત છે કે જો તમે નિરંતર સ્વાર્થ સાધવામાં જ રચ્યા પચ્યા રહેશો તો તમે દુઃખમય અવસ્થામાં પડશો, પરંતુ સ્વાર્થનો ત્યાગ કરી દેશો તો તમે શાંતિ પ્રાપ્ત કરશો. પ્રત્યેક વસ્તુની ઇચ્છા સ્વાર્થથી કરવાથી હર્ષ અને આનંદનો નાશ થાય છે એટલુંજ નહી પણ હર્ષ અને આનંદનાં સાધનો પણ નષ્ટ થાય છે. એક જીહ્વાલોલુપ માણસ પોતાની મંદ પડી ગયેલી ક્ષુધાને સતેજ કરવા માટે નવી નવી મજેદાર ચીજોની શોધમાં રહે છે, પરંતુ પાછળથી તે એવો વ્યાધિગ્રસ્ત બની જાય છે કે તેને કોઇ ચીજ સ્વાદિષ્ટ લાગતી નથી. એથી ઉલટું જે માણસે પોતાની ક્ષુધાને પોતાને વશ કરી હોય છે અને જે મજેદાર વસ્તુઓની શોધમાં રહેવાને બદલે તેનો વિચાર સરખો પણ કરતો નથી તેવા માણસને સાદાં સાદાં ભોજનથી તૃપ્તિ થાય છે. જે લોકો સ્વાર્થ દૃષ્ટિથી એમજ વિચાર કરે છે કે સર્વોત્તમ સુખ ઇચ્છાઓની પૂર્તિમાં સમાયલું છે તેઓને જ્યારે તે સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે ખબર પડે છે કે તે સુખ નથી, પરંતુ સુખાભાસ છે અને દુઃખનું પિંજર છે. 'જે મનુષ્ય સ્વાર્થ સાધવામાં જ નિરંતર લિપ્ત રહે છે તેનું જીવન નષ્ટ થઇ જાય છે, પરંતુ જે મનુષ્ય બીજાની સેવા કરવામાં તન્મય બની જાય છે અને પોતાની જાતને પણ ભૂલી જાય છે તેને જ જીવનનો ખરો આનંદ પ્રાપ્ત થાય છે' એ કથનમાં લેશ પણ અતિશયોક્તિ નથી. જ્યારે તમે કોઇ પણ વસ્તુની ઇચ્છા કરવી તજી દેશો અને નિઃસ્વાર્થ ભાવને તમારાં મનમાં સ્થાન આપશો ત્યારે તમને સ્થાયી સુખની સંપ્રાપ્તિ થશે. જે વસ્તુ તમને અત્યંત પ્રિય હોવા છતાં તમારી પાસેથી એક દિવસ અવશ્ય ચાલી જવાની છે તેવી ક્ષણિક અને વિનાશી વસ્તુને જ્યારે તમે સર્વથા ભૂલી જશો ત્યારે તમને જ્ઞાન થશે કે જે વસ્તુનો ત્યાગ કરવામાં તમને હાનિ લાગતી હતી તે વસ્તુના ત્યાગથી તમને ઘણોજ લાભ થયો છે. લાભની ઇચ્છાથી કોઇ વસ્તુનો ત્યાગ કરવો તે કરતાં વધારે દુઃખ યાને વિપત્તિનું કોઇ કારણ નથી, પરંતુ કોઇ વસ્તુનો ત્યાગ કરવો અને દુઃખ તેમજ કષ્ટ સહન કરવા તેજ જીવનનો વાસ્તવિક માર્ગ છે.

જે વસ્તુઓ સ્વયમેવ નષ્ટ થનારી છે તે વસ્તુઓમાં મન લગાડવાથી તમે વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવિક સુખ પ્રાપ્ત કરી શકશો એ શું સંભવિત છે ? કદાપિ નહિ. વાસ્તવિક સુખ તો ત્યારેજ પ્રાપ્ત થઈ શકે છે કે જ્યારે તમે નિત્ય અને સ્થાયી વસ્તુઓમાંજ તમારૂં મન લગાડશો. તેથી તમારે માટે જરૂરનું છે કે તમારે ક્ષણિક અને વિનાશી વસ્તુઓ ઉપરથી તમારૂં ચિત્ત હઠાવી લેવું જોઈએ અને ભૂલથી પણ તેની કદિ ઇચ્છા ન કરવી જોઇએ. એ વખતે તમને સમ્યગ્ જ્ઞાન થશે. જેમ જેમ તમે સ્વાર્થનો ત્યાગ કરતા જશો તેમ તેમ તમારામાં પ્રેમ, પવિત્રતા. નિઃસ્વાર્થતા અને પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી ભાવનો આવિર્ભાવ થતો જશે અને એ રીતે ઉન્નતિ સાધતાં સાધતાં તમે સમ્યગ્ જ્ઞાનમાં લીન થઇ જશો. તે સમયે તમને જે સુખની પ્રાપ્તિ થશે તે નિત્ય અને સ્થાયી હશે અને તે કદિ નષ્ટ થશે નહિ.

જે મનુષ્ય બીજાની સાથે પ્રેમ કરવામાં અને તેઓને લાભ પહોંચાડવામાં પોતાની જાતને બીલકુલ ભૂલી જાય છે તેને ઉચ્ચ કોટિનું સુખ મળે છે એટલુંજ નહિ પણ તે નિત્ય અને સ્થિર જગતમાં પ્રવેશ કરે છે, કારણ કે તેને ખરેખરો ઇશ્વરાનુભવ થાય છે. તમારા જીવન ઉપર એક દૃષ્ટિ નાંખો. તમને જ્ઞાન થશે કે તમારે માટે સૌથી અધિક સુખનો એ સમય છે કે જેમાં તમે કોઇને માટે દયાના શબ્દનો તમારા મુખથી ઉચ્ચાર કર્યો હોય, અથવા પરોપકારનું કાર્ય કર્યું હોય અથવા બીજાના હિતાર્થે તમારા સ્વાર્થની આહૂતિ આપી હોય.

આત્મિક દૃષ્ટિથી જોતાં સુખ અને સમતા પર્યાયવાચી શબ્દો છે. સમતા નૈસર્ગિક નિયમનું એક રૂપ છે જેનો આત્મિક પ્રકાશ પ્રેમ છે, સ્વાર્થ ધૃણિત અને નિંદિત વસ્તુ છે. સ્વાર્થપરાયણ મનુષ્ય નૈસર્ગિક નિયમથી પ્રતિકૂલ ચાલે છે. જેટલા પ્રમાણમાં આપણે સ્વાર્થત્યાગ કરીએ છીએ અને સાર્વપ્રેમનો અનુભવ કરીએ છીએ તેટલા પ્રમાણમાં આપણે નૈસર્ગિક ગુણોનું અનુકરણ કરીએ છીએ. આનું નામજ સાચું સુખ છે.

સંસારમાં સ્ત્રી પુરૂષો સુખની શોધમાં જ્યાં ત્યાં ભટકતા દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેઓને કયાંય પણ સાચાં સુખની પ્રાપ્તિ થતી નથી. વસ્તુતઃ જ્યાંસુધી મનુષ્યને એ વાતનો અનુભવ થતો નથી કે સાચું સુખ પોતાની અંદર અને ચોતરફ વિદ્યમાન છે ત્યાંસુધી તેને સુખની પ્રાપ્તિ નિતાંત અસંભવિત છે. સંસારમાં કોઈપણ એવું સ્થાન નથી કે જ્યાં સુખ ન હોય. પરંતુ હકીકત એટલીજ છેકે લોકો સ્વાર્થવશ બનીને તેને શોધે છે એટલા માટે તેઓને તે મળી શકતું નથી અને તેઓ હમેશાં તેનાથી વંચિત રહે છે.

જુઓ, એક સમર્થ કવિએ નિમ્નલિખિત શબ્દોમાં સાચાં સુખનાં રહસ્યનું કેવું સુંદર વર્ણન આપ્યું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સુખ પ્રાપ્ત કરવા માટે મહાન પર્વતો ઉપર થઈ ખેતરો અને બગીચાઓમાંથી નીકળી મોટા મોટા મેદાનોમાં સર્વત્ર હું ફરી વળ્યો. જોસબંધ વહેતી નદીઓ શીઘ્રતાથી ઓળંગીને હું પર્વતોના ઉંચા શિખરો ઉપર ચઢી ગયો. હું સર્વત્ર જલસ્થળમાં ભમ્યો, પરંતુ મને સાચું સુખ હાથ લાગ્યું નહિ. તે હમેશાં મારાથી દૂર રહ્યું. જ્યારે હું ચાલતાં ચાલતાં થાકી ગયો ત્યારે મેં લાચાર બનીને તેની પાછળ ભટકવું છોડી દીધું અને નદીના એક શાંત કિનારા ઉપર જરા આરામ લેવા માટે બેસી ગયો. એટલામાં એક મનુષ્ય મારી પાસે આવ્યો અને તેણે મારી પાસે કંઈક ખાવાનું માગ્યું. તેને આવ્યાને હજુ ઘણો વખત ન થયો એટલામાં એક બીજો માણસ આવી પહોંચ્યો અને તેણે કંઈક ભીક્ષા માગી. મેં ભૂખ્યા માણસને ખાવાનું આપ્યું અને ભીક્ષા માગનારને થોડા પૈસા આપ્યા. એ બન્ને માણસો ગયા પછી બીજા બે મનુષ્યો આવી પહોંચ્યા. તેમાંના એકને પ્રેમ અને સહાનુભૂતિની અને બીજાને આરામની ઈચ્છા હતી. મેં તે બન્ને મનુષ્યનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું અને બન્નેની જરૂરીઆતની યથાશક્તિ પૂર્તિ કરી. એટલામાં મારા જોવામાં આવ્યું કે ઉચ્ચ કોટિનું સાચું સુખ દિવ્ય રૂપમાં સ્વયમેવ મારી સામે આવી ખડું થઈ ગયું અને ધીમેથી કહેવા લાગ્યું કે હું તારૂં દાસત્વ સ્વીકારૂં છું અને સર્વદા તારે આધીન છું."

સાચું સુખ કોને કહેવામાં આવે છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે તે વાત ઉપરોક્ત શબ્દોથી સ્પષ્ટતઃ પ્રતીત થાય છે. તમારા ક્ષણિક અને કાલ્પનિક સુખની આહૂતિ આપી દો, અને તમને તત્કાળ નિત્ય અને સ્થાયી સુખની સંપ્રાપ્તિ થશે. જે સર્વ વસ્તુઓને પોતાના લાભની ખાતર ચાહે છે તેવા પરિમિત યાને સંકુચિત સ્વાર્થનો સર્વથા ત્યાગ કરો, અને તમે સ્વર્ગલોકમાં દેવતાઓની પાસે જઇ વિરાજશો અને તમારા અંગેઅંગમાં સાર્વપ્રેમનો ગુણ વિકસિત થઇ જશે. અન્ય લોકોનાં દુઃખ દૂર કરવામાં અને તેઓને લાભ પહોંચાડવામાં તમે તમારી જાતને બિલ્કુલ ભૂલી જાઓ અને તમને સઘળાં દુઃખોમાંથી છુટકારો મળી જશે. એક વિદ્વાનનું કથન છે કે "મેં માત્ર ત્રણ પગલે સ્વર્ગ લોકમાં પ્રવેશ કર્યો છે. પહેલું પગલું સદ્વિચારનું, બીજુ સદ્વચન અને ત્રીજુ સચ્ચારિત્ર્યનું. માત્ર એ માર્ગનું અનુકરણ કરવાથી તમે પણ સ્વર્ગમાં પ્રવેશ કરી શકશો. એ સ્વર્ગ બીજે કયાંય નથી, પરંતુ અહિંયાજ મોજૂદ છે; પરંતુ તે એ લોકોનેજ મળે છે કે જેઓ નિઃસ્વાર્થ બનીને કાર્ય કરે છે અને જે લોકોનું મન પવિત્ર બનેલું છે તેઓનેજ તેનું યથાર્થ જ્ઞાન થઇ શકે છે.

જો તમને આ અપરિમિત સુખની પ્રાપ્તિ ન થઇ હોય તો તમે હમેશાં તમારી સમક્ષ નિઃસ્વાર્થ પ્રેમનો ઉચ્ચ આદર્શ રાખવાથી અને તે પ્રાપ્ત કરવાની આકાંક્ષા કરતાં રહેવાથી તે પ્રાપ્ત કરી શકો એમ છો. આ પ્રકારની આકાંક્ષા એ ઉચ્ચ આકાંક્ષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એમાં આત્મા પરમાત્મા પ્રતિ આકર્ષાય છે, જ્યાં તેને નિત્ય અને સ્થાયી સુખની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારની ઉચ્ચ આકાંક્ષાથી વાસનાની નાશકારક શકિતઓ ઇશ્વરીય સ્થાયી શક્તિઓમાં પરિવર્તિત થઇ જાય છે. ઉચ્ચ આકાંક્ષા કરવી તે ઇચ્છા અને વાસનાઓની જાળમાંથી મુકત થવા બરાબર છે.

જેટલા પ્રમાણમાં તમે સ્વાર્થપરતાનો ત્યાગ કરશો અને તમે એક પછી એક લોભની જંજીરોને તોડશો તેટલા પ્રમાણમાં તમને ત્યાગના અનન્ય આનન્દનો અનુભવ થશે. તે સમયે તમને સ્વાર્થપરતા અને કૃપણતાનાં દુ:ખોની પ્રતીતિ થશે. જ્યારે તમે આ વાત સારી રીતે સમજશો ત્યારે તમને જ્ઞાન થશે કે લેવાની ઇચ્છા કરતાં આપવાની ઇચ્છા અધિક શ્રેષ્ટ છે. પરંતુ આપવાની ઇચ્છા ખરી હૃદયની હોવી જોઇએ એ વાત સ્મરણમાં રાખવી જોઇએ. તેમાં સ્વાર્થની લેશ પણ ગંધ ન હોવી જોઇએ. તેમજ બદલાની ઇચ્છા પણ ન હોવી જોઇએ. જે લોકો પવિત્ર અને નિ:સ્વાર્થ પ્રેમથી કોઇ વસ્તુ કોઇને આપે છે તેને હમેશાં સાચાં સુખની પ્રાપ્તિ થાય છે. જો કોઇને કાંઇ વસ્તુ આપ્યા પછી તમારા મનમાં એવો વિચાર આવે કે લેનાર માણસે તમને ધન્યવાદ ન આપ્યો અથવા તમારી પ્રશંસા ન કરી અથવા તમારૂં નામ સમાચારપત્રોમાં દાતાર તરીકે નથી પ્રસિદ્ધ થયું તો તમારે જાણવું કે તમે જે આપ્યું હતું તે કેવળ કીર્તિની ઇચ્છાથી લોકોને બતાવવાની ખાતર અને પ્રતિષ્ટા મેળવવા ખાતર આપ્યું હતું; પવિત્ર અને નિ:સ્વાર્થ પ્રેમની ખાતર આપ્યું નહોતું. તમે કાંઇપણ બદલો મેળવવાની ઇચ્છાથી આપ્યું હતું તે ખરી રીતે આપવું નહિ, પણ લેવું કહેવાય. એ દાન નહિ પણ એક પ્રકારનો વેપાર કહેવાય. દાન તો નિ:સ્વાર્થ બનીને જ આપવું જોઇએ. તેના બદલામાં કંઈ પણ મળે એવો વિચાર પણ મનમાં ન આવવો જોઈએ. બીજાની ભલાઇમાં તમે તમારી જાતને સર્વથા ભૂલી જવા પ્રયત્ન કરો. તમારા કાર્યોમાં સ્વાર્થની ગંધ પણ ન હોવી જોઇએ. એજ સાચાં સુખનું રહસ્ય છે. એનાથી જ અપરિમિત સુખની પ્રાપ્તિ થાય છે. સ્વાર્થપરાયણતાથી સર્વદા બચતા રહો અને ઇંદ્રિયનિગ્રહનો પાઠ દ્રઢતાપૂર્વક શીખતા રહો. આથી તમે એવાં અપરિમિત સુખ તથા અસીમ આનંદની પ્રાપ્તિ કરશો કે જે કદિ પણ નષ્ટ થશે નહિ.

જે હૃદય પ્રેમ, પવિત્રતા, સત્ય અને ઉદારતાથી પરિપૂર્ણ હોય છે તેજ સાચાં સુખનો અનુભવ કરી શકે છે. જેનું હૃદય ઉક્ત વસ્તુઓથી શૂન્ય હોય છે તેને સુખનો અનુભવ નથી થતો, કારણકે સુખ પ્રાપ્તિનો અને સુખાનુભવનો સંબંધ મન અને હૃદયની સાથે છે. લોભી મનુષ્ય કદાચ ક્રોડપતિ બની જાય, તોપણ તે હમેશાં નીચ, પતિત અને ધૃણિત રહેશે અને જ્યાં સુધી દુનિયામાં તેના કરતાં અધિક ધનવાન મનુષ્યો હશે ત્યાંસુધી તેઓને જોઇને તે પોતાને નિર્ધન જ ગણાશે. એથી ઉલ્ટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યનિષ્ટ અને દયાળુ મનુષ્ય પાસે ધનસંપત્તિ બિલ્કુલ નહિ હોય તોપણ તે સદા સુખી અને પ્રસન્ન રહેશે. વાસ્તવિક રીતે સંતુષ્ટ મનુષ્ય જ ધનવાન છે અને અસંતુષ્ટ મનુષ્ય નિર્ધન છે. વળી જે મનુષ્ય ઉદાર છે, અર્થાત્ પોતાની પાસે જે કાંઇ હોય છે તેનો બીજા લોકોને માટે ઉપયોગ કરે છે તે તેના કરતાં પણ અધિક ધનવાન છે.

જ્યારે આપણે વિચાર કરીએ છીએ કે દુનિયા કેવી કેવી ઉત્તમ વસ્તુઓથી ભરેલી છે અને મનુષ્યો લોભને વશ બનીને કેવળ પૈસા અથવા થોડી જમીન મેળવવાની ઇચ્છા કરે છે ત્યારે આપણને સારી રીતે જ્ઞાત થાય છે કે સ્વાર્થ મૂર્ખતા અને અજ્ઞાનતા સૂચક છે. એ વખતે આપણને એ પણ જ્ઞાત થાય છે કે સ્વાર્થપરતા આપણા નાશનું કારણ છે.

જુઓ, કુદરત કેટલી બધી ઉદારતાથી સર્વ વસ્તુ આપે છે છતાં સર્વ વસ્તુ તેની પાસે રાખે છે, એમાં જરાપણ ન્યૂનતા આવતી નથી. એથી ઉલ્ટું જે મનુષ્ય અતિશય લોભી બની પ્રત્યેક વસ્તુ મેળવવાની ઇચ્છા કરે છે તે છેવટે સઘળું ગુમાવી બેસે છે. તેથી જો તમે શ્રેય અર્થાત્ સાચું સુખ મેળવવા ચાહતા હો તો ભલાઇના બદલામાં બુરાઇ મળશે એ માન્યતા તમારા મનમાંથી કાઢી નાંખો. દ્રઢતાપૂર્વક માનો કે મને સચ્ચાઇના સિદ્ધાંત પર અટલ વિશ્વાસ છે અને હું એ સિદ્ધાંતને બદલે બીજો કોઇ સિદ્ધાંત સ્વીકારવા તૈયાર નથી. મને દ્રઢ શ્રદ્ધા છે કે ભલાઇનું પરિણામ ભલાઇજ આવે છે અને બુરાઈનું પરિણામ બુરાઈ આવે છે. ભલાઇનું પરિણામ બુરાઈ આવે એવું કદાપિ બની શકતું નથી. એમ માનવું એ પણ ભ્રમ અને અજ્ઞાનતા છે.

પ્રત્યેક અવસ્થામાં જે કાર્ય તમને યોગ્ય લાગતું હોય તે કરવા સદા તત્પર રહો. પરમાત્મા ઉપર અને અખિલ સંસારમાં વિદ્યમાન રહેલી તેની શકિત ઉપર શ્રદ્ધા રાખો. એ શકિત હમેશાં તમારી સાથે રહેશે, તમારૂં રક્ષણ કરશે અને તમને ત્યજીને ક્યાંય પણ જશે નહિ. આ પ્રકારની સમ્યક્ શ્રદ્ધા રાખવાથી તમારા દુઃખો અને કષ્ટો સુખરૂપમાં પરિવર્તિત થઇ જશે, અને જેજે વાતોનો તમને ભય રહે છે તે સર્વ તમારે માટે શાંતિ અને કલ્યાણનાં કારણરૂપ બની જશે. પ્રેમ, પવિત્રતા, સત્ય તથા ઉદારતાનો કદિ પણ ત્યાગ ન કરો, કારણકે એ ગુણો શ્રમ અને સાહસની સાથે જોડાઇને તમને કલ્યાણના માર્ગ ઉપર લઇ જશે. જે લોકો એમ માને છે કે "આપ સુખી તો જગ સુખી" અર્થાત્ પહેલુ પોતાનું ભલું કરવું, અને પછી બીજાનું, તેઓની એ માન્યતા ભૂલ ભરેલી છે. તમે આવી વાતો કદી પણ ન માનો. એનો એવો અર્થ છે કે બીજા લોકોની જરાપણ ચિંતા કરવી નહિ અને કેવળ પોતાનાં જ સુખ સાધનની ચિંતામાં લાગ્યા રહેવું. જે લોકો એમ કરે છે તેઓને માટે એક દિવસ એવો આવશે કે જ્યારે સર્વ લોકો તેને ત્યજી દેશે અને તે એકલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડ્યો પડ્યો દુઃખમાં સડતો હશે તોપણ કોઇ તેનું સાંભળશે નહિ અને તેને મદદ કરવા આવશે નહિ. બીજા લોકોનો લેશપણ વિચાર ન કરતાં કેવળ પોતાની જ ચિંતા કર્યા કરવાથી પ્રત્યેક ઉત્તમ અને શ્રેષ્ટ સુખ મનુષ્યથી હજારો કોશ દૂર રહે છે. તમારૂં દ્રષ્ટિબિંદુ વિશાળ બનાવો અને તમારાં હૃદયને બીજા લોકો પ્રતિ પ્રેમ અને સહાનુભૂતિ પ્રદર્શીત કરવા માટે ઉદાર બનાવો. એમ કરવાથી તમને અસીમ આનંદ તથા સ્થાયી અને ઉચ્ચ સુખની પ્રાપ્તિ થશે.

જે લોકો નીતિ અને સત્યતાનો માર્ગ તજી દેછે તેઓને બીજાઓથી પોતાનું રક્ષણ કરવાની જરૂર પડે છે, પરંતુ જેઓ નીતિ અને સત્યતાના માર્ગપર વિચરે છે તેઓને માટે એ પ્રકારના રક્ષણની બિલ્કુલ જરૂરત નથી. આ માત્ર કહેવાની જ વાત નથી. આજકાલ પણ એવા પુરૂષો મોજૂદ છે જેઓ સત્ય અને વિશ્વાસનું અવલંબન રાખી કદિપણ કોઇ પ્રકારના વિરોધની ચિંતા કરતા નથી, તેમજ કદાચ વિરોધ થાય તોપણ તેઓપોતાના માર્ગથી કદિ વિચલિત થતા નથી. આ કોટિના મનુષ્યો ઉન્નતિના શિખરે સત્વર પહોંચી જાય છે. જેઓ ઉક્ત પ્રકારના લોકોની સાંથે વિરોધ કરે છે અને તેઓને હાનિ પહોંચાડવાની ઇચ્છા રાખેછે તેઓ પરાજીત બની પાછા હઠે છે અને અવનતિની ઉંડી ખાઇમાં ગબડી પડે છે. જે અંતરંગ ગુણોને નીતિ અને ભલાઇ કહેવામાં આવે છે તે ગુણોથી મનુષ્ય પોતાની જાતને સુરક્ષિત રાખી શકે છે અને કસોટીને સમયે એથી પણ વધારે દ્દઢ બની જાય છે. એ ગુણોને તમારામાં ઉત્પન્ન કરવાથી તમને અક્ષય સુખ અને સફલતાની સંપ્રાપ્તિ થશે એમ જરૂર માનો.

# જગતને માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

લેખક—એક જૈન.

જે સાધુ વર્ગ ઉપર જૈન શાસનનો આધાર છે, તે વર્ગને કેળવવા માટે જૈન સંઘે કેવા કેવા સાધનો યોજવા જોઇએ તેનું દિગ્દર્શન અહીં કરવામાં આવે છે.

આ દિગ્દર્શનમાં જે પદ્ધતિ લીધી તે પદ્ધતિ નવીન છે અને એ નવીન પદ્ધતિ આપણા પ્રાચીન શાસનને તેના અસલ સ્વરૂપમાં પ્રકાશી આપે તેવી રીતે બંધ બેસતી કરવામાં આવી છે. આ કામ કરવા માટે પ્રાચીન કાળમાં કઈ પદ્ધતિ હતી અને તેવી પદ્ધતિથી કામ કરવાની શી યોજના છે? તે આ પછીના લેખમાં જોઈ શકાશે.

હાલના જમાનામાં આ નવીન પદ્ધતિ દરેક કામમાં સ્વીકારાવા લાગી છે. તેથી કામને વ્યાપક અને આકર્ષક કરી શકાય છે. તેમજ આંતરિક ખરેખરી શુદ્ધિ રાખવામાં પણ આ પદ્ધતિ સારી મદદ કરે છે. કેટલાક ખાસ સાધનોના અભાવે પ્રાચીન પદ્ધતિમાં બેસી રહેવું પડે છે, ત્યારે આ પદ્ધતિમાં તેવા સાધનો એકરીતે નહીં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી રીતે ઉપજાવી શકાય છે. આ પદ્ધતિ સારી રીતે અને સંપૂર્ણ રીતે અખત્યાર કરવામાં આવે તો કામ બહુજ ચિરસ્થાયી અને આકર્ષક બનતુંજ રહે છે તેને નરમ થવાનો સમર્થમાં સમર્થ આઘાત સિવાય પ્રસંગજ રહેતો નથી.

જૈન સાધુઓને અભ્યાસ કરાવવા માટે જો આ પદ્ધતિ યોજવામાં આવે તો જે આપણે ૧૦૦ વર્ષ પાછળ છીએ તો જમાનાની સાથે પણ થઈ શકીએ. ( અર્થાત્ બીજા તત્વજ્ઞાનો માફક જૈન ધર્મ પણ તેવીજ સ્થિતિમાં પોતાનું સ્થાન લે. )

આ સંસ્થાના ભાગો નીચે પ્રમાણે હોવા જોઇએ.

૧. અભ્યાસી ઉમેદવાર મુનિયો.
૨. આ મુનિયો નવા ઉત્પન્ન થાય અને આ શાળામાં કદી અભ્યાસી ઉમેદવાર મુનિયોની ખોટ ન પડે.
૩. શિક્ષણ ક્રમ.
૪. શિક્ષક વર્ગ.
૫. આંતર વ્યવસ્થા.
૬. બાહ્ય વ્યવસ્થા.
૭. નાણાંને લગતી હકીકત.
   ૧ વ્યવસ્થા. ૨ નવી ઉત્પન્ન કરવાની પદ્ધતિ.
૮. શિક્ષણ યોગ્ય પુસ્તકો તૈયાર કરાવવા.
૯. શિક્ષક વર્ગ મેળવવાની પદ્ધતિ.

## સ્થાન.

સ્થાન એવું હોવું જોઇએ કે જ્યાંના હવા પાણી સારાં હોય, અભ્યાસીઓને યોગ્ય ગોચરી મળી શકે, અભ્યાસ ને શિક્ષણના સાધનો સુલભ હોય, તેમજ વિદ્વાનોનો સહવાસ થઇ શકે તેવું સ્થળ પસંદ કરવું જોઇએ. જેમ બને તેમ નિરૂપદ્રવ સ્થાન હોવું જોઇએ, અયોગ્ય વાતાવરણ વાળું ન હોવું જોઇએ. અર્થાત્ જ્યાંનું વાતાવરણ એટલે વિદ્વાનોના અભિપ્રાયો ઉત્સાહવર્ધક હોય, ત્યાંની સ્થાયી પ્રજા પણ ઉત્સાહ વર્ધિની અને યથાશક્તિ સહાયદાત્રી, છેવટે પ્રેમની નજરે સંસ્થાને જોનાર હોવી જોઇએ. ગોચરી જૈન કે જૈનેતરને ત્યાંથી પણ સુલભ હોવી જોઇએ. આવું સ્થાન સ્થાયી તરીકે ખાસ પસંદ કરવું જોઇએ. કુદરતની મહેરવાળા હિંદુસ્થાનમાં આવું સ્થાન દુર્લભ ન હોવું જોઇએ.

## મકાન.

ઘણુજ વિશાળ મકાનની જરૂર છે જેમાં નીચે પ્રમાણે સમાવેશ થઈ શકવો જોઇએ.

૧. અભ્યાસી મુનિયો બબ્બે કે ત્રણ રહી શકે તેવી ગોઠવણવાળી રૂમો, ૫૦ હોય તો ૨૫, ને ૨૦ હોય તો ૧૦.
૨. કલાસવાર અભ્યાસ કરવાના હૉલો.
૩. વ્યાખ્યાન હૉલ.
૪. લાઇબ્રેરી.
૫. ગૃહસ્થ દિદૃક્ષુ કેટલાક શાસન સેવાના ઉદ્દેશથી અભ્યાસ કરનાર જૈન વિદ્યાર્થીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે રહેવાને રૂમો. ( મુનિઓના અને ગૃહસ્થોના અભ્યાસનો કૉર્સ સરખોજ રહેવાનો. શિક્ષકો પણ એના એજ રહેવાના. માત્ર રહેવાના મકાનો, શિક્ષણના સાધનો, જોઇતું ફરનીચર અને ખાનપાન માટે રસોડું ) આટલા વાનાં વધારે જોઇએ પણ તેટલા વધારાથી બીજી સામગ્રીનો લાભ લેનાર ડબલ માણસો થાય. (સાધુઓ-ગૃહસ્થો. )

૬. રસોડું, રસોડાને લગતો સામાન મુકવાના રૂમો, જમવાનો હૉલ, વિગેરે. બાબતોનો રસોડામાં સમાવેશ થાય છે.

**ઑફીસ**—૧ વહીવટ કરનાર મુખ્ય અધીકારીનો રૂમ.

૨ કારકુનો માટે અલગ રૂમ.

૩ ઑફીસનો સામાન કે સંસ્થાના સ્ટોર માટેનો ઓરડો.

૪ સામાન્ય કામ પુરતો પ્રેસ.

૫ શિક્ષણ કે તત્વજ્ઞાનને ઉપયોગી થાય તેવાં યાંત્રિક સાધનો.

૬ રિપૉર્ટર અને સમાજ સાથે સંબંધ ધરાવનાર અમલદારની ઑફીસ.

૭ શિક્ષણના પુસ્તકો કે બીજા સાધનો તૈયાર કરનાર જૈન જૈનેતર વિદ્વાનોને માટે ઑફીસ.

૮ જૈનમંદિર.

૯ વ્યાયામ માટે સ્થાન.

૧૦ જૈન આચાર-ક્રિયા કે નિત્ય કર્મ માટેનું સ્થાન.

૧૧ તમામ નોકરોનો સ્ટાફ રહી શકે તેવી સગવડતા વાળી ચાલી. તેમાં લગભગ એવી જાતની ગોઠવણ હોવી જોઇએ કે પાંચ રૂપીયાના પગારથી માંડીને એક હજાર સુધીનો પગારદાર પોતપોતાની અનુકૂળતા પ્રમાણે રહી શકે તેવી ચડતા ઉતરતા ક્રમ ને સગવડવાળી ચાલી હોવી જોઇએ.

૧૨ વીઝીટરોને ઉતરવાનું ને રહેવાનું સ્થાન.

તે સિવાય બીજા પરચુરણ રૂમો કે મકાનો જરૂર પ્રમાણે હોવા જોઇએ.

ધારોકે એક જૈન ગૃહસ્થ કે જૈન મુનિને એવી કોઇ પણ વ્યકિતના મનમાં એમ લાગ્યું કે જૈન શાસનના સ્થાયીત્વની અને વ્યવસ્થિતાની જરૂર છે. અને તેને અંગે ચાલુ વર્ગ ખાસ કેળવવો જોઇએ આ બાબત જ્યારે તેના ધ્યાનમાં આવે અને તે કામ કરવા તત્પર થાય.

તો પ્રથમ તો તે એક એવી જાહેર ખબર આપે કે ભવિષ્યની જૈન કોમને એવા જૈન સાધુઓ મળી શકે કે જેઓ જોઇએ તેવો ભાગ પોતાના કર્ત્તવ્યક્ષેત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી શકે તેવા તૈયાર કરવા માટે અમુક ગામમાં અમુક સ્થળે સગવડ છે. ત્યાં દરેકે ભણવા પધારવું. આ જાહેર ખબરથી કેટલાકને તો સંશયજ રહેવાનો કે ત્યાં શું સગવડ હશે, ત્યાં અભ્યાસ કેમ કરાવતા હશે. આપણી ઇચ્છા પ્રમાણેનો અભ્યાસ થઇ શકે નહિ ? ગુરૂઓના મનમાં એમ રહે કે આ શિષ્ય મારી પાસેથી આ શાળામાં અભ્યાસ કર્યા પછી મારો અનન્ય ભક્ત રહેશે કે નહિ ? એવા અનેક સંશયો થશે અને સંઘના આગેવાનો કે વિચારક જૈનોના મનમાં ખેદ થશે કે આવી નવી નવી પાયા વીનાની બીન ધોરણે સંસ્થાઓ ઉભી થાય છે તે કેવળ નકામી પૈસાનો ને વખતનો તેમજ દ્રવ્યનો દુર્વ્યય કરે છે અને સમાજના બંધનને શિથિલ થવાનાં કારણો આપે છે. શું સાધુઓ એકઠા થાય, અને ગચ્છ ગચ્છના હોવાને લીધે એકસંપીપણાથી રહે ? રહીને પણ નિયમિત અભ્યાસ કરે એ આ પંચમકાળમાં સંભવિત જણાતું નથી. આવા આવા તર્કો મનમાં ઘોળાવાથી કામને એક અવાજ મળતો નથી; પરંતુ જો નીચે પ્રમાણે જાહેરખબર બહાર પાડવામાં આવે તો કંઇક વિશ્વાસ અવશ્ય જામે, સંશયો ઓછા થાય અને કામ થાય.

## પ્રમાણિક જૈન પેપરમાં આપવાની જાહેર ખબર.

પરમ પૂજ્ય મુનિ મહારાજાઓને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે અમુક સ્થળે..........તરફથી જૈન મુનિ મહારાજાઓને યોગ્ય રીતે જ્ઞાન આપવાની સગવડ કરવામાં આવી છે, તે સગવડનો લાભ લેવા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોઇ પણ ગચ્છના મુનિ મહારાજશ્રી પધારશો.

૧ આ સંસ્થામાં પોતાના ગચ્છના ક્રિયાસૂત્રો અને અનુષ્ઠાનો પ્રમાણે વર્તતા કોઇ પણ મુનિ દાખલ થઇ સકશે.

૨ (અ) જેઓએ પ્રાથમિક વ્યવહારિક શિક્ષણ લીધું હશે તેમને આ શાળાનું પ્રાથમિક શિક્ષણ આપી મધ્યમ કૉર્સમાં દાખલ કરવામાં આવશે.

(બ) પ્રાથમિક બન્ને પ્રકારનું શિક્ષણ લીધેલ હશે તે બન્ને મધ્યમ કૅાર્સમાં સીધા જઇ શકશે.

(ક) એજ પ્રમાણે મધ્યમ કૅાર્સમાં તૈયાર હોય તેને ઉંચા ક્રમમાં દાખલ કરવામાં આવશે.

૩ જેનામાં ભણવાની શક્તિ ને અભ્યાસ લાયક જેની ઉમ્મર હશે કે જે જીજ્ઞાસુ કે મહેનતુ હશે તે આ શાળાના કોઇ પણ કૅાર્સમાં ( યથાયોગ્ય ) દાખલ થઇ શકશે.

૪ આ સંસ્થામાં દાખલ થનારે અમુક એક કૅાર્સ પુરો થાય ત્યાંસુધી અવશ્ય સંસ્થામાં દાખલ થતાં પહેલાં નિયમિત રહેવાનું વચન આપવું જોઈએ અને યોગ્ય લાગે તેની પાસેથી સંસ્થા વચનપત્ર પણ લખાવી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ આ સંસ્થા એવા સ્થળમાં છે કે જ્યાંના હવાપાણી સારાં ગણાય છે. મકાનની સગવડ પુરેપુરી છે. અભ્યાસને માટે તેમજ નિવાસ માટે પણ સગવડ ભરેલાં મકાનની ગોઠવણ કરવામાં આવી છે. ગોચરી–પાણી સુલભ છે. ગામના લોકો સંસ્થામાં દાખલ થનાર પ્રત્યે સારામાં સારો પ્રેમ જણાવે છે. મકાન એવી જગ્યામાં છે કે જ્યાં પરિચય અને શહેરની ગડબડ ઓછી છે; છતાં જરૂર પડયે વસ્તીમાં જલ્દી જઇ શકાય તેવી ગોઠવણ છે.

૬ અભ્યાસક્રમ સારામાં સારા વિદ્વાનો દ્વારા ગોઠવવામાં આવ્યો છે, તેમાંના મુખ્ય મુખ્ય વિષયો નીચે પ્રમાણે છે—

**ભાષાજ્ઞાન:**—સંસ્કૃત, પ્રાકૃત (સાથે માગધી, શૌરસેની, પીશાચી, અપભ્રંશ) ગુજરાતી, હિંદી, મહારાષ્ટ્રી, બંગાલી, ઇંગ્લીશ, પાલી, સામાન્ય ફારસી.

## સંસ્કૃત ભાષાના નિયમો નીચે પ્રમાણે.

**વ્યાકરણ**—માર્ગોપદેશિકા, શિક્ષિકા, લઘુવૃત્તિ, પરિભાષા, ન્યાસ, શેખર ને કૌમુદીને લગતો એકાદ ગ્રંથ, ભાષ્ય વિગેરે.

**ન્યાય**—ન્યાય પ્રવેશક, તર્ક સંગ્રહની ટીકાઓ, મુક્તાવલી, દીનકરી વિગેરે. ( આગળ વધારે નહીં )

**સાહિત્ય**—પ્રવેશિકા, કાવ્યાનુશાસન, કાવ્યપ્રકાશ, રસગંગાધર.

**કાવ્ય**—કથા કુસુમમંજરી, ગદ્યાવળી, પંચકાવ્ય, ઉપમિતિભવપ્રપંચા, તિલકમંજરી, દ્વાશ્રય, એકાદચંપૂ, કાદમ્બરી.

**નાટક**—કાલીદાસના શાકુંતલ વિગેરે; ભવભૂતિના ઉત્તર રામચરિત્ર વિગેરે, સત્ય હરિશ્ચંદ્ર વિગેરે રામચંદ્ર સૂરિના વેણીસંહાર; મૂદ્રારાક્ષસ.

**જ્યોતિષ**—પ્રાચીન જ્યોતિષ શાસ્ત્રનું મધ્યમ કોટીએ જ્ઞાન

**છન્દ**—છંદોમંજરી, વૃત્ત રત્નાકર, છંદોનુશાસન.

**દર્શન ગ્રંથો**—છ દર્શનના છ ભાષ્યો. ( છેવટે ભાષાંતરો ) પંચદશી, ગીતા, બૌધ દર્શનને લગતો એકાદ ગ્રંથ.

## પ્રાકૃત.

**વ્યાકરણ**—માર્ગોપદેશીકા, પ્રાકૃત વ્યાકરણ અને બીજા પ્રાકૃત વ્યાકરણોનું વાંચન.

**કાવ્ય**—વિજયચંદ કેવળી ચરિત્ર, પ્રાકૃત દ્વયાશ્રય, સમરાઇચ્ચકહા, સેતુબંધ, વસુદેવહીંડી, આગમમાં આવતા વર્ણનરૂપ ફકરાઓનો સંગ્રહ.

**છંદ**—પીંગળ.

**કોષ**—આગમના પારિભાષિક શબ્દોના અર્થો, તે સિવાય પ્રાચીન ભાષાઓ ઓળખવાની શક્તિ ખીલવવી. નાટકો કે જુના અપભ્રંશ રાસોની ભાષાનો પરિચય કરાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી.

**વ્યાકરણ**—રા. બા. કમલાશંકરના વ્યાકરણો (ત્રણે ભાગ) **અપભ્રંશ–જુની ગુજરાતી, ને નવી ગુજરાતીની** વ્યુત્પત્તિની તુલના.

**વાંચન**—ગુજરાતી ચોથી કે પાંચમીથી વાંચનમાલાએ, ગુજરાતી **સાક્ષરે**-ની કેટલીક ઉપદેશિક એને સમાજ સ્થિતિ, તથા દેશસ્થિતિ જણાવનારી ટુંકી વાર્તાએ, સારા સારા સાક્ષરોના નીતિભર્યા ગ્રંથો, સારા માસિકો, ન્હાનાલાલ કે બીજા સારા કવિના કાવ્યો.

( જે કોઈપણ ભાષામાં લખાયલા સારા સારા વિષયોનાં પુસ્તકો જો આ અભ્યાસક્રમમાં સ્વીકાર્યા હશે અને તેનું ગુજરાતીમાં ભાષાન્તર કે સ્વતંત્ર વિવેચન મળતું હોય તો તે દરેક વિષયનાં પુસ્તકો ગુજરાતી ભાષામાં કે હિંદીમાંજ ચલાવવા)

હિંદી, બંગાલી, મહારાષ્ટ્રી, ઇંગ્લીશ વિગેરે ભાષાનું મધ્યમ જ્ઞાન આ શાળા-માં કરાવવુંજ જોઇએ. જેથી કરી તે તે દેશના માસિકો, વર્તમાનપત્રકો કે પ્રામા-ણીક પુસ્તકો વાંચી શકાય. ઇંગ્લીશનું જ્ઞાન એવા રૂપમાં આપવું જોઇએ કે દરેક વિષયનાં પુસ્તકો બુદ્ધિમાન માણસ વાંચીને સમજી શકે. કેમકે હાલ આખી દુનિ-યાની એ ભાષા થઈ ગઇ છે, એટલે તેમાં જાણવા જેવા પણ વિષયોનાં કોઈ કોઇ પુસ્તક હોય તેમાં નવાઇ નહીં. તેવાં પુસ્તકોનું જ્ઞાન હોવું જોઇએ.

## જૈન શાસનને લગતા વિષયો—

### દ્રવ્યાનુયોગ—

**પ્રકરણો**—ચાર પ્રકરણ, કર્મગ્રંથ, લોકપ્રકાશ, વિશેષાવશ્યક ભાષ્ય સટીક તત્વાર્થ, પંચસંગ્રહ, કર્મ પ્રકૃતિ, સંગ્રહણી, ક્ષેત્ર સમાસ.

**ન્યાય**—

**નયવાદઃ**—નય કર્ણિકા, નય પ્રકાશ, નય સહસ્ય, નય પ્રદીપ, નયામૃતતરં-ગીણી, સપ્તભંગીતરંગીણી. બાકીના—ન્યાયાવતાર, સ્યાદ્વાદમંજરી, ષડ્દર્શન સમુ-ચ્ચય, પ્રમેયકોષ, અવતારીકા, તર્કણા.

**મોટાગ્રંથોઃ**—સમ્મતિ, સ્યાદ્વાદરત્નાકર, નય ચક્રવાલ, યશોવિજયજી મહા-રાજના પુસ્તકો.

**આગમઃ**—આચારાંગ, સૂત્રકૃતાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પસૂત્ર, પન્નવણા, નંદી, પયન્ના, વિગેરે.

**જયોતિષઃ**—સૂર્ય–ચંદ્ર પ્રજ્ઞપ્તિ.

**ચરણાનુયોગઃ**—

**આચારઃ**—ત્રણ ભાષ્ય, પંચપ્રાતક્રમણના અર્થ, સમાચારી પ્રકરણ, ઉપદેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહસ્ય, કલ્પ ભાષ્ય વ્યવહાર, ષોડશક, પંચાશક, પંચ વસ્તુ, ધર્મ સંગ્રહણી, ધર્મ પરીક્ષા, વિગેરે.

**વિધિ વિધાનઃ**—પ્રતિષ્ઠા વિધિ, યોગ વિધિ, ઉપધાન વિધિ, ભિન્ન ભિન્ન તપ કે ક્રિયાઓની વિધિઓ.

**અધ્યાત્મઃ**—આઠદષ્ટિની સઝાય, યોગદ્રષ્ટિ સમુચ્ચય, અધ્યાત્મોપનિષદ્.

**યોગઃ**—યોગ બિંદુ, યોગશાસ્ત્ર, સમાધિશતક, ઇંદ્રિય પરાજય, કે વૈરાગ્ય શતક, ઉપદેશ માલા, વિગેરે વિગેરે.

**કથાનુયોગઃ**—ઔપદેશિક, ઐતિહાસિક કથાઓનું તુલનાત્મક જ્ઞાન, તદ્યોગ ગ્રંથો રચાવીને ( આ અને આજ જાતનું બીજું કામ સંસ્થાએ નિયુક્ત કરેલા વિદ્વાનો દ્વારા કે, બહારના વિદ્વાનો દ્વારા સંસ્થા તરફથીજ જરૂર પડે તેવા તેવા તૈયાર કરાવી પસંદ કરીને અભ્યાસના કૅાર્સમાં યથાયોગ્ય ચલાવવા ) જેમાં શલાકા પુરૂષ ચરિત્ર વિગેરેનો સમાવેશ થાય છે.

**જૈન પ્રાણી શાસ્ત્રઃ**—જીવ વિચાર, જીવાભિગમ, પન્નવણાના તે વિષયને લગતા પદો, તેનું તુલનાત્મક જ્ઞાન.

**જૈન વિજ્ઞાનઃ**—પરમાણુવાદ, કર્મવાદ, વિગેરે હાલના તત્વજ્ઞાન સાથે મળતા હોય તે મૂળ સિદ્ધાંતોનું તુલનાત્મક જ્ઞાન.

**જૈન ઇતિહાસઃ**—હાલ જે સાધનો છે તેના ઉપરથી અભ્યાસ લાયક બુક તૈયાર કરાવી ચલાવવી. જેમાં ગચ્છો, સંપ્રદાયો, જૈન રાજાઓ, જૈન વસ્તીના સાલવાર પ્રમાણો, મહાન આચાર્યોની કારકીર્દીઓ, ગ્રંથોની રચના સાલો, મંદિરો વિગેરે પ્રાચીન ચીજોના પ્રામાણિક ઇતિહાસો, બીજાઓના ઇતિહાસ સાથે મુકાબલો અને તેઓની ભૂલ બતાવવી અને આપણા જાણવામાં ન હોય છતાં તેઓના ગ્રંથોમાં કે લેખોમાં આપણને ઉપયોગમાં આવે તેવા ઐતિહાસિક ભાગો સંગૃહીત કરેલા જેમાં હોય એવી જાતના ગ્રંથો તૈયાર કરાવી તેનું શિક્ષણ આપવામાં આવશે.

**જૈન ભૂગોળઃ**—શાસ્ત્રીય ગ્રંથોના અધ્યયન ઉપરાંત હાલ જેટલા સ્થળો ઉપલબ્ધ થતા હોય તેની શોધ કરાવીને તેને લગતા ગ્રંથો અને જૈન ભૂગોળની સામાન્ય રૂપરેખા અને મૂળતત્વોનું જ્ઞાન આપવામાં આવશે.

**જૈન ચૈતન્ય શાસ્ત્રઃ**—નંદી સૂત્ર, અને તેને લગતા ગ્રંથો જ્ઞાન બિંદુ વિગેરે તથા અન્ય ચૈતન્ય શાસ્ત્રો સાથે તુલના કરી જૈન ચૈતન્ય શાસ્ત્રની બુક તૈયાર કરાવી તેના સિદ્ધાંતોનું જ્ઞાન આપવું.

**જૈન નીતિ અને આચારઃ**—બાલક, સ્ત્રી, પુરૂષ, માતા, પિતા, મિત્ર, પુત્ર, શત્રુ, નોકર, શેઠ, સ્વતંત્ર ધંધો કરનાર, આગેવાન, વકીલ, વૈદ, ડૅાકટર, બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ જાતનો ધંધો કરનારા, ખેતી કરનારા, રાજ્યાધિકારીઓ, પ્રજાકીય પુરૂષો, વિગેરે સરલતાથી જૈન નીતીના નિયમો પાળી શકે અને તેવી રીતની તેની વ્યવસ્થા જૈન શાસ્ત્રના ગ્રંથોમાંથી અને દરેકની વર્તમાન સ્થિતિ તપાસી તેને અનુસરતા વિષયો વાળી બુકો તૈયાર કરાવીને શરૂ કરાવવી, જૈન મુનિઓ કે કોઇ પણ ત્યાગી થવા ઇચ્છનાર આ જૈન મુનિયોના નિયમો પાળે તો તેમાં કેટલો લાભ અને કેટલી સગવડ સાથે આનંદ વિગેરે છે, તે સિદ્ધ કરી બતાવનાર ગ્રંથ તૈયાર કરાવી ચલાવવો. તેના પણ અધિકાર પ્રમાણે વિભાગ થઇ શકે છે. અને શાસ્ત્રમાં પણ અનેક ધર્મ બતાવ્યા છે, શૈક્ષ, સ્થિવિર, ગણી, ઉપાધ્યાય, આચાર્ય, પન્યાસ, ગ્લાન વિગેરે; પુલાક, બકુશ, કુશીલ, પાસથ્થા, વિગેરે અનેક જાતના જૈન મુનિયો શાસ્ત્રમાં આવે છે અને તે દરેકના ધર્મો નિયત કરેલા છે.

**બહારના વિષયોઃ—**

**ભૂગોળઃ**—ઉપયોગી.

**ઇતિહાસઃ**—ઉપયોગી.

**સાઇન્સઃ**—ઉપયોગી, કેટલાક સિદ્ધાન્તો.

ગણિતઃ—ઉપયોગી. ( ઓછામાં ઓછું ગૉખલે ગણીત પુરૂં ).

**ખગોળ ને ભૂસ્તર વિદ્યાઃ**—ઉપયોગી ભાગ.

**અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તુલનાત્મક ભાષાશાસ્ત્ર, ગાથાશાસ્ત્ર, સમાજ શાસ્ત્ર.**

રાજકીય કાયદા કાનુનો ધાર્મિક બાબતને લગતા હોય તે ખાસ.

**આરોગ્ય શાસ્ત્રઃ**—અને જૈન આચાર વિચારોની તુલના સાથે.

**જૈન શિલ્પ શાસ્ત્રઃ**—મંદિર વિગેરેના શિલ્પનું જ્ઞાન. ( આ બાબતનો અભ્યાસ યતિશ્રી હિમતવિજયજી પાસેથી કોઇ વિદ્યાર્થી દ્વારા કરાવવો જોઇએ. )

**પ્રેકટીસઃ—**

**આરોગ્યનું જ્ઞાનઃ**—સાથે શરીર સાચવવાના નિયમોની પ્રેકટીસ અનુભવીઓની દેખરેખ નીચે આપવાની.

**ક્રિયાઃ**—જૈન ક્રિયા અને આચારોની અધિકાર પ્રમાણે ક્રમસર આનંદ સાથે ટેવ પડાવવી.

**વકતૃત્વઃ**—વ્યાખ્યાન—કોઇ પણ ગ્રંથનું વ્યાખ્યાન કઇ પદ્ધતિથી કરવું તેની ખાસ પ્રેકટીસ કરવાની.

**ભાષણઃ**—કોઇ પણ પ્રસંગે વિષય અને પ્રસંગને અનુસરી કેવી રીતે બોલવું તેની પ્રેકટીસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વ્યાયામ**:—જૈનક્રિયા દ્વારા પહોંચતા વ્યાયામનું જ્ઞાન, શાસ્ત્રમાં છુટ હોય તો નિર્દોષ વ્યાયામની પ્રેકટીસ આવશ્યક છે. કેમકે બ્રહ્મચર્ય પાળવામાં ખાસ ઉપયોગી છે.

**બ્રહ્મચર્ય**:—બ્રહ્મચર્ય સહેલાઇથી અને ખાસ હૃદયની ખુશીથી પાળી શકાય અને શરીરને પણ નુકશાન ન થતાં હમેશાં સારો ફાયદો રહે તેવા નિયમો, તેવી ખાનપાનની નિયમિતતા વિગેરે અનુભવી વિદ્વાનો દ્વારા સંશોધન કરાવી મુનીધર્મને બાધ ન આવે તેવી રીતે વ્યવસ્થિત ગોઠવી તેનું સહેલું જ્ઞાન આપવું.

**વિહારની પ્રેકટીસ**:—અમુક વખતે દર વર્ષે અમુક માઇલનો વિહાર કરવો, અને તેમાં શું શું કામ કેવી કેવી પદ્ધતિથી કરવું એ વિગેરે સંસ્થા તરફથી નક્કી કરાવી તેની પ્રેકટીસ કરાવવી.

**સેવા વૃત્તિ**:—પરસ્પરને કેમ મદદગાર થવું, વડીલો પ્રત્યેની પોતાની શી શી ફરજ છે. જે સંસ્થામાં રહેતા હોઇએ, તેમજ જે ગુરૂકુળમાં કે અનેક સાધુના સમુદાયમાં અભ્યાસ નિમિત્તે કે શાસનના કોઇ પણ કાર્ય નિમિત્તે રહેવું હોય તો કઇ રીતે રહેવું તેની સમજુતી આપવી, તેને માટે કાયદાઓ શાસ્ત્રકારોએ અનેક ગ્રંથમાં બતાવેલ છે તેમાંના કાયદાઓ સંસ્થાને ઉપયોગી થાય તેવા લેવા અને તેને શાળાના કાયદા તરીકે સ્વીકારી લઇ ક્રમ પ્રમાણે ગોઠવીને પાળતા શીખવવા.

તેમજ મુનિધર્મમાં સ્થિત થઇને ક્યા ક્યા શાસનના કામો હાથ ધરવા તેનો પણ નિર્ણય કરી આપવાનો.

તેમજ પાછલી નિવૃત્તિમય જીંદગી કેવા રીતે વ્યતીત કરવી તે પણ સમજ આ સંસ્થામાંથી તૈયાર થઇ બહાર નીકળેલ મુનિ મહારાજાઓમાં અવશ્ય જોઇ શકાશે.

આ અભ્યાસના વિષયો જણાવ્યા છે તેના ઉપરથી ધોરણો તૈયાર કરીને શરૂ કરવાના છે. લગભગ આ શિક્ષણના ત્રણ ભાગ મુખ્ય પડશે. પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચ. પ્રાથમિક શિક્ષણના લગભગ ૫ વર્ષ રહેવાના, માધ્યમિકના લગભગ ત્રણ કે ચાર વર્ષ રહેવાના, અને ઉચ્ચ શિક્ષણના ત્રણ કે ચાર વર્ષ રહેવાના. આટલા વર્ષ અભ્યાસ કર્યા પછી કોઇ પણ મહાન બુદ્ધિમાન વ્યક્તિઓ આગળ અભ્યાસ વધારે તો અમુક અમુક એક એક વિષયના પ્રખર વિદ્વાન થઇ શકે, તેની સંખ્યા જો કે નાની થાય, પણ તેવી નાની સંખ્યાનો જ્યારે બીલકુલ અભાવ છે. ત્યારે એવી મહાન મહાન વ્યક્તિઓની નાની સંખ્યા મળે તો પણ ઘણોજ મોટો લાભ થાય. કદાચ કોઇ એવી વ્યક્તિ આ શાળામાં દાખલ થઇ જાય તો ત્રણે કૉર્સ પુરા કરી અને અનેક એક એક વિષયની પરીક્ષા આપી મહાન સમર્થ વિદ્વાન વ્યક્તિ આપણને મળી આવવા સંભવ ખરો કે? ઓછી બુદ્ધિના, ઓછી ધીરતાવાલા થોડું થોડું ભણીને ચાલ્યા જાય, તેથી પણ નુકશાન શું? કેમકે પ્રાથમિક ધોરણોની ગોઠવણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવીજ રાખવી જોઈએ કે થોડું થોડું ઉપયોગી શિક્ષણ તો તેને મળી જાય. તેની તેટલી યોગતા છે જેમાં શક્તિ હોય, તેજ આગલા ધોરણમાં ચડી શકે એટલે ધોરણોની ચાલણી રાખવાથી યોગ્ય યોગ્યજ તેમાં ચળાઇને આવશે, એટલે યોગ્યા-યોગ્યનો વિચાર કરવાનોજ નહીં રહે, અને જે જે આગળ ધોરણોમાં જશે તે અયોગ્ય હશે તો પણ તેવી જાતના શિક્ષણના બળથી તે પથ્થર પણ હીરો બનશે.

ઉપર પ્રમાણે અભ્યાસ કરી શકાય તેવી ગોઠવણ આ સંસ્થામાં રાખવામાં આવી છે. અને સગવડો પણ પૂર્ણ રાખવામાં આવી છે જેની સમજ નીચેની હકીકત વાંચવાથી માલુમ પડશે.

# દવા કરાવવા કરતાં પથ્ય પાલન ઉત્તમ છે.

( Preventive is better than cure. )

આપણું શરીર નિરોગી રાખવા જૂદી જૂદી ઋતુમાં શાસ્ત્રોક્ત પથ્યસેવન વધારે હિત કરે છે. વર્ષા ઋતુમાં લવણ ( ક્ષાર–મીઠું ), શરદ ઋતુમાં જળપાન, હેમન્ત ઋતુમાં ગાયનું દૂધ, શિશિર ઋતુ–શીયાળામાં આમ્લક રસ ( ખટાશ ), વસન્ત ઋતુમાં ઘી અને ગ્રીષ્મ ઋતુમાં ગોળનું સેવન અમૃત તુલ્ય કહ્યું છે. દરેક ઋતુ બે બે માસ સુધીની સમજવી. તે તે ઋતુમાં તે તે વસ્તુનું સેવન બીજી જાતની દવા કરતાં અધિક ગુણકારી કહેલ છે. અનુભવ કરવાથી ચોક્કસ ખાત્રી થઇ શકે તેમ છે. નકામી ભ્રષ્ટ દવાઓથી તેમજ તેના ગેરવ્યાજબી ખર્ચના બોજામાંથી બચવાની ઇચ્છા જ હોય તો ઉપરની વાતનો અલ્પ પ્રયાસે જ અનુભવ મેળવી શકાશે અને પોતાને તેની ચોક્કસ ખાત્રી થયે પરોપકાર બુદ્ધિથી અન્ય જનોને પણ તેનો લાભ સહેજે મળે તેવી પેરવી ઉમંગથી કરી શકાશે. આજકાલ ખરી વસ્તુનું જ્ઞાન ( સમજ ) નહિ હોવાથી અનેક જનો પોતાના જ હાથે નવાં નવાં દુ:ખ વહોરી લે છે. તેની ચોક્કસ સમજ મળતાં, પ્રમાદ–આળસ તજી શ્રદ્ધા–વિશ્વાસ રાખી એકાદ વખત ધીરજ અને ખંતથી તેનો અનુભવ કરી જોનાર સહેજે દુ:ખમાંથી મુક્ત થઈ શકે છે. લોભી લાલચુનાં સ્વાર્થભર્યાં વચન કરતાં નિર્લોભી અને નિસ્પૃહી એવા જ્ઞાની પુરુષોનાં કેવળ પરમાર્થ બુદ્ધિથી શાસ્ત્રદ્વારા આવેલાં એકાન્ત હિતકારી વચન ઉપર અધિક આસ્થા–શ્રદ્ધા–પ્રતિતી લાવવી જરૂરની છે. તેથીજ પોતાને તથા પરને અતુલ લાભ થવા પામે છે. તે વગર અત્યારની જેવી ગતાનુગતિકતાથી તો પારાવાર નુકશાન જ થાય છે. તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું જણાતું નથી. જો કંઇ હૈયે સાન આવતી હોય તો તેવા પારાવાર નુકશાનમાંથી બચવા પ્રયત્ન કરવાની જરૂર છે.

ઇતિશમ્.

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મનને નિરાકુળ રાખવાની ઘણીજ જરૂર છે.

પ્રયત્નથી મનની પ્રસન્નતા જાળવી શકાશે અને નિજ હૃદય કમળ ખીલવાથી અપૂર્વ સુવાસ સાથે શાન્તિ અનુભવી શકાશે. આધિ વ્યાધિ અને ઉપાધિથી જીવ આકુળ વ્યાકુળ બને છે. મનનો રોગ–ચિન્તા એ આધિ, શરીરનો રોગ–ક્ષયાદિક વ્યાધિ અને જેનાથી એ આધિ વ્યાધિ પેદા થાય છે, તે રાગદ્વેષ મમત્ત્વાદિક કર્મ એ ઉપાધિ. એ ત્રણે દોષોને જીતવાની કુંચી જાણવી જોઈએ. ઘણેભાગે અનુભવી શકાશે કે જેને રાગદ્વેષ મમત્ત્વાદિક ઓછાં હશે. અને ઇન્દ્રિયો ઉપર કાબુ હશે તેનું શરીર સારૂં નિરોગી હોવા સાથે મન પણ પ્રસન્ન નિરાકુળ બન્યું રહેવાથી તે શાન્ત રસનો સ્વાદ મેળવી શકે છે. પરંતુ જેનામાં રાગ દ્વેષ મમત્ત્વાદિક વિકાર વધારે હશે, ઇન્દ્રિયો મોકળી હોવાથી ગમે તે વિષય તરફ સ્વેચ્છાથી ફરી શકતી હશે તેનું શરીર વિવિધ વ્યાધિને ભોગ થઈ પડવા ઉપરાંત મન પણ ખેદ–કંટાળાથી ભરેલું અને આકુળતાવાળું બન્યું રહેવાથી ખરી શાન્તિથી તે બેનશીબજ રહે છે. યથાર્થ જ્ઞાનવડે જીવ હિતાહિત સમજી શકે છે. જેમ ઝેર–વિષ ભક્ષણથી જીવિતનો અંત થાય છે ખરો, પણ તેજ વિષને ઔષધિ વડે મારવાથી તે રસાયણરૂપ બની જીવિતનું રક્ષણ કરે છે, તેમ માઠા–અપ્રશસ્ત રાગાદિકનું સેવન કરવાથી એટલે અનિત્ય અશુચિ અને જડ એવા દેહાદિક પદાર્થો ઉપર મિથ્યા મમત્ત્વાદિક ધારણ કરવાથી આત્માનું બગડે છે, પરંતુ શાશ્વત અને પવિત્ર એવી આત્મ જ્યોતિ જેમને પ્રગટ થઇ છે એવા અરિહંત સિદ્ધાદિક પરમાત્મ દશાને પ્રાપ્ત થએલા પરમ પુરૂષને ગુરૂકૃપાથી યથાર્થ ઓળખી, તેનામાં અનન્ય શ્રદ્ધા–પ્રેમ જાગૃત કરી તેનું એકાગ્રપણે ધ્યાન–ચિન્તવન કરવાથી આત્માનું શ્રેય અવશ્ય સધાય છે. અન્ય ચિંતા જાળને ટાળી પરમાત્મજ્યોતિને તન્મયપણે ધ્યાનાર પોતેજ જ્યોતિરૂપ થાય છે. પ્રથમ પ્રશસ્ત રાગાદિકવડે અપ્રશસ્ત રાગાદિક ટાળી શકાય છે, પછી મરૂદેવી માતા તથા ગૌતમસ્વામીની પેઠે પરમજ્યોતિનુંજ તન્મયપણે ચિન્તવન કરતાં તત્કાળ પ્રશસ્ત રાગાદિકનો પણ સહેજે અંત થઇ શકે છે. મનને સ્થિર શાન્ત નિરાકુળ કરવાથી જ નિજ શ્રેય સધાય છે.

ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## આપણી ઉન્નતિનો સરલ–સુગમ માર્ગ.

સંયમ અથવા આત્મનિગ્રહવડે આપણી ઉન્નતિનો માર્ગ સરલ–સુગમ બનશે. સંયમ એટલે નિજ ઇન્દ્રિયનો નિગ્રહ. સંયમ એટલે ક્રોધાદિક કષાયનો નિગ્રહ. સંયમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે મન વચન અને કાયાનો નિગ્રહ અને સંયમ એટલે હિંસા, અસત્યાદિક પાપનો નિગ્રહ. જેટલે અંશે સંયમનું અધિક સેવન યા પાલન કરાય તેટલે અંશે આપણી ઉન્નતિમાં આપણે અધિક આગળ વધી શકશું. ઇન્દ્રિયનિગ્રહ એટલે આપણી દરેક ઇન્દ્રિયોને અસત્ માર્ગે પ્રવર્તતાં નિવારીને કબજે રાખવી. ઇન્દ્રિયોને કબજે રાખતાં શિખવાથી આપણે કંઇક બીનજરૂરી વસ્તુઓ વગર ચલાવી શકીએ, એટલે ક્રોધ લોભ વશ નહીં થતાં સમતા અને સંતોષવડે આપણો જીવન-નિર્વાહ સ્વલ્પ વસ્તુઓથી ચલાવી શકશું. એવી રીતે ટેવાઇ જવાથી આપણી રૂડી સમજ સાથે સંતોષવૃત્તિથી આપણે ઘણાએક પાપ-પ્રપંચાચરણથી સહેજે બચી શકશું અને ન્યાય નીતિ અને પ્રમાણિક વ્યવસાયથી કરેલી કમાઇવડે સુખે સ્વ-કુટુંબ નિર્વાહ ચલાવવા ઉપરાંત બીજા અલ્પ સત્ત્વવાળા બંધુઓને તથા બ્હેનોને પણ તે વડે કંઇક યોગ્ય આલંબન આપવા આપણે સમર્થ થઇ શકશું. ઇન્દ્રિય-નિગ્રહવડે મન પણ સ્થિર થઇ શકશે, રાગ દ્વેષ અને કષાયથી દૂર રહેવાશે અને યથાપ્રાપ્તમાં સંતોષ રાખી શકાશે, જેથી ક્ષમા-સમતા-મૃદુતા (નમ્રતા) અને સરલતાદિ ગુણો ખીલી શકશે. વળી ઇન્દ્રિય અને કષાયનિગ્રહ યોગે મન વચન અને કાયા અથવા વિચાર, વાણી અને આચારની શુદ્ધિ સાચવી શકાશે. અસત્-મલીન વિચાર, વાણી અને આચાર ખરી ખંતથી સુધારી લેવા તે સંયમ. મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષાભાવથી વિચારાદિની શુદ્ધિ સહેજે થઇ શકશે. સર્વ કોઇનું હિતચિન્તવન કરવાને બદલે અહિત-અનિષ્ટ ચિન્તવન કરવું, દીન-દુઃખીને યથાયોગ્ય સહાય કરવાને બદલે તેની ઉપેક્ષા કરવી, સુખી કે સદ્ગુણીને દેખી સંતુષ્ટ થવાને બદલે મનમાં ખેદ ધરવો અને અત્યંત કઠોર કર્મ કરનારની ઉપેક્ષા કરવાને બદલે તેને અનુમોદન મળે એમ વર્તવું એ ખરેખર વિચાર, વાણી અને આચારની મલીનતા ઉપજાવનાર અને વધારનાર બને છે એમ સમજી ઉપરોક્ત મૈત્રી, મુદિતાદિ ભાવનાનો દ્રઢ આશ્રય કરી વિચારાદિની શુદ્ધિ કરવી ઘટે છે. એ રીતે આત્મનિગ્રહ કરવાથી હિંસાદિ પાપથી સહેજે નિવર્તી અહિંસાદિનો લાભ લઇ શકાય છે. આત્મઉન્નતિ કરવા ઇચ્છનારે સર્વ પ્રકારની ( કાયિક વાચિક અને માનસિક ) હિંસાદિકથી દૂર રહેવું જોઇએ. સર્વ જીવોને આત્મ સમાન જ લેખી ગમે તે કાર્ય કરતાં તેમની રક્ષા કરવી જોઇએ. પ્રિય અને હિત-રૂપ થાય એવું સત્ય ઉચ્ચરવું જોઇએ અને અપરાધીનું પણ અહિત નહીં ચિન્તવતાં તેનું કોઇ રીતે હિત થઇ શકે તો કરૂણા દ્રષ્ટિથી તે કર્તવ્ય છે. ઉદાર દિલથી સ્વાર્થત્યાગરૂપ સંયમનું સંસેવન કરવાથી આપણે આપણી ઉન્નતિ સહેજે સાધી શકશું.

ઇતિશમ્.

**લે૦ મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# आत्म विशुद्धि-विचारणा.

( સોરઠ. )

જીયા ! કરલે કચ્છુ આત્મ વિશુદ્ધિ, પ્રકટે ઘટમાંહિ સુબુદ્ધિ. જીયા.
માનવ દેહ અનુપમ પામી, વ્યર્થ તું શાને ગુમાવે;
દશ વિધ દુર્લભજ્ઞાની ગણાવે, શોચ સુહૃદ ! સદ્ભાવે. જીયા.
ચિત્ર વિચિત્રતા જાનો જગની, સ્વપ્નના ખેલ સમાની;
અથવા બાદલ છાંયડી દેખો, પેખો મેઘ કમાની. જીયા.
પુદ્‌ગલ ભાવમાં રક્ત તું પ્રાણી, મોહે મદાંધ બનેલો,
**अहं** અને **मम** મંત્રના યોગે, ભોગ થયો તું છકેલો. જીયા.
**नाहं न मम** પ્રતિ મંત્રની, સાધના ઘટમાં થાશે;
સ્વ સ્વરૂપ પ્રકટાવવા તાહરી, પ્રવૃત્તિ સફલ ગણાશે. જીયા.
ક્રોધ માન માયા વળી લોભને, છોડ હવે તું શાણા.
રત્નચિન્તામણી સહેજે પામી, વિપ્રપણું તજવાણા. જીયા.
વર્ત્તમાન ભૂત ભાવિ તણું કર, ચિન્તન શુદ્ધ હૃદયથી;
તારણ તેહમાં સત્ય જે ભાસે, ગૃહણ કરો દઢ મનથી. જીયા.
આત્મહિત પરહિત દેશહિત, કરવા ઇચ્છા જાગે;
ફોરવ વીર્ય વિવેકવિલાસી, **सोहं** રટના લાગે. જીયા.

દાદાની બિલ્ડિંગ
મુંબઇ.

વેલચંદ ધનજી-કાપડીયા

# વિનોદસૂરિની સત્યતા.( ? )

વિનોદસૂરિજી નામની જૈન સમાજથી ઘણે ભાગે અજ્ઞાત કોઇ વ્યક્તિએ પોતાના સ્વાર્થીપણાને લઇને મુંબઇમાં પ્રગટ થતા 'મુંબઇ સમાચાર' તેમજ 'લોકમિત્ર' નામના પત્રમાં એક લેખ પ્રગટ કર્યો છે. તેમાં જણાવ્યું છે કે-'રેલ વિહારમાં કોઇપણ શાસ્ત્રીય બાધ નથી' આ પ્રમાણે ઉલ્લેખ કરી 'સ્વર્ગસ્થ મહાત્મા શ્રી વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજે પ્રથમ પંજાબ જતાં રેલ વિહાર કર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો ' આ પ્રમાણે લખવાની પણ અસત્ય હિંમત કરી છે. અસ્તુ. ! આ પ્રસંગે અમો ' રેલ વિહારમાં શાસ્ત્રીય બાધ છે યા નહીં ? ' એ સંબંધી ચર્ચામાં ઉતરવા માંગતા નથી. ફક્ત ' ઉપરોક્ત મહાત્માએ રેલ વિહાર કર્યો હતો યા નહિં ' એ સંબંધી બીના જૈન સમાજની જાણની ખાતર રજુ કરવા ઇચ્છા રાખીએ છીએ કે જેથી ભાવિમાં સમાજનું ધ્યાન આવી અપ્રમાણિક વ્યક્તિઓના પ્રમાણરહિત લેખ તરફ દોરાય નહિં.

અહીંઆ ( પાલીતાણામાં ) વિરાજમાન તેઓશ્રીના સુશિષ્ય પ્રવર્તક શ્રીમાન્ કાંતિવિજયજી મહારાજાદિ મહાત્માએ કે જેઓનો દીક્ષા પર્યાય બેંતાલીસ વર્ષનો થઇ ગયો છે અને જેઓએ તેઓશ્રીની વર્ષોસુધી સાથે વિચરી સેવા ઉઠાવી છે તેઓને પૂછતાં જણાયું છે કે–' રેલવિહારની વાત તો દૂર રહી; પરંતુ વિહારમાં પણ કોઈ દિવસ તેઓશ્રીએ કપડાંના મોજાંનો પણ સ્વીકાર કર્યો નહોતો. ' સમાજ આથી જાણી શકશે કે–વિનોદસૂરિજીએ પોતાના લેખમાં જે ઉલ્લેખ કર્યો છે તે તદ્દન જ કપોલ કલ્પિત છે. નહિ તો આત્મારામજી મહારાજે પ્રથમ પંજાબ જતાં રેલવિહાર જે સંવતમાં કર્યો તે સંવત તેમજ ગુજરાતના જે સ્ટેશનથી ટીકીટ લઇને પંજાબના જે સ્ટેશને ઉતર્યા તે સ્ટેશનના નામનો પોતાના લેખમાં અવશ્ય ઉલ્લેખ કરત.

જો મર્હૂમ મહાત્માએ રેલ વિહાર કર્યો હોત તો જૈન સમાજમાં તેને અંગે અવશ્ય ખળભળાટ થયો હોત, તેમજ તે સંબંધી ચર્ચા પણ તે વખતનાં છાપાંમાં ચાલી હોત. પરંતુ તેમ થયું નથી એજ તેઓશ્રીના રેલવિહાર નહિં કર્યાનું અચુક પ્રમાણ છે.

ઉપરોક્ત બીનાને ધ્યાનમાં લઇને જો વિનોદસૂરિજી પોતાના ઉલ્લેખને સિદ્ધ કરવા માટે પ્રમાણો ઉધ્ધૃત કરશે તો અમે તેનું પ્રમાણવિરહિતપણું યોગ્ય રીતે કરવા ચુકીશું નહિં.

અંતમાં એટલું લખવું વધારે પડતું નહિં લેખાય કે–' વિનોદ સૂરિજી કયા ગચ્છના ? અને કોના શિષ્ય છે ? અને તેમણે કઇ સાલમાં અને કયા ગામમાં દીક્ષા લીધી ? તેમજ કયા આચાર્ય પાસે અથવા કયા ગામના સંઘ પાસે કયા ગામમાં ક્યારે આચાર્ય પદવીથી ભૂષિત થયા છે ? ' આ સંબંધી જિજ્ઞાસા જૈનસમાજમાં કેટલાકોને ઉત્પન્ન થઇ છે. આશા છે કે સૂરિજી સ્વયં સમાજની આ અભિલાષાને તૃપ્ત કરશે.

પુણ્યવિજય. ( પાલીતાણા. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## પૂજ્યપાદ શ્રીમાન્ મૂળચંદજી મહારાજની જયંતી.

ઉક્ત મહાત્માની માગશર વદી ૬ના રોજ સ્વર્ગવાસ તીથી હોવાથી ગુરૂભક્તિ નિમિત્તે આ સભા તરફથી આ શહેરમાં દાદાસાહેબમાં કે જ્યાં આગળ પૂજ્યપાદ ગુરૂરાજની પાદુકા છે ત્યાંના જિનમંદીરમાં પૂજા ભણાવવા તેમજ આંગીભાવના તેમજ સ્વામીવાત્સલ્ય વગેરે કરી જયંતી ઉજવી ગુરૂભકિત કરવામાં આવી હતી, પૂજા આંગી સ્વામીવાત્સલ્ય વગેરે શેઠ નાગરદાસ તથા ઉજમશીભાઇ પુરૂષોતમદાસ રાણપુરવાળા તથા શેઠ ઝવેરભાઇ ભાઇચંદ ભાવનગરવાળા તથા શેઠ હાવા દેવજી પરવડીવાળા વગેરે તરફથી આવતી રકમમાંથી કરવામાં આવેલ હતું.

## ગામ ખુડાલા ( મારવાડમાં ) શ્રી આત્મવલ્લભ જૈન લાઇબ્રેરીની સ્થાપના.

શ્રીમાન્ પંન્યાસજી મહારાજશ્રી ઉમંગવિજયજી તથા મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજીના ઉક્તગામમાં પધારવાથી ત્યાંના શ્રી સંઘે પાવાપુરી તથા શ્રી શત્રુંજયની રચના કરવાસાથે અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કર્યો હતો મૌનએકાદશીના રોજ ઉપરોક્ત જણાવેલ લાઇબ્રેરીની સ્થાપના ઉકત મહાત્માના પવીત્ર હાથે થયેલ છે મહોત્સવ પૂર્ણ થયા બાદ મંદીરજીના હિસાબની ચોખવટ પણ કરવામાં આવશે. ઉકત લાઇબ્રેરીનું સ્થાપન કરી પંન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજે ખરેખરી ગુરૂભકિત દર્શાવી છે.

## શેઠ મોતીચંદ હેમરાજનો સ્વર્ગવાસ

જામનગર નિવાસી અને વેપારઅર્થે મુંબઇ રહેતાં ઉકતબંધુ સુમારે બાવન વર્ષનાવયે ટુંક માંદગી ભોગવી હમણાં થોડા દિવસ ઉપરજ મુંબઇમાં પંચત્વ પામ્યા છે. તેઓ સ્વ ભાવે સરલ, શાંત, મળતાવડા અને દેવ, ગુરૂ ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાળા હતા અને ખરેખરા તેઓ એક દાનવીર હતા. આ સભાના તેઓ લાઇફમેમ્બર હોવા સાથે પૂર્ણ પ્રેમ ધરાવતા હતા. સ્વર્ગવાસી પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજના પૂર્ણ ભકત હતા, જેથી તે મહાત્માની સ્વર્ગવાસ તીથી જેઠ શુદ ૮ ના રોજ શ્રી શત્રુંજય ઉપર તે મહાત્માની જ્યાં મૂર્તિ પ્રતિષ્ઠીત કરેલ છે તે સ્થળે દરવર્ષે એટલે શત્રુંજય ઉપર મોટી ટુંકમાં પૂજા, આંગી લાઇટ ભાવના વગેરે તેમજ સ્વામી વાત્સલ્ય કાયમ ઉપરની તીથીએ થયા કરે તેને માટે એક સારી રકમ ગઈ શાલ આ સભાને ભેટ આપવાનું કહી ગયેલ છે તેઓ એક અનન્ય ગુરૂ ભકત હતા તેઓના સ્વર્ગવાસથી આ સભાને તેમની પૂર્ણ ખોટ પડી છે ને તે માટે આ સભાને સંપૂર્ણ દીલગીરી છે. તેમના ધર્મ પત્ની તથા પુત્રોને અમો દિલાસો આપીએ છીએ અને પોતાના પિતાના પગલે ચાલવાસુચના કરીએ છીએ તે સ્વર્ગવાસીનાં પવિત્ર આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात- पीडितेन तदपनयनाय हेयोपादेय- पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ पोष आत्म संवत् २५. [ अंक ६ ट्ठो.

## સાચા મિત્રનાં શાસ્ત્રોક્ત લક્ષણ.

( લેખક સદ્દગુણાનુરાગી કપૂરવિજયજી મહારાજ )

આપણને પાપ-માર્ગથી ( પાપાચરણકરતાં ) નીવારે-પાછાવાળે; હિત માર્ગમાં ( સુકૃત્ય કરણી કરવામાં ) જોડી આપે, આપણા સદ્ગુણ ઢાંકે-લોકમાં ઉઘાડા ન કરે પણ શાન્તિ અને સભ્યતાથી સુધારવા પ્રયત્ન કરે, આપણા સદ્ગુણોનો ખુબ વિસ્તાર કરે જેથી ગુણાનુરાગી જનો તે તે ગુણનું અનુકરણ અને આસેવન કરે, ખરી કષ્ટીના વખતે અનાદર ન કરે-દુઃખમાં સહભાગી બને, અને તેવા દરેક પ્રસંગે યોગ્ય આલંબન-ટેકો આપી સ્વમિત્રતા સાર્થક કરે. ઉદાર-નિઃસ્વાર્થ મિત્રોમાં ઉપરનાં લક્ષણો અવશ્ય હોવાં જોઈએ. પ્રગટ કે પરોક્ષ દુઃખનાં ખરાં કારણ સ્પષ્ટ પણ સમજાવી એથી દૂર રહેવા ( બચવા ) આપણને સવેળા ચેતવણી આપે અને હિત સુખકારી કામ કરવામાં ઉત્સાહિત કરે, આપણી એબ અન્ય કોઇ જાણવા ન પામે તેમ તે સુધારવા કુનેહ વાપરે, સર્વત્ર ગુણનો વિકાશ થાય તેવો પ્રયત્ન કરે અને ખરી વિપદા વખતે બરાબર, સંભાળ લહી આપણો ઉદ્ધાર કરવા સદાય સાવધાન રહે. એમ અનેક રીતે સન્મિત્રો પોત પોતાની પવિત્ર ફરજ બજાવે. ખરી મિત્રની ખરી પરીક્ષા ખરી કસોટીના પ્રસંગે થવા પામે છે. સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્રો સ્વાર્થ ત્યાગીજ હોય છે, સ્વાર્થ અંધ હોતા નથી. સ્વાર્થ સાધવામાંજ તત્પર રહેનારા કપટ મિત્રોથી કદાપિ કલ્યાણ થઇ શકે નહીં. સન્મિત્ર ઉદાર આશય વાળા-ગંભીર પેટના હોય છે. હંસની જેવા ઉજવળ વિવેકથી શોભતા હોય છે. ગમે તેવા વિષમ પ્રસંગે સોનાની જેમ તેમનો વાન વધતો જાય છે. એવા ઉત્તમ કલ્યાણ મિત્રોનોજ સંગ સહુને સદાયહો !

સ્વાર્થ ત્યાગ અથવા સંયમ વડે આપણો આત્માજ આપણો સાચો મિત્ર બને છે. અને સ્વાર્થ અંધતા અથવા સ્વચ્છંદતા વડે એજ આપણો આત્મા આપણો શત્રુ બને છે. આત્માજ સ્વર્ગ અને આત્માજ નરક રૂપ બને છે. સુખ અને દુ:ખનો કર્તા આત્મા પોતેજ છે. અન્ય તો તેમાં નિમિત્ત-કારણ રૂપજ હોઈ શકે. સુજ્ઞ શાણા જનો સુખ દુ:ખ પ્રસંગે અન્ય ઉપર મિથ્યા આરોપ કરતા નથી. તેઓ તો સિંહની પેરે પોતાનાજ સાચા પુરૂષાર્થ ઉપર આધાર રાખતા હોય છે. કેવળ મુગ્ધ જનોજ અજ્ઞાન વડે અન્ય ઉપર મિથ્યા આરોપ કરે છે. અને શ્વાનની પેરે પોતાની નિર્બળતા-દુર્બળતા સિદ્ધ કરેછે. આવા કુમિત્રો-કપટ મિત્રોથી પ્રભુ આપણને સદા બચાવો.

વિવેકાત્મા પોતાના મનને અને ઇન્દ્રિય ગુણને મોકળા નહીં મૂકતા-સ્વચ્છંદ પણે ફરવા નહીં દેતાં તેમને ઠીક લગામમાં રાખે છે. જેથી સ્વભાન ભૂલાય અને કર્તવ્ય ભ્રષ્ટ થવાય એવા માદક પદાર્થથી દૂર રહે છે. ક્રોધ-રોષ,-માન-અહંકાર માયા-કપટ, અને લોભ-તૃષ્ણાને શાન્ત કરવા ડહાપણ ભરી ક્ષમા-સમતા, નમ્રતા મૃદુતા; ઋજુતા-સરલતા અને સંતોષ-અમૃતનું સદાય સેવન કરે છે. નિદ્રા-તંદ્રા આલસ્યને દૂર કરવા તથાપ્રકારના સદુદ્યમને સેવે છે. અને નકામી કુથલીઓમાં પોતાનો અમૂલ્ય સમય નહીં વીતાવતાં, તાત્વિક જ્ઞાન-અનુભવ પ્રાપ્ત થાય તેવા ઉત્તમ શાસ્ત્ર યા કલ્યાણ મિત્રોના સત્ સમાગમમાંજ સ્વ સમયને વીતાવે છે.

ઇતિશમ્.

## સર્વ સાધારણ હિત વચનો.

### (લેખક—સદગુણાનુરાગી કપૂરવિજયજી મહારાજ.)

" આ મ્હારો (વ્હાલો) અને આ પરાયો (દવલો) એવી ભેદ ભાવના સંકુચિત મન વાળામાંજ હોયછે. જેમનું મન વધારે સાંકડું તેમનામાં ભેદ ભાવના અધિક અને જેમનું મન જેટલું મોટું (ઉદાર) તેટલી ભેદ ભાવના ઓછી. જેમ જેમ આપણું મન મોટું ઉદાર બનતું જાય છે, તેમ તેમ ખોટી કલ્પિત ભેદ ભાવના શાન્ત (વિલય) પામતી જાય છે અને ઐક્ય ભાવ ( અભેદ ભાવ ) નો ઉદય થતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે. અત્યંત ઉદાર ( નિઃસ્વાર્થ ) આશયવાળા મહાત્માઓને તો આખી દુનીઆ ( સમસ્ત પ્રાણી વર્ગ ) કુટુંબ રૂપ સમજાય છે. વળી વિચાર વાણી અને વર્તનમાં તેઓ એકતાને અનુભવે છે. અને પોતાના પવિત્ર દ્રષ્ટાન્તથી આખી આલમને એવી પવિત્ર એકતાનો ઉત્તમ પાઠ શીખવે છે. " " કલ્યાણના અર્થી જનોએ ઉત્તમ રહેણી કરણીવાળા તત્ત્વજ્ઞો પાસે વિનય બહુમાન પૂર્વક ધર્મનું રહસ્ય સારી રીતે સાવધાનતાથી સાંભળવું અને તેનું યથાર્થ મનન કરીને તેનો નિશ્ચિતાર્થ હૃદયમાં એવી રીતે સ્થાપિત કરવો કે જેથી આત્માને અંતે દુઃખ દાયક થાય એવું કોઇ પણ જાતનું પ્રતિકૂળતાવાળું આચરણ કોઇ પણ પ્રાણી પ્રત્યે આચરવા સ્વપ્નામાં પણ વિચાર થાય નહીં તેમજ તથા પ્રકારની અહિત તાપ ઉપજાવનારી વાણી પણ વદી શકાય નહીં "

" સહુનું સદાય હિત ચિન્તન કરવું તે મૈત્રી ભાવ, પરનાં દુઃખ હરવા દરેક શકય પ્રયાસ કરવો તે કરૂણા ભાવ; પરને સુખી દેખી દીલમાં રાજી થવું તે મુદિતા ભાવના અને પરના અસાધ્ય દોષની તરફ રાગ દ્વેષ રહિત સમભાવ રાખવો તે માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા ભાવ પવિત્ર રસાયણની જેમ એકાન્ત હિતકારી હોવાથી અવશ્ય આદરવા યોગ્ય છે. "

" વિચાર, વાણી અને વર્તનમાં પોતે પૂર્ણ રીત્યા પવિત્ર હોઇ, ત્રિભુવનવર્તી સહુ કોઇ પ્રાણી વર્ગને શ્રેણી બંધ ઉપગારો વડે સંતોષ ઉપજાવતા અને અન્યમાં લેશ માત્ર પણ ગુણ દેખી દીલમાં રાજી રાજી થનારા કઇક વિરલા સજ્જનો આ પૃથ્વી તળને પાવન કરી રહ્યા છે. એવા સજ્જનોથીજ પૃથ્વી રત્નગર્ભા લેખાય છે તે યથાર્થ છે. " આપણે પણ આપણાં આચરણ સુધારી, સ્વાર્થત્યાગ કરી, સુસંયમ વડે સ્વ પર કલ્યાણ સાધવા જરૂર પ્રયત્ન કરશું. આપણું ભવિષ્ય સુધારવા ( ઉજ-વળ બનાવવા ) આપણે આપણી ફરજ બજાવશું. સહેજે મળેલી સોનેરી તક વ્યર્થ ગમાવી નહી દેતાં તેને સાર્થક કરી લેશું.

" મદ ( Intoxication ) વિષયાસક્તિ ( Sensual appetite ) કષાય, ( ક્રોધ, અહંકાર, માયા, લોભાદિક ) આલસ્ય અને કુથલીઓ કરવામાં કાળ ક્ષેપ કરવો એ અત્યંત અહિતકર છે. "

" ગમે તેવા સમ વિષમ પ્રસંગમાં મનની સ્થિરતા સ્થાપકતા (સમતોલ પણું) જાળવી રાખવું એ બહુજ હિતકર હોઇ ખાસ આદરણીય છે. એથી આત્મામાં અપૂર્વ શાન્તિનો પ્રગટ અનુભવ થઈ શકે છે. " સ્વર્ગનાં સુખ અને મોક્ષનાં સુખ પરોક્ષ છે ખરાં; પણ રાગ દ્વેષના અભાવ રૂપ સમભાવ ( સમતા–સ્થિરતા–પ્રશમ ) જનિત સહજ સ્વાભાવિક સુખતો આત્મ પ્રત્યક્ષજ છે અને વિરલ સદ્‌ભાગી જનો તે મેળવી શકે છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જગતને માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

લેખક—એક જૈન.

( ગતાંક પૃષ્ટ ૧૩૫ થી શરૂ )

૧ અભ્યાસ ક્રમ એવો સરસ ગોઠવવામાં આવ્યો છે અને ગ્રંથો કે પાઠ્ય પુસ્તકો એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે ભણવામાં કોઇ જાતનો કંટાળો ન આવે.

૨ શિક્ષકો એવા સારામાં સારા રોકવામાં આવ્યા છે કે જેઓ પ્રેમથી થોડા વખતમાં સારો અભ્યાસ કરાવી શકે છે.

૩ અભ્યાસની સામગ્રી–પુસ્તકો, નકશાઓ, લેખનના સાધનો વિગેરે સંપૂર્ણ પ્રમાણમાં પુરા પાડવાની ગોઠવણ છે, તેમજ જે રીતે અભ્યાસ સરળ થાય તેવા ઉપયોગમાં આવતા દરેક સાધનો જે કેળવણી ખાતા તરફથી તૈયાર થયા છે, તે અહીં રાખવામાં આવ્યાં છે. અને જૈન શાસ્ત્રોમાં ઉપયોગી થાય તેવા સાધનો તૈયાર કરાવી રાખવાની ગોઠવણ કરી છે. (જેમકે સમેત્ત શિખરનું વર્ણન સમજાવવું હોય તેની હકીકત વંચાવવી અને યાદ રખાવવી એટલાથી જે મુશ્કેલી છે તેના કરતાં સરસ રીતે જ્ઞાન આપવા સમેત્ત શીખરનો સ્થલવાર અને સારી રીતે તૈયાર કરાવેલો નકશો સહેલાઇથી જ્ઞાન આપશે અને તે યાદ ( ખ્યાલમાં ) પણ જલદી રહેશે.

૪ લખવા વાંચવાનું સાહિત્ય સારી રીતે કામ કરી શકાય તેવું પુરૂં પાડવામાં આવે છે.

જેવાંકે:—૧ પુસ્તકો મુકવા નાનો કબાટ કે પેટી (૨) પાત્ર વિગેરે મુકવા પાટલો ( ૩ ) ઘડા વિગેરે મુકવાઘોડીઓ. લખવા માટે ઢાળ પડતી પાટલી, અચિત્ત શાહી માટે છાછરા ખડીયા, પેન્સિલો, દોરીયો, સામાન્ય બેસવા માટે લાકડાનું આસન ( જરૂર વિદ્વાનોને જણાય તો ), ચોમાસામાં પાટ વિગેરે એક એક મુનિ મહારાજાઓ માટે અલગ દરેક ચીજો પુરી પાડવી.

---

* એક ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીના હાથમાંથી લગભગ ૨૦૦૦) પુસ્તકો નાના મોટાં ફરી જતાં હશે. કારણકે પ્રાથમિક અભ્યાસ સારો હોય, અને તે થોડા છતાં ક્રમથી અને પદ્ધતિસર તેમજ સમજ પૂર્વક અભ્યાસ સ્કુલની પદ્ધતિથી થતો હોવાથી ઊંચ કોટીના પુસ્તકોમાં પણ પ્રવેશ થઈ શકે છે, તેવીજ રીતે અહીં પણ સમજવાનું એ છે કે, જેઓ પ્રાથમિક અભ્યાસ, પદ્ધતિસર પસાર કરી મોટા મોટા ગ્રંથોમાં સારી રીતે પ્રવીણ થઈ શકે છે. તેથી ઘણા મોટા મોટા ગ્રંથોના નામથી ભડકવાનું નથી, જે જે ગ્રંથોનાં નામ લખ્યાં છે, તેમાં ફેરફાર શું કરવો પડે તેમ છે, પછી નિયત કર્યા પછી જે નક્કી થાય તે ધોરણે રૂપે સ્વીકારવાનું છે. માત્ર આમાંના વિષયોને તેને લગતાં ગ્રંથો જે સૂચવ્યા છે તે માત્ર દિગ્દર્શન રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. તે સિવાય જે જે સામગ્રી જોઇએ તે ખાસ દરેક વર્ગના નીમી આપેલા મુખ્ય મુનિને લિખિત સુચના આપ્યે બધી ચીજો પુરી પાડવામાં ખાસ એક માણસની નીમણીક કરી છે,

તે માણસ સંસ્થાના વ્યવસ્થાપકોએ નીમી આપેલી ચીજો ગમે તેટલે ખર્ચે પુરી પાડી શકે તેવી ગોઠવણુ કરી છે. નીયમ ઉપરાંતની ચીજ માટે તે સંસ્થાના ઉદ્દેશ અને મૂળ તત્વોના વિચાર કરનારાઓને જાહેર કરવું. તેઓ વીચાર અને ચર્ચા લાવ્યા પછી. સંસ્થાને અંગે જરૂર ધારશે, અને તેને સંસ્થાના તત્વોમાં દાખલ કરશે તો પુરી પાડવામાં અડચણ નથી.

૬. ઉંચ કોટીના અભયાસના ધોરણની પરીક્ષા પસાર કરનારને શાસ્ત્રીય નિયમો પ્રમાણે પદ્ધીઓ આપવામાં આવશે જેમકે—ગણિ, પન્યાસ, ઉપાધ્યાય વિગેરે.

૭. કોઇ પણ ગચ્છના મુનિ મહારાજ પોતાની સામાચારી પ્રમાણે ક્રિયા કરી શકશે. પણ તેને ક્રિયા ફરજીઆત કરવી પડશે અને તે શિક્ષણ સાથે; કેમકે ક્રિયાનું પ્રેકટિકલ શીક્ષણ આપી અને ક્રિયા કરાવી શકે એવી વ્યક્તિઓની નીમણુંક રહેશે. પરંતુ ક્રિયાના સંબંધમાં પરસ્પર ચર્ચા કરવા દેવામાં નહીં આવે.

૮. એક સારી લાયબ્રેરીની સગવડ રહેશે કે જેમાં જૈન ધર્મના છપાયેલા દરેક ( ઘણાં ખરા ) પુસ્તકો તેમજ ઇતર દર્શનના કે દેશના સાહિત્યના ખાસ ખાસ પુસ્તકો સંગૃહિત કરવામાં આવ્યા છે, તેમજ તેવાં માસિકો, વર્તમાનપત્રો ભિન્ન-ભિન્ન ભાષાના પસંદ કરી કરીને મંગાવવામા આવશે. અધિકાર પ્રમાણે વાંચનક્રમ પણ ગોઠવી આપવામાં આવશે અને તે વાચન ઘણે ભાગે ફરજયાત રહેશે.

૯. ચાતુર્માસ માટે, સ્થંડિલ, માત્રક માટે પણ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે યોગ્ય વ્યવસ્થા સર સગવડ કરવામાં આવી છે.

સિવાય અભ્યાસીઓનો ટાઇમ નકામો ન જાય, અને તે જલ્દી અભ્યાસ કરી શકે તેવી ગોઠવણ પહેલેથીજ કરેલી જોશો. અને તે ગોઠવણ ઘણાજ વિચાર પૂર્વક

છે, અને તેનું કારણ એજ કે જૈન શાસ્ત્રના અભયાસ સાથે ચાલુ જમાનાને અને જૈન સમાજની હાલની સ્થિતિ અને ચાલુ વિચારોથી સ્વીકૃત થઇ શકે તેવાજ બાહ્ય વિષયો પણ લીધા છે. આમ બાહ્ય અંતરની સંધી ઠીક થઇ શકે છે, એમ લાગે છે. એકલા જૈન શાસ્ત્રના અભયાસથી કાર્ય સાધક થઇ પડાતું નથી. તેમજ એકલા બાહ્ય અભયાસથી જૈન શાસનના ઉદયનો ઉદ્દેશ કોરે રહી જાય છે (ટુંક બુદ્ધિથી કદાચ પ્રશ્ન થાય કે જૈન મુનિ મહારાજાઓને આટલું બધું ભણવાની તેમજ વળી મિથ્યાત્વીના ગ્રંથો ભણવાની શી જરૂર છે ? જવાબ માત્ર એટલોજ કે જૈનો સર્વજ્ઞ પુત્રો કહેવાય છે. માટે તેણે સર્વ ( ઘણી ખરી ) બાબતો જાણવીજ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થએલી છે તે ગોઠવણુ ચિત્ત પસંદ થાય તેવી રીતની છે. કારણકે આ સંસ્થાની સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રવૃત્તિ અંધ પ્રવૃતિ જેવી કે એકાદ વ્યક્તિના મગજ પ્રમાણે કે યથા કથંચિત પ્રવર્તતીજ નથી. કોઇ પણ પ્રવૃત્તિ માટે એક ખાસ વિચારક મંડળ દ્વારા ઉહાપોહ કરાવી. સંજોગ, શાસ્ત્રો, લોક, અને ઉદ્દેશને ધ્યાનમાં રાખી નિયમિત કરાવેલો હોવાથી તેમાં કોઈ પણને ફરીયાદનો અવકાશ નહિ રહે ટુંકમાં દરેક પ્રકારની સામગ્રી પુરી પાડવા આ સંસ્થા તૈયાર છે.

૯. છતાં પણ નીચેની બાબતો પર અભ્યાસીઓનું ખાસ ધ્યાન ખેંચવા રજા લઇએ છીએ.

૧. આ સંસ્થાની વ્યવસ્થા વાંચી તેના તરફ પુરતો પ્રેમ થયો હોય અને અભ્યાસ કરવા જીજ્ઞાસા હોય તેમણેજ સંસ્થા તરફનું પ્રવેશક પત્રક ભરવું, તે પત્રકમાં જેની આજ્ઞામાં હો તેની સહી અને ભલામણ પત્ર તેમજ તેમના તરફનું સર્ટિફીકટ પણ જોઇશે. જેના ફોર્મ પણ સાથેજ હશે તે દરેક ભરી મોકલાવી ત્યાર પછી સંસ્થાનો પરવાનગી પત્ર મળે ત્યારે સુખેથી પધારવું.

૨. સંસ્થામાં દાખલ થયાકે તુરત નિયત કરેલા નિયમોથી અને સંસ્થાની ( ઉપયોગી ) હકીકતથી એક અઠવાડીયામાં વાકેફ કરવામાં આવશે. અભ્યાસીઓ માટે જે મુખ્ય કાયદાઓ અને પેટા કાયદાનો અમલ બરોબર રીતે થતો હોવાથી તે પાળવામાં ખામી જણાતા સંસ્થા તરફથી કાયદા પ્રમાણે પ્રાયશ્ચિત (શિક્ષા) ઠરાવેલ છે. આ બાબતમાં શાસ્ત્રનો આધાર પુરે પુરો લેવામાં આવ્યો છે, કારણ કે જૈન શાસ્ત્રકારોએ એક દિવસના દિક્ષિતથી માંડીને યાવત્ પૂર્વધર કે ગણધરો માટે ક્રમસર ગુન્હા પ્રમાણે શિક્ષાઓ (પ્રાયશ્ચિત ઠરાવેલ છે. માત્ર તેને આ જમાનામાં પાળી શકે તેટલા જુદા કાઢયા છે. અને બોર્ડ પર લગાવ્યા છે, કેમકે વિદ્વાન આચાર્યો અને પૂર્વધરો વિગેરેને લાગુ પડતી પ્રાયશ્ચિત્તોની જરૂર નથી કેમકે અહીં તો અભ્યાસી મુનિયો છે. માટે અભ્યાસક ( શૈક્ષ ) ને લગતી શિક્ષાઓના સંગ્રહ છે. તેમાં પણ ધોરણવાર ચઢતો ઉતરતો ક્રમ હોવાથી શિક્ષાઓ–પ્રાયશ્ચિતો પણ તે પ્રમાણે ગોઠવાયા છે. ક્રમ પ્રમાણે અને ગુન્હા પ્રમાણે શિક્ષા ઠરાવેલ હોવાથી શિક્ષા શબ્દથી ભડકવાનું નથી, કે મોટો ત્રાસ આપવામાં આવતો હશે. તેમજ સમજવું કે વારંવાર ગુન્હો કરનાર કે નકામી ડખલ કરનારાઓ માટે સખ્ત સખ્ત શિક્ષાઓ અને તેમને સંસ્થા બાહ્કૃત થવું પડશે. આખી સંસ્થામાં અભયાસ કરનારાઓનો એક સમુદાય ગચ્છ કે સંઘાડો ગણો, તેની બહાર કાઢવાનો શાસ્ત્રમાં પણ હુકમ છેજ. )

૩. જે જે ટાઇમે જે જે કામો ઠરાવેલાં છે, તેજ પ્રમાણે વર્તવું પડશે. જેઓ અનુમાનથી ટાઇમ નહીં સમજી શકે તેઓને સંસ્થાની મોટી ઘડીઆલના ટાવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સૂચના આપશે, તેમ** છતાં પા કલાકે કે અરધી કલાકના થોડા થોડા વખતમાં **કામ કરવા માટે** જે વર્ગમાં ( પ્રાથમિક વર્ગોમાં ટાઈમસર કામ કરવાની પ્રેકટીસ **નહીં પડી** હોય તેઓને ) ઘંટડીના અવાજ છે. બીજા કોઈ નિર્દોષ સાધન દ્વારા **ઉપરી તરફથી સૂચના** આપવાની ગોઠવણ રહેશે. આવી રીતે ટાઇમસર વર્તવાની **ટેવ** પાડ-**વામાં આવશે. ટેવ** જેમાં **પડી** જાય છે તેવા વર્ગોમાં આવા સાધનોની સગવડ રાખ-**વાની** જરૂર **નહીં** રહે. **પ્રમાદથી** કે બેકાળજીથી ટાઇમ **પ્રમાણે નહીં** વર્તનારને **આ સૂચના છે.** ટાઈમો **અભયાસના,** ક્રિયાના, **આરામના,** ગોચરી પાણીના, **સુવાના, બહાર** જવાના, **દર્શન** વિગેરેના યોગ્ય ટાઇમો ગોઠવ્યા છે **અને** જેમ બને **તેમ ટાઇમ ઓછો જાય તેવી સગવડ** પૂર્ણ રાખવામાં આવી છે.

૪. **અભ્યાસના ધોરણો** ઠરાવવામાં આવ્યા છે, તે પ્રમાણેજ અભ્યાસ **કરવાનો છે અભ્યાસ વખતે** કલાસમાં પર્યાય પ્રમાણે બેસવાનું છે. અભ્યાસના વિષયના **માર્કો નું પત્રક પુરાશે, અને** વાર્ષિક સરવાળો તથા પરિક્ષાન માર્કોપર ધ્યાન **રાખી** આગલા ધોરણમાં **ગમે** તેને એટલે સારા માર્કવાલાને ચડાવવાનો **નિયમ છે. પછી** દિક્ષા પર્યાય ઓછો હોય કે વધારે હોય, પણ મહેનતુ કે બુદ્ધિમાન આગળના ધોર-**ણોમાં ચડી જશે, માત્ર** પોતાના કલાસમાં બેસવાનો ક્રમ દિક્ષા પર્યાય **પ્રમાણે રહેશે. આમ કરવાથી વડીલનું માન અને બુદ્ધિમાન** કે મહેનતુની કદર એમ બંનેવાનાં **સચવાય છે.** [ **કલાસમાં** બેસવા, લખવા, વિગેરેની એવી ગોઠવણ રહેશે કે કંટાળો **ન આવે અને સ્થિરતાથી** નિયત **વખત** સુધી બેસી શકાય, તેમજ બેઠકો **અને શિક્ષ-કોના આસનો એવી** રીતે ગોઠવવામાં **આવશે** કે શિક્ષકો પણ વીના કંટાળે **અને આરામથી** પોતાનું કામ કરી શકે, અને ગૃહસ્થ શિક્ષક હોય તો મુનિઓનું **માન જળવાઈ રહે તેવી** રીતે બેઠક ગોઠવી રાખેલી હોવાથી ચારિત્ર ધર્મના **અપમાનની શંકા કોઇ પણ શ્રદ્ધાળુ હૃદયે ન** કરવી. [ આ ગોઠવણ પડદાની ગોઠવણથી કે **એવી બીજી રીતની રચનાથી થઇ શકે,** તેમ જણાય છે **અથવા** કેમ થઇ શકે, **તેને માટે વિચાર કરી કોઇ બુદ્ધિમાન પુરૂષ દ્વારા** તરકીબ મેળવવી જોઇએ. ]

૫. **રજાના દિવસોમાં** જે જે કામ સંસ્થાએ ઠરાવી રાખ્યું છે તે તે **પ્રમાણે વર્તવું અને** બાકીના વખતમાં આરામ કે અંગત કામ કરવાની છુટ છે [કાપ કાઢવો **કપડાં શીવી લેવાં,** ઉપયોગી દોરા બનાવી લેવા, પુસ્તકો કે ઉપધી બરોબર ગોઠવી **લેવી, આગળ** પાછળના કાચા **અભ્યાસ** ઉપર ધ્યાન આપવું અને આમાનું કાંઈપણ **કામ ન** હોય તો આરામ **અને** શાંતિ લેવી, રજાએ પાળવાની મુખ્ય એ **જરૂર છે. અભ્યાસી અને** અધ્યાપકને વિશ્રાંતિ મળવાથી બીજા અઠવાડીયા માટે દરેક તૈયાર **થઈ જાય છે, અને** મગજ તાજો થાય છે, જો સતત **અભ્યાસ** ચલાવવામાં **આવે તો આપણને લાગે** કે **કામ થાય છે,** પણ અધ્યાપક બરોબર કામ કરી શકે તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસીનો પરિશ્રમ નકામો જાય. બેમાંથી એકનો શ્રમ નકામો થાય એટલે શાળાની બધી મહેનત નકામી. આ અનુભવ અભ્યાસીને હશેજ કે સતત અભ્યાસથી શરીરને પણ ધકકો પહોંચે છે. રજાના દિવસોમાં વ્યાખ્યાન કે ભાષણનો ટાઇમ હોય તો, તે બાદ કરતાં, પર્વ હોય તો તેમાં ઠરાવેલા અનુષ્ઠાન કરવાનો ટાઇમ બાદ કરતાં બાકીના ટાઇમમાં આરામ લેવો.

૬. ગોચરી પાણીના નિયમો સંસ્થા તરફથી નિયત કરવામાં આવ્યા છે. તે પ્રમાણે ખાસ વર્તવાનું છે, ગોચરી પાણીમાં નિયમિત વર્તવા એક વ્યક્તિની નીમણોક કરેલી છે [ યોગ્ય ચિત્તવૃતિવાળા અને અપક્ષપાત પ્રમાણે વર્તનાર, તેમજ શાસ્ત્રીય નિયમો તેમજ સંસ્થાના નિયમોના હેતુ સમજનાર યોગ્ય જૈન મુનિ મહારાજને આ કામ સંભાળવા વિજ્ઞપ્તિ કરવામાં આવેલ છે. તેઓ તરફથી અસંતોષ જણાય તો લિખિત સુચનાથી તુરત તપાસ થશે અને યોગ્ય વ્યવસ્થા તુરત કરવામાં આવશે, પણ બનતા સુધી તેમ કરવાનો પ્રસંગજ ઓછો આવવાનો, કારણ કે ધારા ધોરણો ઘડતા પહેલાં તેમજ ઉપરીની નિમણોક કરતાં પહેલાં દરેક લાયક કામોનો વિચાર કરી તેમજ ભવિષ્યમાં આવી પડતા કે, આવી પડવા સંભવિત સંજોગોનો ખ્યાલ લઇ વ્યવસ્થા કરેલ હોવાથી તેમ કરવાનો વખત ઓછો આવવાનો દરેક સમજી શકે તેમ છે. બીન કાયદેસર કે ગમે તેમ પ્રવૃત્તિ કરાવવાથી કે ગમે તેવા ઉપરી નિમવાથી તે કામ કદાચ તત્કાલ ચાલે પણ પાછળથી તે કામને ધકકો લાગે એટલુંજ નહિં પણ તે મોટા મોટા કામોને કે મુખ્ય મુખ્ય બાબતોને એટલે સંસ્થાને ધકકો લાગે, કેમકે અભ્યાસીઓ ચાલ્યા જાય. સંસ્થા સાથે વૈમનસ્ય થાય, સંસ્થાઓ ઉપરથી સમાજનો પ્રેમ ઉઠી જાય બીજી સંસ્થાઓ નીકળતી અટકે. નાના સંજોગોની ગોઠવણ કરવાનું આ પરિણામ છે. એટલા માટે આ સંસ્થાનું એક ધોરણ જણાવી ગયા કે, કોઇ પણ પ્રવૃત્તિ દીર્ઘ વિચારથીજ રહેવાની; કદાચ ખર્ચ અને મહેનત પડે પણ ગોઠવણ દરેક બાબતની બરોબર કરવાથી બધું પાણીમાં ન જાય. ]

૭. દાખલ થવાનું ફોર્મ ભર્યા પછી પણ અમુક વખત સુધીમાં અમુક અમુક જાતની રૂબરૂમાં તેમજ છુપી રીતે પરીક્ષાઓ કર્યા પછી પણ સંસ્થાના સંચાલકો વધુ મતે ઠરાવ પસાર કરી સંસ્થામાંથી વિહાર કરવા વિજ્ઞપ્તિ કરી શકશે. તદન અયોગ્ય અને અશક્ત માટે આ સંસ્થા નથીજ [ છતાં એટલું તો ખરૂંજ કે સંસ્થા શરૂ કર્યા પછી એકદમ અભ્યાસીઓને ન બોલાવવા, પણ બધી ગોઠવણ કરીને બોલાવવાથી વિચાર પૂર્વક કરેલી ગોઠવણની અસર થશે–અને તે પ્રમાણે વર્તવાનું શરૂ કરી દેવુંજ પડે. એવો ખાસ નિયમ છે. આપણી કોઈ જાતની તૈયારી કે રીતસર ગોઠવણ ન હોય તે પહેલાં બોલાવીએ અને ચાલુ સંજોગો પ્રમાણે ગમે તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તવા દઇએ પછી ધારા ધોરણો ઘડીએ તો તે નિયમો પસાર થવા મુશ્કેલ પડે અને કદાચ પસાર થાય, તો પણ અનેક જાતનો કંટાળો વચમાં આવી જાય. પ્રથમની ભૂલનું કે બીન ખ્યાલનું આ પરિણામ પહેલેથીજ ન બને અને જેમ બને તેમ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હોય અને તેમાં કદાચ કોઈ કાયદા ભારે પડતા હોય તો પણ આવનાર સહેલાઈથી વર્તી જાય એવો મનુષ્ય સ્વભાવનો નિયમ છે[ જેમકે ટીકીટની બારીની પાસે રાખેલ કઠેડો અને ઉભો રહેલ પોલીસ, આ ગોઠવણથી ગમે તેવા માણસને એ ક્રમમાં ગોઠવાઈ જઇ ટીકીટ લેવી પડે છે જો તેઓએ તે પ્રમાણે ગોઠવણ ન કરી હોત તો ટીકીટ માસ્તરની શી દશા થાત ? જો કોઇ સ્ટેશને આ નિયમ પ્રમાણે વર્તવામાં નથી આવતું અને ત્યાંના માણસો ગમે તેમ વર્તવા દેછે તેવે પ્રસંગે છુટ થઇ ગયા પછી કાયદો ચલાવવો મુશ્કેલ પડે છે.

૮. આ સંસ્થામાં વાર્ષિક માસની કે ૧॥ માસની ખાસ રજા પાડવામાં આવશે. તેમાં વિહાર અવશ્ય કરવો પડશે. [ અશક્ત કે ગ્લાન; કે રૂગ્ણ માટે ફરજ નથી ] વિહારના ગામો અને કામ અગાઉથી ઠરાવી આપવામાં આવશે. વિહારના નિયમોનું ક્રમથી પાલન કરવા ધોરણ પ્રમાણે આપેલ શિક્ષણ પ્રમાણે વર્તવાનું રહેશે. દરેક ગામમાં કે મોટા ગામમાં કેટલા દિવસ રહેવું તે ઠરાવીને આપેલું હશે, ગામમાં શી શી પ્રવૃત્તિ કરવી ? જેવી કે જૈન સંઘ, મંદિર, ઉપાશ્રય, જૈનશાળા, કન્યાઓની ધાર્મિક વ્યવહારિક અભ્યાસની ગોઠવણ, સંઘનો વહીવટ વીગેરેની સ્થિતિ તપાસવી, શોધખોળ, જુના લેખો કે જાણવા જેવાનો નોંધ, ગામમાં કુસંપ હોય તો સલાહ સંપ કરાવવો, પોતાની શકિત કરતાં વધારે જોખમવાળું કામ હોય તો માત્ર ત્યાંના રીપોર્ટમાં તે બાબતની નોંધ રાખવી. સંઘની દુકાને એક વીઝીટ બુક રખાવવીઅભિપ્રાય લખવો, તથા સુચનાઓ લખવી, ને ગામમાં કોઇ જૈન કે જૈનેતર વિદ્વાન હોય કે અધિકારી હોય તો તેની સાથે પ્રેમથી મળવું. અને વાતચીત કરવી, કોઇ સારા કામ તે દ્વારા થઇ શકે તેમ હોય તો તેમનાં દ્વારા કરાવવાં, વિહારમાં જૈન કે જૈનેતર પાસેથી ગોચરી કેવી રીતે લેવી, તેઓ સાથે પરિચય કેવી રીતે કરવો વિગેરે શિક્ષણ આપેલ હોવાથી તેને કોઇ બાબતમાં મુશ્કેલ નહિ પડે, વિહાર જૈન વસ્તી વાલા ભાગમાં કરવો એ નિયમ ઘણે ભાગે રાખવામાં આવશે નહિ. ઠરાવેલ દિવસો ઉપરાંત નિષ્કારણે કે નજીવા કારણે રહેવાનું નહિ, અને નિષ્કારણે કે નજીવા કારણે દિવસો પુરા થયા પહેલા વિહાર કરવાનો નહિ, જૈનેતરો વચ્ચે કેવી જાતના અને કઇ ગોઠવણથી ભાષણો આપવા અને તેઓને જૈન ધર્મના રાગી કેવી રીતે બનાવવા ? જૈન ધર્મી ન થાય પણ છેવટે જૈનો તરફ તિરસ્કારની દૃષ્ટિએ ન જોતાં પ્રેમની દૃષ્ટિથી જુએ તેટલું તો થવુંજ જોઇએ. કોઇ ખાસ સભા પ્રસંગે અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનેતર જાતો ઉપર અસર કરે તેવા પ્રમાણિક અને. સચોટ મુદ્દાસર કેટલાંક ભાષણો વિદ્વાનો દ્વારા તૈયાર કરાવી તેની પ્રેકટીસ કરાવેલી હશે, એટલે વિહારમાં બનતાં સુધી સામાન્ય બુદ્ધિના પણ મુનિને અડચણ નહીં પડે. વાદવિવાદ કે ગમે તેવો પ્રશ્ન કરવાની અસભ્યતાની ટેવ સર્વથા દૂર રાખવી પડશે. માત્ર પ્રતિપાદન શૈલીથી અને બીજાની અને અયોગ્તા લાગતી બાબત તરફ માધ્યસ્થ્ય બતાવી ઉપદેશ આપવાની ટેવ શીખવવામાં આવશે. પ્રસંગે સત્યવાત નિડરપણે જાહેર કરવામાં પણ અડચણ નથી, પણ પ્રસંગ જોવો કે જેમ સત્ય વાત જાહેર કરવી જોઇએ એવો નિયમ છે, તેમજ એવો પણ નિયમ છે કે સત્ય વાત હોય તેમ છતાં સત્ય વાત જાહેર ન કરવી, પણ અસત્યને પુષ્ટી તો નજ આપવી. છેવટે માધ્યસ્થય એજ એ પ્રસંગને અનુસરતું છે. આ બધી કુંચીઓ ક્રમે ક્રમે શીખવવમાં આવશે. વિહારના ટાઇમના મધ્યમાં પાછા ફરી, ગએલા ગામ સિવાયના ગામોમાં વિહાર કરતાં કરતાં પાછાફરવું, અને બધો રીપોર્ટ ત્યાં રાખવા સંસ્થાને સોંપવો.

ટુંકામાં સંસ્થાએ સ્વ રક્ષણ માટે વિઘ્નોથી બચવા, કે ભવિષ્યમાં આગલ વધારે યશસ્વી બનવા બાહ્ય અને આંતર વ્યવસ્થાને અંગે, સ્ટાફની પરસ્પરની સગવડ માટે જે જે નિયમો અને કાયદા ઘડયા હોય કે ઘડવાના તે દરેક પ્રમાણે અવશ્ય વર્તવુંજ જોઇએ ( કાયદા ઘડવાની રીત ઉપર બતાવી છે. એટલે તે કાયદાઓ હશે એમ તો ધારવુંજ નહિં ).

## દરેક જૈન મુનિ મહારાજાઓને વિજ્ઞપ્તિ કે.

આપની પાસે જે કોઇ નવીન દીક્ષા લે તેને અવશ્ય આ સંસ્થામાં મોકલો. તેઓને કેવી જાતનો અભ્યાસ કરાવીશું તે છ કલમમાં આપ વાંચી ગયા હશો, કેવી રીતે કરાવીશું તે પણ કોઇ કોઈ ઠેકાણે બતાવ્યું છે તે પણ આપના ધ્યાનમાં આવ્યું હશે. આપની પાસે રહેવાથો તે જો કે અભ્યાસ કરી શકશે, પરંતુ આપને પંડિત રાખવો, તેના ખર્ચ વિગેરેની ઉપાધિ કરવી પડશે, તેથી જ્ઞાન, ધ્યાન, સંયમમાં અંતરાય પડે એ સહજ છે, તેમજ અહીંના અભ્યાસમાં અને ત્યાંના અભ્યાસમાં મોટો ફેર પડશે, ત્યાંનો અભ્યાસ એક દેશી થશે, થોડો ઘણો અભ્યાસ કર્યા પછી તુરત વ્યાખ્યાન વાંચવાની ઇચ્છા કરશે, એટલે તેમનો અભ્યાસ ઘણોજ અધુરો થશે. આ સંસ્થાંમાં અભ્યાસ કરશે તો સાથે સાથે બીજા ભણનારાઓ હોવાથી દરેક વિષયની ચોયણા પડિચોયણા ( ચર્ચા ) થશે, તેમજ આ સંસ્થામાં અનેક વિદ્વાનો રોકેલા છે. સંસ્થાનો સ્ટાફ મોટો છે અને તે આખો સ્ટાફ રાખવાનો મૂળ ઉદ્દેશ ભણનાર મુનિયો માટેજ હોવાથી તે દરેકના કામનો લાભ એક એક ભણનાર મુનિ મહારાજાને પરંપરા કે સાક્ષાત્ મળી શકે તેવીજ તેનીગોઠવણ છે ( અને એવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાક્ષાત્ કે પરંપરા લાભ ભણનારને પહોંચે તેટલોજ સ્ટાફ છે, તેટલીજ સગવડ છે, કદાચ કોઇને મોટું ખર્ચ લાગે પણ આ દ્રષ્ટિથી વિચાર કરતાં જણાશે કે જે કાંઇ છે તે પુરતુંજ છે ). માટે સર્વ શાસ્ત્ર કુશળ આપના શિષ્ય થશે, તેમજ આપના ગચ્છ સંઘાડાના આચાર, વિચાર, ક્રિયા, ને સામાચારીની હકીકત આપના ગચ્છના વડીલ પાસેથી આ સંસ્થાએ મેળવી લીધેલ હોવાથી તે પ્રમાણે વર્તાવવા તે ખાતાના અધિકારી ( મુનિ કે ગૃહસ્થ ) ઉપર સંસ્થાએ ફરજ મુકેલી છે, અર્થાત્ તે પ્રમાણે વર્તાવવા સંસ્થા કબુલાત આપે છે, અને તે કબુલાત કેટલેક અંશે સંસ્થાએ પાળી છે તે સંસ્થામાંથી તમારી પાસે આવ્યા પછી જોઈ શકશો.

વળી વડી દીક્ષા આપ્યા પછીજ અહીં દાખલ કરવાનો નિયમ હોવાથી તે બીજે સ્થળે જશે એવી શંકા રાખવાનું કંઇ કારણ નથી. વળી આપની દેખરેખ વિના ઉદ્ધત બનશે કે પાછળથી ગુરૂ ભક્તિ કરશે કે કેમ ? તે પણ સંશય રાખવાનું નથી, કારણ કે આ સંસ્થામાં ગુણો ખીલવવા માટે પણ પુરતું ધ્યાન આપવામાં આવે છે. અને તે ખાતર અમે એક ગુણી આદર્શને પણ સંસ્થામાં રહેવા વિનંતિ કરી છે. તેઓ દ્વારા શાંત્યાદિક ગુણો આપના શિષ્ય અનાયાસે શીખી શકશે. તેમજ સેવા વૃત્તિ; જાત મહેનત, ગુરૂની મહત્તા, ગુરૂની સેવાનું ફળ, વિગેરે સમજાવવામાં આવે છે તેથી તે સંસ્કારો પણ બરોબર દ્રઢ પડશે.

આપણા દેશમાં સાર્વજનિક કેળવણીની સંસ્થામાં આ ખામીને લીધે કેળવણી નિંદાય છે. આ ખામી દૂર કરી છે. એટલે આપણને જોઇએ છીએ તે પ્રમાણે કેળવણી છે, તેનું બીજું કારણ એ પણ છે કે આ કેળવણીની સંસ્થા કોઇ પણ પ્રકારના દબાણ વીનાની છે એટલે જેમ ધારીએ તેવા વિષયો ગોઠવી શકીએ અને સત્વ ખીલવી શકીએ.

આ સંસ્કારો અને વિશાળ વિદ્યાભ્યાસ કર્યા પછી એક સંસ્કારિત વ્યક્તિ પોતાના મા બાપની કે ગુરૂની સેવા ન ઉઠાવે એ માનવુંજ વિરૂદ્ધ છે.

આ સંસ્થા કોઇ એકહથ્થુ સત્તાવાળી નથી, કે જેમાં અનેક પ્રકારના સંશયો કરી તેના લાભથો શિષ્યોને બેનસીબ રાખવાનું યોગ્ય ગણાય. શ્રી આણંદ કલ્યાણી સંઘે મહાવીર પ્રભુના શાસનના અવિચ્છિન્ન પ્રવાહને ઉત્તેજીત કરવાના ઉદ્દેશથી આ સંસ્થા કાઢેલી છે. ત્યારે જૈન મુનિયો માટેની યોગ્ય સંસ્થાનો જૈન મુનિયો લાભ ન લઇ શકે ? આવું સારૂં સાધન છતાં તે માત્ર સાંભળીને કે જોઈનેજ જીંદગી પુરી કરનાર મુનિયો આગળ વધી શકતા નથી અને જ્યારે તેઓમાં દૈવત આવતું નથી તેથી શાસનના કામો, કે આગલ કલ્યાણ પણ સારી રીતે કરી શકે તે વિરલા જીવ માટે છે. દિક્ષા આપવાની મહાવીર પ્રભુની યોજના,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન, દર્શનને ચારિત્ર એ ત્રણે ધર્મની પરંપરા ચાલ્યા કરે છે. અને દરેક મુનિયે અભયાસ કરવો. વિશેષ બુદ્ધિવાળાએ વિશેષ અભયાસ કરવો છેવટ જેની જેવી શકિત, આ મહાવીર પ્રભુના મુખ્ય અને ખાસ ફરમાન, તેના તરફ દુલક્ષ્ય રાખવું કોઈ રીતે યોગ્ય જણાતું નથી. કેમકે દુર્લક્ષ્ય રાખવાથી દિક્ષાનો હેતુ જોઇએ તેવો સિદ્ધ થતો નથી, હાલમાં એવા મહાન આચાર્યો જોવામાં આવતા નથી, કે જેમની પાસે ભણવા મોકલીએ અને તેઓ સમગ્ર શાસ્ત્રમાં કુશલ હોય, શરીર સંપત્તિ સારી હોય અને અનેક આઢય પુરૂષો જેમના વશમાં હોય, તેજ તેવું ગુરૂકુળ ચલાવી શકે. હાલના સંજોગોમાં આપણને તેવા મહાન પુરૂષોની સામગ્રી નથી. તો તેની ખોટ કેટલેક અંશે પુરી પાડે એ વિચારથી શ્રીસંઘે વિદ્વાન અધ્યાપકોના જ્ઞાનની, તથા મહા બુદ્ધિમાન આચાર્યોના ભરેલ જ્ઞાનની છાયા જેમાં જેટલું હોય તેટલું લઈ પ્રત્યેક મુનિયોમાં છાપ પાડવાથી દરેકનો અંશ તેમાં આવશે. એમ કરતાં તેમાંથી સર્વ દેશી વિદ્વાન મુનિ મહારાજાઓ પાકવા સંભવ છે, માટે આપ જરૂર આપના શિષ્યોને મોકલશો.

શરીરના કોઇ પણ કારણ પ્રસંગે સંસ્થા તરફથી નિર્દોષ ઔષધની સારી સગવડ છે, બીજા દરેક મુનિયો બીજા તેમના પ્રત્યે ભેદ ભાવથી નહિં વર્તશે, કારણ કે અહીં એ બાબતનું શિક્ષણ ફરજીઆત પણ આનંદ સાથે આપવામાં આવે છે. વળી અમારી આ યોજનામાં તેમજ ગોઠવણમાં હાલ તાત્કાલીક જે કંઇ કરવા જેવું જણાય,—અમુક જાતની ખામી જણાતી હોય તે બધું જાતે બિઝીટમાં લખીને યા પત્રથી સુચવશો, તે પત્ર વીઝીટમાં ચોટાડવામાં આવશે અને તેના ઉપર કમીટી વિચાર કરીને ગોઠવણ કરશે અહીં દરેકને પોતાનો ગમે તેવો પણ અભિપ્રાય આપવાની છુટ છે. સંસ્થા ભૂલતી હશે એમ જણાશે, તો સંસ્થા નિરાભીમાનીપણે સમાજ પાસે માફી માગશે. અભિપ્રાય આપનારની ભૂલ હશે તો તેમને સારી રીતે સમજ આ શે ને, સુધારો કરવા જેવું જણાશે તો સુધારો કરશે. આ સંસ્થામાં આપણી બીજી સંસ્થા પ્રમાણે નથી પ્રમુખ, સેક્રેટરી વિગેરે રૂઢીથી રાખવામાં આવે પણ કામ તો જેમ ચાલતુ હોય તેમ ચાલ્યા કરે તેમ નથી. જો આપ આપના ગચ્છનું, જૈન શાસનનું, આપના શિષ્યનું, આપનું પોતાનું અને છેવટે હિંન્દુનું ને હિંદનું હિત ચાહતા હો તો આ સંસ્થામાં આપના શિષ્યને અવશ્ય અભયાસ કરવા મોકલશો.

પરંતુ જો અમને અમારા કોઇ પણ ધોરણમાં ચાલી નહીં શકે તેવા ( અભ્યાસ કરવાને અયોગ્ય ) જણાશે તો, સંસ્થાના કાયદા અને ઉદ્દેશોથી નિરપેક્ષ વર્તનવાળા જણાશે, તેવી ખાત્રી થશે તો તેઓ આપને પાછા સોંપવામાં આવશે, અને તેમને કામ પુરતા તૈયાર કરવા આપ ધારો તો કયા ઉપાયોથી કરી શકો તે સંસ્થા તરફથી આપને સુચવવામાં આવશેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧. સર્વ જૈન ગૃહસ્થોને સુચના કરવામાં આવે છે કે તમે જે ગચ્છ કે સંઘાડાના મુનિ મહારાજાઓ તરફ પ્રેમ ધરાવતા હો તેમના શિષ્યો સારા વિદ્વાન થાય તેવું તમે તમારા અંતઃકરણથી ઈચ્છતાજ હશો; એમાં કોઈ પણ જાતનો સંશય નથી. પણ માત્ર તમે તેમને મહા વિદ્વાન કેવી રીતે કરી શકો ? માત્ર તમારાથી એટલુંજ બનેકે સારો પગાર ખર્ચી એકાદ પંડિત રોકી મહારાજશ્રીને અભ્યાસ કરવાની સગવડ આપો, કે પુસ્તકો જોઇએ તે મંગાવી આપો. પણ આ સંસ્થામાં જે યોજનાઓ કરી છે, તેથી જેવો સંગીન અને રસપ્રદ અભ્યાસ થાય તેવો તો નહિજ થવાનો. માટે ઉપરની મુનિ મહારાજાઓ ઉપરની વિજ્ઞપ્તિ વાંચીને ખાત્રી થશે કે પક્ષપાત વિના કેવળ જૈનશાસનના ઉદય ખાતરજ આ સંસ્થા છે. તેમાં કોઈ પણ રીતે અસંતોષનું કારણ અને તેવું રાખ્યુંજ નથી, જેવી જોઇએ તેવી અને વિચારશીલ જૈન ગૃહસ્થો તેમજ જૈન મુનિ મહારાજાઓની સલાહ લઇ આ કામ શરૂ કર્યું છે. છતાં તમને કાંઇ પણ ખાત્રી કરવા જેવું જણાય તો સુખે સૂચવો તો તે સુચના ખ્યાલ બહાર બીલકુલ નહીં જવા દેતાં તેનો વિચાર કરી શી ગોઠવણ કરવી, કયારે ? કયા વિભાગમાંએ વિગેરેનો જવાબ આપને આપવામાં આવશે. માટે આપ કોઈ પણ રીતે સમજાવીને છેવટે લાગવગનો ઉપયોગ કરીને કે ( મુનિયોના હિત ખાતર શ્રાવક તેઓ ઉપર પોતાની સત્તાનો પણ ઉપયોગ કરી શકે એવું પણ શાસ્ત્રનું ફરમાન હોવાથી તે ફરમાન મુજબ વર્તીને પણ ) મુનિયો ભણવા આવે તેવી ગોઠવણ કરવી. આમાં મુનિ મહારાજાઓ પાસેથી સંસ્થાને કોઇ પણ જાતનો સ્વાર્થ નથી, ઉલટું તેઓને તૈયાર કરી પાછા સોંપવાના છે, અને આટલો ભાર દઈ કહેવાની જરૂર જૈન શાસનનું હિત ધ્યાનમાં રાખીનેજ, અને એ લક્ષ્ય આપણું સર્વેનું સરખુંજ છે, માટે આપના ગામમાં કે પરિચયમાં આવતા અભ્યાસ કરી શકે તેવા મુનિયો આ સંસ્થામાં દાખલ ન થયા હોય તેમને મળી અભ્યાસ કેટલો ? શું શું ? ક્યાં અભ્યાસ કર્યો, એ વિગેરે પુછવું. આગળ અભ્યાસ વધારવાની ઇચ્છા છે ? કે નહિ ? નથી તો શા કારણથી ? છે, તો કેવી રીતે અને ક્યાં ? એ વિગેરે જાણીને એમ જણાય કે માત્ર પ્રમાદ અને ભણવા તરફ દુર્લક્ષ્ય રાખીને આ પ્રમાણે અભ્યાસને તિલાંજલિ આપવામાં આવે છે એવું જણાય, આડાં અવળાં ખાનાં નકામાં અને નજીવા જેવાં છે એમ જણાય તો સમજુતી ભરેલા સચોટ શબ્દમાં પોતે કે બીજા સમજુ સારા માણસોએ કે છેવટે ગામના સંઘે મળીને ખાસ ફરજથી સૂચના કરવી જોઇએ. અને અભ્યાસ કરવા માટે આ સંસ્થામાં જાય અને અભ્યાસ શરૂ કરે ત્યાં સુધી ખ્યાલ રાખી ગોઠવણ કરવી. કે સમજાવી મોકલવા તેમાં દુર્લક્ષ્ય કરવાથી દાક્ષિણ્યતા રાખવાથી તેમનું સુધરે નહી ને શાસનને પણ લાભ નહી. તેમજ સંઘે મોટો ખર્ચ કરીને જે સંસ્થા કાઢી હોય, તેમાં પૈસા ખર્ચાય તેનો સદુપયોગ ન થાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાચ કોઈ કહેશે કે દરેક મુનિ મહારાજાઓ અભ્યાસ કરવા લાગી જશે તો ઉપદેશ કોણ કરશે ? પણ આ સવાલજ નકામો છે, કેમકે અમે દરેકને અભ્યાસ કરવા બોલાવતા નથી, જેઓ મોટી ઉમ્મરના—પાકી ઉમ્મરના છે તેઓ ઉપદેશ આપવા માટે છેજ. એમને કાંઇ અભ્યાસ કરવા બોલાવતા નથી, તે સિવાયના જેઓ હજુ અભ્યાસ કરી શકે તેવી ઉમ્મરના છે તેમને ખાસ કરીને બોલાવીએ છીએ. તેઓ કદાચ ઉપદેશ આપશે. પણ કાચે અભ્યાસે ઉપદેશ પણ શો આપી શકશે ? અને તેથી લાભ પણ આપણે શો મેળવી શકીશું ? જો તેઓ ભણશે, સારા વિદ્વાન થશે, બધું સમજતાં શીખશે, પછીજ ઉપદેશ આપશે તે પહેલાંના એક વર્ષ પ્રમાણે એક દિવસનોજ.ઉપદેશ ફળ આપશે. માટે આવો મોટો લાભ ભવિષ્યનો છોડી દઇને કાચું કાપવું એ કેટલી બધી આપણી ભૂલ સૂચવે છે ? તથા વળી એમ જણાય કે સંસ્થા તરફના ખાસ કારણને લીધે ત્યાં જતા નથી. તો તુરત અમને સૂચના આપવાથી અમે તપાસ કરીશું.અને અમારી ભૂલ સુધારીશું. જો કે અમે પહેલેથીજ બધી ગોઠવણ એવી કરેલ છે કે,દરેકના મગજની વાત તો અમારા ધ્યાનમાં કયાંથી આવે? પછી અમને સુચવવામાં આવે તો પછી સુધારી શકાય તેમજ જો અમારી ભુલ નહી હોય, અને ભ્રમથી ભૂલ જેવું જણાયું હશે તો તેનો યોગ્ય ખુલાસો કરીશું, કેમકે વખતે સાચી વાત પણ ભ્રમથી ખોટી સમજાય તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, એવું જગતમાં બને છે માટે તેના ખુલાસા કરી લેવા. માત્ર વાત આટલીજ કે કોઈ પણ ઉપાયે મુનિયો આ સંસ્થામાંથી પસાર થઇ તૈયાર થઇ જૈનશાસનની જય બોલાવે એજ ઇચ્છીએ છીએ. માટે આટલી બધી સગવડ વિગેરે બાબતો ખ્યાલમાં લેતાં પણ જો આપનો વિચાર ન થતો હોય તો છેવટે મુનિ મહારાજાઓ પાસે રૂબરૂ મળવા ગએલા ગૃહસ્થો તમને મળશે, અને તમારે જે ખુલાસા કરવાના હોય. તે કરી લેજો, અને પછી મુનિ મહારાજાઓને અહીં આવવા વિજ્ઞપ્તિ કરશો, પણ આટલું ધ્યાનમાં રાખવું કે કોઈની શરમથી, કે લાલચ લોભથી લલચાઇને પોતાના યોગ્ય નિયમોનું ઉલ્લંઘન કરી તે કોઇનું મન મનાવવા માગતાજ નથી.

૧૨. સર્વે જૈન શ્રીમંત કે ઉદારતાવાળા ગૃહસ્થોને સૂચવવામાં આવે છે કે સવેળા નીચે પ્રમાણે ચેતવણી આપવામાં આવેછે નહી કે માગણી કરવામાં આવે છે.

૧ પૈસાદાર કે પૈસા પેદા કરનાર કે, ઉદાર વૃત્તિના માણસને યથા શક્તિ પોતાનું ધન ખર્ચવાના ઘણીજ વખતે વિચારો આવે છે, જેઓ કંઇક વિચાર કરે છે કયાં ખર્ચવુ ? કયું સારૂં સ્થાન છે ? કયાં ખર્ચવાથી આપણું નામ રહેશે ? અને પૈસાનો સદુપયોગ થશે ? આવાને આવા વિચારમાં તે પૈસા સારા કામમાં ખર્ચી શકતા નથી. તેમજ કેટલાક એવા પણ છે કે તેઓ પૈસા ખર્ચવાના તનમનાટમાં

For Private And Personal Use Only

ગમે ત્યાં રકમોની રકમો છુટી છવાઈ ખર્ચી નાખે છે, જો કે આ ઉદારતા લોકોને સારી લાગે છે. પણ અમે તેને અવિવેક કહીએ છીએ, એવા પણ ગૃહસ્થો અમે સાંભળ્યા છે કે જેઓ પોતાની લાખો રૂપીઆની રકમો આવી છુટી છુટી ખર્ચી નાખે છે, બે હજાર અમુકમાં, પાંચ હજાર અમુકમાં, ત્રણ હજાર અમુકમાં. એવી રીતે મોટી રકમ કાઢનાર બહુ ઓછા મળે. અને તે આમ છુટી છુટી વહેંચાઇ જાય. પણ વખતે પ્રશ્ન પૂછવામાં આવે છે કે–મોટી રકમે કામ મોટું કરવું જોઇએ. તેને સંગીન બનાવવું જોઈએ.બીજા ખાતાઓમાં રકમો ન આપેતો એ ખાતાઓ કેમ ચાલે ? કેમકે આવશ્યક ખાતાંઓ ઓચ્છાવત્તા પ્રમાણમાં તો ચલાવવાંજ જોઇએ તેમાં કયા વિદ્વાન માણસોનું વિચાર બળ ના પાડી શકે છે ? તેનું સમાધાન એટલુંજ કે નાની રકમ કાઢનારા ઘણા માણસો હોય છે, તેથી નાના ખાતામાં મદદનો પ્રવાહ ચાલતોજ રહે. મોટી રકમ કોઈકજ કાઢનાર મળે, તેમાં પણ મોટી રકમને ચુંથી નાંખે, તો પછી ખાસ જરૂરના મોટા ખાતાઓ તો નીકળેજ નહી, આ કેવડું મોટું નુકશાન ? માટે મોટી રકમો વેડફી નાંખતાં તેનો યોગ્ય વ્યય કરવો જોઇએ. વિચારીને પૈસા ખર્ચનાર કે ઉદારતાથી ગમે તે સારાં લાગતાં ખાતામાં ગમે તે રીતે પૈસા ખર્ચનારને સૂચવવામાં આવે છે કે જૈન કોમની અનેક સંસ્થા પૈકી આખી જૈન સમાજને જેના તરફ વધારે પ્રેમ જણાતો હોય જેના આંતર બાહ્યવ્યવસ્થા માટે સમાજને પૂર્ણ સંતોષ હોય, જે સંસ્થા નાણાં તેજુરીમાં રાખી ન મુકતાં તુરત સારામાં સારો વ્યય કરી શકતી હોય, ને ફળ સંગીન મેળવતી હોય. તમે સમજુ માણસને પૂછો, પણ જેઓ તમારી પાસે સ્તુતિ કરે, અને જાત અનુભવથી જોનારાઓ પણ તેનું સંપુર્ણ વર્ણન તમને આપે, ત્યારે જો તમારા દિલમાં એ સંસ્થા કે ખાતાં તરફ પ્રેમ ઉભરાઇ જાય તો તમારી રકમો ત્યાં મોકલી આપો, તમારા પૈસાના ખર્ચનો પુરેપુરો ને વિગતવાર હિસાબ, વર્ષે, માસિક, પુરા પૈસા ખર્ચાઇ ગયા પછી મોકલવામાં આવશે, અને સંસ્થાના રીપોર્ટમાં પણ તેનો હિસાબ જોઇ શકશો. તમારે ખાસ નામ પાડીનેજ મોકલવા હોય તો નીચેના ખાતાઓ આ સંસ્થામાં છે.

૧ અભયાસી મુનિ મહારાજાઓને માટે સામગ્રી લેવાના ખર્ચમાં

૨ પાઠય પુસ્તકો તૈયાર કરાવવાના ખર્ચમાં.

૩ શિક્ષકો, પંડિતો. પ્રોફેસરો વિગેરેના પગારમાં.

૪ ભણવાની સામગ્રી મેળવી આપવાના ખર્ચમાં.

૫ પાઠય પુસ્તકો તૈયાર કરનાર વિદ્વાન મંડળના ખર્ચમાં.

૬ લાયબ્રેરીના પુસ્તકો, કબાટો મંગાવવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ માસિકો, છાપાઓ વિગેરે મંગાવવા.
૮ ઓફીસના સ્ટાફ માટે પગાર ખર્ચમાં.
૯ ઓફીસનું ફરનીચર મંગાવવા.
૧૦ ઔષધ ખાતામાં
૧૧ પરચુરણ નોકર ખાતામાં
૧૨ મકાન ફંડમાં
૧૩ અને બીજા કોઇ પરચુરણ કામ માટે.

શિક્ષણમાં પણ વિભાગ રહે છે. અભયાસ ક્રમમાં જોઈ જ્યાં જેને જે શિક્ષણ આપવાના ખર્ચમાં મદદ કરવા ઇચ્છા હોય, તેના તે શિક્ષણ વિભાગમાંજ પૈસા ખર્ચી શકાશે. ગૃહસ્થ વિદ્યાર્થીઓના અભાસની સગવડમાં પણ વાપરવાનું અહીં ખાતું છે.

નાનામાં નાની ગમે તેટલી રકમથી માંડી મોટામાં મોટી ગમે તેટલી રકમ અહીં આપી શકાય છે, તેને કહ્યા પ્રમાણેજ તેની વ્યવસ્થા થાય છે, જેઓની ઘણી જ સારી રકમ હોય તેઓએ પોતાની રકમ એવી રીતે આપવી કે ઉપર ગણાવેલા જે જે ખાતામાં જરૂર પડે તે દરેકમાં વાપરવી. જેથી સંસ્થાને બહુજ સારી સગવડ પડશે, એક પાઇનો પણ દુરૂપયોગ નહીં થતાં તેની વ્યવસ્થા કેવી રીતે રાખવાની છે તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે, એમ છતાં પછી શા માટે પૈસાનો વ્યય અયોગ્ય રીતે કરવો ? ખરી રીતે તો મહાવીરના નામને ( કોઇ પણ નિક્ષેપે ) પૂજનાર વ્યક્તિની ફરજ છે કે આવી આવી બીજી કોઇ પણ સંસ્થામાં પોતાની કોઇ પણ સંપત્તિનો ઉપયોગ કરવોજ જોઇએ, પૈસાદારે પૈસાનો વિદ્વાને વિદ્યાનો, ભાવનાશીલે ભાવનાનો, વક્તાએ વક્તૃત્વનો એમ જેની પાસે જે સંપત્તિ હોય તેનો ઉપયોગ અવશ્ય કરવો જોઇએ. તેના બદલામાં સંસ્થા; એવા રત્નો ઉત્પન્ન કરશે કે જેઓ જૈન શાસનનો પ્રકાશ કરી તમારી ભવિષ્યની સ્થિતિને સર્વ રીતે હિતકારી જૈન ધર્મથી પતિત થવા નહીં દેતાં તેનો અપૂર્વ રસ ચખાડી હમેશને માટે જૈન ધર્માવલંબી કરી રાખશે. જૈન ધર્માવલંબીજ રહે તેમ કરવાનો આગ્રહ માત્ર એટલાજ માટે કે દરેક મનુષ્યને જીંદગીમાં કોઇ પણ અવસરે પ્રશસ્ત માર્ગનો ( ધર્મનો ) આશ્રય લેવો પડે છે. અને જ્યારે આશ્રય લેતી વખતે સારામાં સારી વસ્તુનો ( ધર્મનો ) આશ્રય લેવાય તો તાત્કાલીક લાભ સાથે બીજા અનેક લાભ અને નુકશાનીયોથી બચવાનું થાય છે, બીજાઓમાં ભાગ્યેજ તેવું બને છે. તેમજ મહાવીરનાં સિદ્ધાંતો કેટલાક એવા સચોટ છે; તે ગમે તે વખતે પણ અવશ્ય ગમે તેવે રૂપે એક વખત દુનિયાના દરેક સમજુને સ્વીકારવાં પડશે. આવા કેટલાક કારણ સમજીને ભવિષ્યમાં જૈન ધર્મ માનનારી પ્રજા તેને ચૂસ્તપણે; વળગી રહે. પણ કેટલાક તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મને માનનારા થઈ પોતાનું ઐહિક કલ્યાણ સાધે. માટે અવશ્ય તે ધર્મનું સાહિત્ય બલિષ્ટ બનવું જોઇએ. અને સાહિત્યને બલિષ્ટ બનાવનાર પુરૂષો જોઈએ. તે પુરૂષો ઉત્પન્ન કરવા આવી સંસ્થા જોઇએજ. તેમજ જ્યારે ગૃહસ્થ વર્ગ પોતાના કામ ધંધામાંને કુટુંબી જાળમાં ગુંથાએલા હોય છે તેઓ ઘણેભાગે પોતાનું હિત્તાહિત્ત વર્તમાન-ચાલુ પરિસ્થિતિ-સંજોગો પરથીજ માની લેછે. અને તે પ્રમાણેજ વર્તે છે. પણ આજુબાજુના સંજોગો, તેની ભવિષ્યમાં કેવી અસર કરે છે. પ્રજાને કેટલો લાભ કેટલી હાનિ, કઇ રીતે વર્તવાથી આ ચાલુ સ્થિતિ કરતાં, સારી સ્થિતિમા પ્રજા મુકાય ? કયા કયા આંતર શત્રુઓ છુપી રીતે પ્રજાનો નાશ કરે છે ? તેને અનેક રીતે હેરાન કરે છે. આ થોડી થોડી ઉંઘનું પરિણામ છેવટે શું આવશે ? આવા કટાકટીના પ્રસંગમાં સમાજને કેમ વર્તવાથી તેનો ઉદ્ધાર થઈ જાય. પ્રજાને કયા કયા સિદ્ધાંત તરફ દોરવાથી લાભ છે ? આવા આવા વિચારો અને હિતચિંતાઓ કરનાર, ઉપાધિ રહિત વર્ગની જરૂર છે કે નહીં ? આ વર્ગ સારામાં સારા વિચારો કરવા માટે હર વખત તૈયાર રહી શકે માટે બીલકુલ ઉપાધિ રહિત રહે છે. છેવટે એટલે સુધી કે ખોરાકની ચીજો પણ શુદ્ધ અને કોઇ પણ રીતે નુકશાન ન કરે તેવી ચીજો પ્રજા પાસેથી તૈયાર મેળવી લઈ તે વખતનું કામ પતાવી દે છે, મહીના માટે કે વર્ષ માટે સંઘરી મુકતા નથી, સાંજની પણ ચિંતા કરતા નથી. આવો વર્ગ કેળવાય, ભવિષ્યમાં પણ આજ કામમાં જીંદગીનો ઉપયોગ કરે, તેવા વર્ગને કેળવવા પ્રજા પૈસા આપે એમાં નવાઇ શું છે ? ઉપકાર શો છે ? દરેકની પોતાનીજ ફરજ છે. આ ફરજમાંથી ચુકે તો તે પોતાનુંજ નુકશાન કરે છે. કદાચ આપે છે તો પોતાના ફાયદા માટેજ છે, માટેજ અમે કોઇને પૈસા આપવાનો આગ્રહ કરતા નથીજ. પણ જે નથી આપતા તે પોતાની ફરજથીજ ચુકે છે. નહી આપવાથી સંસ્થાને કામ કરવામાં ખામી પડે અને તે ખામીનું ફળ ( અલ્પ ફળ બાદ જતાં બાકીનું નુંકશાન ) ભવિષ્યમાં દરેકે સરખે ભાગે વહેંચી લેવું પડશે. આ સંસ્થામાં મતમતાંતર કે ખેંચતાણ નથી. કામ મોટા પાયા ઉપર હોવાથી તેની ગોઠવણ અને વ્યવસ્થા ઘણીજ નિયમિત છે. જેઓ સમજી શકે તેઓ તો જોઈને ખાત્રી કરી શકશે પણ જેઓને તેવો પ્રસંગ નથી મળ્યો તેઓને અમે ખાત્રી પૂર્વક કહીએ છીએ કે તેમણે કોઇ પણ જાતનો સંકોચ રાખવાનો નથી.

**૧૩ કોઇપણ દેશમાં રહેલા ગમે તે ધંધો કરતાં કેળવણી લીધેલા કે, થોડી કેળવણીવાળા પણ જૈનધર્મ તરફ પ્રેમ ધરાવનારા નવીન લોહીના જૈન** નવ યુવકો ! તમો મહાવીર તરફ પ્રેમ ધરાવો છો ? તેના શાસનની તમને જાણ છે ? તેમના શાશનનો ઉદય થાય તેવું ઇચ્છો છો ? તે ઉદય આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની સંસ્થાથી થઇ શકે તેવો તમને સંભવ જણાય છે ? જો તમને એ સંભવ જણાતો હોય તો કહો તમારી તે સંસ્થા તરફ શી શી ફરજો છે ? તે સમજો છો ?

( ચાલુ )

# સાચું મનુષ્યત્વ.

વિઠ્ઠલદાસ. મૂ. શાહ, બી. એ.

જે સઘળી બાબતોને લઇને મનુષ્યને પોતાના જીવન-નિર્વાહની અનેક ઉપયોગી વસ્તુઓ પ્રાપ્ત થઇ છે તથા જેને લઇને મનુષ્ય-જીવન પશુ-જીવનથી સર્વથા સુખમય અને પરમ શ્રેષ્ટ બની ગયું છે તે સર્વ બાબતોનું રક્ષણ કરવું તથા તેને ઉન્નત બનાવવી તે મનુષ્ય- વનનું મુખ્ય કર્ત્તવ્ય છે. ઉક્ત બાબતોને ત્રણ શ્રેણીઓમાં વિભક્ત કરી શકાય છે. ( ૧ ) વિચારશક્તિ-જેને લઇને મનુષ્ય પોતાની ઉન્નતિ તથા સુખ શાંતિને વધારનારા ઉપાયો શોધી શકે છે અને પ્રાચીન પદ્ધતિને તજી દે છે. ( ૨ ) વચન-શક્તિ-જેને લઇને બાળકોને તથા નવયુવકોને પોતાથી મોટા તથા અનુભવી પુરૂષોએ જાણેલ બાબતોનું જ્ઞાન થાય છે અને જ્યારે તે બાળકો તથા નવ યુવકો મોટી ઉમ્મરે પહોંચી પિતૃપદ પ્રાપ્ત કરે છે ત્યારે તેઓ પોતાના પૂર્વજો પાસેથી સાંભળેલી અને પોતાની બુદ્ધિ તથા અનુભવથી પ્રાપ્ત કરેલી બાબતો પોતાનાં બચ્ચાંઓને સંભળાવે છે અને શીખવે છે. એ રીતે વાતચીત કરવાની શક્તિને લઇને જે લોકો પોતાથી સેંકડો વર્ષ પહેલાં થઇ ગયા હોય તે સર્વની શોધેલ બાબતો જાણી શકે છે. નવીન લોકો પ્રાચીન લોકોએ અનુભવથી જાણેલી બાબતોમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને કંઇક વધારો કરે છે અને એ રીતે તેઓના કરતાં પણ વધારે બાબતો શોધી કાઢે છે. એ ઉપરાંત વચન-શક્તિને લઇને મનુષ્ય પોતાના સમકાલીન લોકોની સાથે પણ વાતચીત કરે છે. એ રીતે નવા તેમજ જુના લોકોનો અનુભવ સંગ્રહીત કરી તે મહાન જ્ઞાન પ્રાપ્ત કરે છે. જો મનુષ્યમાં વાતચીત કરવાની શકિત ન હોય તો તે પોતાની પહેલાં થઈ ગયેલા તેમજ પોતાના સમકાલીન લોકોનો અનુભવ જાણી શકતો નથી. એવી અવસ્થામાં તેની બુદ્ધિને કોઇ પણ પ્રકારની બાહ્ય સહાયતા મળતી નથી અને તેથી તે જરા પણ આત્મોન્નતિ સાધી શકતો નથી અને સર્વ પશુ પક્ષીની માફક તે એકજ દિશામાં પડયો રહે છે. પરંતુ વચન-શકિતની સહાયથી તેને નવીન તથા પ્રાચીન સર્વ લોકોનો જ્ઞાનભંડાર મળ્યા કરે છે અને તેને લઇને તે બહુ શીઘ્રતાથી આગળ વધ્યા કરે છે. વચન-શ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્તિની સહાયથી તે પોતાની બનાવેલ વસ્તુઓની સાથે બીજાની બનાવેલી વસ્તુઓનો વિનિમય કરે છે, બીજાનું રક્ષણ કરે છે, બીજાને મદદ કરે છે, બીજાની પાસે પોતાનું રક્ષણ કરાવે છે, પોતાના મનોગત ભાવ બીજા લોકો પાસે પ્રકટ કરે છે તથા બીજા લોકોના મનોભાવ પોતે જાણે છે. ( ૩ ) પારસ્પરિક સહાયતા–અર્થાત્ પરસ્પર મળી આનંદ કરવો, એક બીજાની ચીજોનો વિનિમય કરવો, એક બીજાના ધન, જન અને અધિકારોનું રક્ષણ કરવું અને બીજાને મદદ કરવી. જો આ સઘળું ન હોય તો એક મનુષ્ય પોતાની એકલાની બુદ્ધિ અને વચન–શકિતથી કાંઇ પણ કરી શકે નહિ, બલ્કે તેના વગર તેનો જીવન–નિર્વાહ કઠિન અને રૂદ્ધ થઈ જાય.

એ રીતે ઉપરોક્ત ત્રણ બાબતો એવી છે કે જેનાથી મનુષ્યનું મનુષ્યત્વ બનેલું છે, તેથી મનુષ્યનું પરમ કર્ત્તવ્ય એ છે કે તેણે સદૈવ એ ત્રણે બાબતોમાં ઉન્નતિ કરવી, તે બાબતોને સદૈવ ઉચિત રીતે કામમાં લેવી અને તેનો કદિ પણ દુરૂપયોગ કરવો નહિ. એ શકિતઓનો દુરૂપયોગ ન કરવાનું એટલા માટે કહેવામાં આવે છે કે તે દ્વારા લાભ અને હાનિ બન્ને થઇ શકે છે. જો આપણે એ શકિતઓનો સદુપયોગ કરીએ અર્થાત્ તેને સારાં કાર્યમાં લગાવીએ તો આપણને તેનાથી લાભ થાય છે, અને જો આપણે તેનો દુરૂપયોગ કરીએ–તેને ખરાબ કાર્યમાં લગાવીએ તો તેનાથી આપણને હાનિ પહોંચે છે. જો અગ્નિ વડે વિવિધ પ્રકારની રસોઇ બનાવી શકાય, લોઢું, પીતળ આદિ ધાતુઓને ગાળીને સુંદર વાસણો બનાવી શકાય, સોનું રૂપું ગાળીને કિંમતી ઘરેણાં બનાવી શકાય, અથવા એંજીન દ્વારા રેલગાડીઓ અને અનેક કારખાનાઓ ચલાવી શકાય તો આપણે કહી શકીએ અગ્નિનો સદુપયોગ કરવામાં આવ્યો છે અને તેનાથી આપણને લાભ થયો છે, પરંતુ જો એ અગ્નિ વડે લોકોનાં ઘર બાળી નાંખવામાં આવે, બંદુક કે તોપ દ્વારા મનુષ્યોનો નાશ કરવામાં આવે તો તેનો દુરૂપયોગ કરવામાં આવ્યો છે એમ કહી શકાય.

પ્રત્યેક મનુષ્યે પોતાનું મનુષ્યત્વ સ્થિર રાખવા માટે, પોતાનાં કર્ત્તવ્યનું પાલન કરવા માટે પોતાની એ ત્રણે શકિતઓનો સદુપયોગ કરવો જોઇએ. એટલુંજ નહિ પરંતુ સેંકડો વર્ષ પૂર્વે થઇ ગયેલા પુરૂષોના અનુભવજન્ય જ્ઞાન ભંડારનું રૂણ ચુકાવવા ખાતર તેનાથી જેટલી બને તેટલી પોતાની ઉન્નતિ કરી બતાવવી જોઇએ અથવા કોઇ નવીન વસ્તુ બનાવવી જોઇએ, પ્રાચીન કારીગરી અને પ્રાચીન પદ્ધતિથી કંઇક ભિન્ન પ્રકારની કોઈ નવીન કારીગરી અને પદ્ધતિ શોધી કાઢી જનસમૂહ સમક્ષ પ્રકટ કરવી જોઇએ. એ નવીન પદ્ધતિઓને છુપાવવી તે મનુષ્ય જાતિની ઉન્નતિના માર્ગમાં બાધા કારક છે. પરંતુ જે બાબતોથી મનુષ્ય જાતિને હાનિ પહોંચાડે છે તેવી બાબતો શીખવામાં કે શીખવવામાં પોતાની બુધ્ધિને લગાડવી જોઇએ નહિ. જે દેશોમાં જ્યાંસુધી નવીન પધ્ધતિઓ પ્રકટ થતી રહી ત્યાંસુધી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશો ઉન્નતિ કરી રહ્યા હતા અને અન્ય દેશોના શિરતાજ બની રહ્યા હતા, પરંતુ જ્યારે તેઓએ આગળ વધવું તજી દીધું અને તેઓ પ્રાચીન પધ્ધતિઓ પકડીને બેસી રહેવા લાગ્યા ત્યારે તેઓ અન્ય ઉન્નતિશીલ દેશોને આધીન બની ગયા અર્થાત્ જે લોકો પ્રાચીન રીતિઓને વળગી ન રહેતાં નવ નવી બાબતોની શોધ કરી આગળ વધે છે તેઓ જ જગત્માં પ્રખ્યાતિ પામે છે.

મનુષ્ય પોતાની વચન શક્તિને લઇને સર્વ પ્રકારની ઉન્નતિ સાધી શકે છે, અને વિકાસક્રમમાં આગળ વધી શકે છે, તેથી તેણે એ શકિતનો સદુપયોગ મનુષ્ય માત્રને લાભ થાય તેવી રીતે કરવો જોઇએ. મનુષ્યોએ પોતાના વિચારો પ્રકટ કરવા માટે લેખન કળા શોધી કાઢી છે. લેખનકળાદ્વારા વચન શકિતની અધિક ઉન્નતિ થઇ છે, કેમકે વાણીદ્વારા તો આપણે આપણાં મનના વિચારો આપણી પાસે રહેલા માણસો સમક્ષ પ્રકટ કરી શકીએ, પરંતુ લેખનકળાની સહાયથી આપણે આપણા વિચારો હજારો-લાખો માઇલ દૂર પહોંચાડી શકીએ છીએ. આ લેખનકળાથી એક મહાન લાભ એ થયો છે કે આપણા લિખિત અનુભવો તથા સમસ્ત જ્ઞાનનો સંપૂર્ણ લાભ આપણી પાછળ થનારી પ્રજાને પણ મળશે, આ લેખનકળાની વિશેષ ઉન્નતિ અર્થે છાપવાની કળાની શોધ કરવામાં આવી, એને લઇને બહુજ થોડી મહેનતે મહાન સમર્થ વિદ્વાનોના વિચારો સૌ લોકોની જાણમાં આવવા લાગ્યા. આ ઉપરાંત અનેક પ્રકારની કળાઓ પ્રકટ થઇ ચુકી છે, તેમજ મનુષ્ય બુદ્ધિની ગંભીર શોધથી બીજી અનેક કળાઓ પ્રકટ થતી જાય છે. આ બધું કહેવાની મતલબ એ છે કે પોતાના વિચારો બીજાને પહોંચાડવાની કળામાં જેટલી ઉન્નતિ કરવામાં આવશે તેટલી મનુષ્યોની પણ ઉન્નતિ થશેજ. તેથી મનુષ્યે નવા જુના અને સુદૂરવર્તી લોકોના વિચારો જાણવા માટે સર્વ પ્રકારનાં પુસ્તકોનું અધ્યયન કરવું જોઇએ અને પોતાના વિચારો તથા અનુભવોને જન સમૂહ સમક્ષ પ્રકાશમાં મૂકવા જોઇએ. એમ કરવાથી જ તે પોતાનું તેમજ ભવિષ્યની પ્રજાનું ભલું કરી શકે છે.

પરંતુ નવીન વસ્તુઓ બનાવવા માટે, નવીન કળાઓ શોધવા માટે અને વચન શકિતને કામમાં લેવા માટે, ઘણીજ સાવધાનતા રાખવાની જરૂર છે. કેમકે જે શકિત જેટલી વધારે બળવાન હોય છે. અને જેટલો વધારે લાભ પહોંચાડે છે તેને વિપરીત રીતે કામમાં લેવાથી તેટલુંજ વધારે નુકશાન કરે છે. ઉદાહરણાર્થ હાંકનારની અસાવધાનતાથી બે ગાડીયો પરસ્પર અથડાય છે તો તેમાં બેસનાર માણસોને ઇજા થાય છે, તેમજ જો ડ્રાઇવરની બેદરકારીથી બે રેલગાડી પરસ્પર અથડાય છે તો સેંકડો માણસોનું મૃત્યુ નીપજે છે. તેવી રીતે નવીન આવિષ્કાર અને વાતચીત કરવાની શકિતઓ પણ એટલી બધી મહાન છે કે જે મનુષ્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન-નિર્વાહના એક વિલક્ષણ અને અદ્ભુત સાધન રૂપ બની રહેલ છે અને ભવિષ્યમાં પણ જેની સહાયથી મનુષ્ય પોતાના જીવન-નિર્વાહની નવીન રૂપરેખા દોરી શકે છે, તેટલા માટે જ એ શક્તિઓને અત્યંત સાવધાનતા પૂર્વક ઉપયોગમાં લેવાની આવશ્યકતા છે. કેમકે તેનામાં મનુષ્યનો સર્વનાશ કરવાનું સામર્થ્ય રહેલું છે. જે લોકો તેનો દુરૂપયોગ કરે છે તેઓને તેનું વિષમય ફલ તત્કાળ મળે છે.

આ વિષયમાં સૌથી વિશેષ કઠિનતા ભરેલી વાત એ છે કે મનુષ્યમાં નવીન નવીન બાબતો શોધી કાઢવાની બુદ્ધિ અને વિવેક શક્તિ હોવા છતાં પણ તેનાં હૃદયમાં પશુઓની માફક ક્રોધ, માન, માયા, તથા લોભનો આવેગ પણ ભર્યો હોય છે, જે વધી જવાથી તે એવાં કાર્યો કરવા ઉદ્યત બની જાય છે કે જેનાથી તેને પ્રત્યક્ષ હાનિ થાય છે. બહુધા ક્રોધથી બળી રહેલા લોકોના મ્હોંમાંથી એવા વચનો સાંભળવામાં આવે છે કે મને ફાંસીની શીક્ષા ભલે મળે, પરંતુ હું અમુક માણસનો એક વખત ભરી બજારમાં ઈજ્જત બગાડયા વગર રહીશ નહિ. એ રીતે ક્રોધ વશ બનીને મનુષ્ય કાંઇનું કાંઇ બોલી નાંખે છે એટલુંજ નહિ પણ કોઈ કોઈ વખત એવું અનિષ્ટ કાર્ય કરી બેસે છે કે જેને માટે તેને પાછળથી અત્યંત પસ્તાવો થાય છે. એવી જ રીતે લોભ, માન, અને માયાને વશીભૂત બનીને પણ લોકો એવાં કાર્યો કરી બેસે છે કે જેનાથી તેઓની મેળવેલી ખ્યાતિ ઉપર પાણી ફરી વળે છે, અને કોઇ કોઇ વખત તો તેઓનો સઘળો કારોબાર બંધ પડી જાય છે અને તેઓને કારાગૃહની હવા ખાવી પડે છે.

મતલબ એછે કે ક્રોધ, માન, માયા, લોભનો આવેગ એવો પ્રબળ છે કે જે અસાવધાન મનુષ્યોને તદ્દન નિરંકુશ બનાવી મુકે છે અને વિપરીત કાર્યો કરવા દોરે છે. જેવી રીતે આંખો ઉપર લીલા રંગના ચશ્મા ધારણ કરવાથી સઘળી વસ્તુઓ લીલી દેખાય છે અને પીળા રંગના ચશ્મા ધારણ કરવાથી સઘળું પીળું દેખાય છે તેવી રીતે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોના પ્રાબલ્યથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ બની જાય છે અને કર્તવ્યોનો પરિત્યાગ કરીને તે પોતાની બુધ્ધિને એવાં કાર્યોમાં ઝુકાવે છે કે જેનાથી તેના મનની મુરાદ તૃપ્ત થાય છે. કોઇ કોઇ વખતતો તે પોતાના મનની મુરાદ પુરી કરવામાં એટલો બધો ઉન્મત્ત અને મદાંધ બની જાય છે કે પોતાનાં સઘળાં કાર્યો બગડી જાય-આખી દુનિયા રસાતળ જાય તો પણ તેના મનની મુરાદ પુરી કરીને જ વિરમે છે. અસાવધાન અને કષાયી મનુષ્ય પોતાની અનેક પ્રકારની પ્રબળ ઇચ્છાઓ પૂર્ણ કરવા ખાતર ઉપરોક્ત મહાન શક્તિઓનો પણ અસત્ય. છળ કપટ, દગાબાજી ઇત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરાબ માર્ગે વ્યય કરવા તત્પર થાય છે. પરિણામ એ આવે છે કે તે આખા સંસારના લોકોની સાથે સહવાસ રાખવાને બદલે, તેઓના જાનમાલનું રક્ષણ કરવાને બદલે અને તેઓના સુખ-શાંતિ વધારવાને બદલે તેઓને નુકશાન પહોંચાડવાના, તેઓના હક્ક છીનવી લેવાના, તેઓની માલ મિલ્કત ચોરી લેવાના ખરાબ કાર્યોમાં પ્રવૃત્ત બની જાય છે અને તે કાર્યોમાં સફલતા પ્રાપ્ત કરવામાં તે પોતાનું પરમ સૌભાગ્ય અને કર્ત્તવ્ય સમજવા લાગે છે. પરંતુ એમ કરવાથી તે પારસ્પરિક વિશ્વાસ ગુમાવી બેસે છે અને પરસ્પર સંપીને રહેવાને અત્યુત્તમ પ્રબંધને શિથિલ બનાવે છે. અવાં આવાં વિપરીત કાર્યોને લઇને મનુષ્યસમાજ પોતાનાં પદથી ભ્રષ્ટ બનીને કેવળ નીચે જ પડે છે એટલુંજ નહિ પણ પતિત બનીને નષ્ટ પ્રાય: બની જાય છે અને કોઇ પણ કાર્યને યોગ્ય રહેતો નથી.

પશુઓમાં વાચાશકિત નહિ હોવાથી તેઓ અન્યોન્ય અસત્ય બોલી શકતા નથી અને એક મનુષ્ય બીજા મનુષ્યને જેવી હાનિ પહોંચાડી શકે છે તેવી તેઓ પહોંચાડી શકતા નથી. એ રીતે પશુઓની પાસે પોતાનાં શરીર સિવાય અન્ય કશું સાધન નથી કે જે વડે તે અન્ય પશુઓને ભારે નુકશાન પહોંચાડી શકે. પરંતુ મનુષ્યોએ બીજાને મારવા અથવા હાનિ પહોંચાડવા માટે તીરકમાન, તલવાર, બંધુક, તોપ આદિ અનેક સાધનો બનાવી રાખ્યા છે કે જે વડે તેઓ ભારે વિધ્વંસ મચાવી શકે છે. એ રીતે નવીન નવીન ઉપાયો શોધવાની શકિત ધરાવનાર બુદ્ધિ અને વાચાશકિતના દુરૂપયોગથી મનુષ્યનું મનુષ્યત્વ દુર થાય છે અને પશુઓથી પણ નિકૃષ્ટ બની અનન્ત દુ:ખોમાં ફસાઇ પડે છે.

પશુઓ પોતાનું જીવન પૃથક્ પૃથક્ વ્યતીત કરે છે. તેઓ પોતાના જીવન-નિર્વાહ માટે પોતે કાંઇ કામ કરતા નથી અને બીજાની પણ સહાયતાની અપેક્ષા રાખતા નથી, બલ્કે પ્રકૃતિ દ્વારા સંસારમાં જે કાંઈ ઉત્પન્ન થાય છે તેના ઉપર પોતાનો નિર્વાહ કરે છે. પરંતુ મનુષ્યે પોતાના જીવન-નિર્વાહ માટે અનેક મનુષ્યોએ બનાવેલ કઇક વસ્તુઓની જરૂર પડે છે. સાદામાં સાદું જીવન વહન કરનાર મનુષ્યની જરૂરીયાતો પણ એવી નથી હોતી કે જે અમુક મનુષ્યોની બનાવેલ વસ્તુઓથી પુરી પડી શકે, અતએવ પ્રત્યેક મનુષ્યને દુનિયાના સર્વ મનુષ્યો અને તેઓના કાર્યોની સાથે એટલો બધો ઘનિષ્ટ સંબંધ રહેલો છે કે અન્ય મનુષ્યોના કાર્યોમાં ગરબડ થવાથી પોતાનાં કાર્યોમાં ગરબડ થાય છે અને તેના સુખને ધક્કો પહોંચે છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યે પોતે સાવધાન રહેવાની અને સર્વ લોકોને સાવધાન રાખવાની પુરેપુરી જરૂર છે, કે જેને લઇને કોઈ મનુષ્ય કોઇ પણ પ્રકારની ગરબડ અથવા અશાંતિ ઉત્પન્ન કરે નહિ અને પરસ્પર પ્રેમપૂર્વક રહેવાનો જે પ્રબંધ મનુષ્ય જાતિએ કરી લીધો છે તે કોઇ પણ જાતના વિઘ્ન વગર સારી રીતે ચાલ્યો આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ આ ત્યારેજ બની શકે કે જ્યારે સર્વ લોકો ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોને પોતાને આધીન કરી લે અને તેનું પ્રાબલ્ય એટલું બધું ન વધી જવા દે કે જેને લઇને તેને પરસ્પરનો પ્રેમ તોડી કોઈ મનુષ્યને દુઃખ દેવામાં, નુકશાન પહોંચાડવામાં અને કોઇના હક્ક છીનવી લેવામાં પ્રવૃત્ત થવું પડે, અથવા ક્રોધાદિ આવેગોની શાંતિ અર્થે પોતાની સર્વોત્કૃષ્ટ વૃત્તિને અર્થાત્ પરસ્પર વાતચીત કરવાની પરમ પવિત્ર અને શ્રેષ્ટ શક્તિને અસત્ય, છળ કપટ, દગાબાજી ભર્યાં અત્યંત અધમ કાર્યો કરવા માટે વ્યવહારમાં લેવી પડે.

પરંતુ એને માટે એજ આવશ્યક છે કે પ્રત્યેક મનુષ્યે સંસારના સઘળા મનુષ્યોને પોતાના શરીરના અંગ તુલ્ય સમજવા જોઇએ અને એવો વિશ્વાસ રાખવો જોઈએ કે જેવી રીતે શરીરના કોઇ ભાગમાં કોઇ પ્રકારની પીડા થવાથી આખા શરીરને બેચેની થાય છે તેવી રીતે દુનિયાના કોઇ મનુષ્યને દુઃખ થવાથી મનુષ્ય માત્રને નુકશાન પહોંચે છે અને મનુષ્ય જાતિના હિતમાં ધક્કો પહોંચે છે. એટલા માટે મનુષ્યે પોતાનાં મનુષ્યત્વનાં રક્ષણ અર્થે ભલાઇ અને બુરાઈનું આ લક્ષણ માનવું ઉચિત છે કે જે વાતથી મનુષ્ય જાતિને લાભ થતો હોય અને મનુષ્યો વચ્ચે પરસ્પર પ્રેમ મજબુત બનતો હોય તે ભલાઇ છે અને જે વાતથી ઉક્ત પ્રેમ ગાંઠ નબળી પડે છે તે બુરાઇ છે.

આ સ્થળે પુણ્ય અને પાપને બદલે ભલાઇ અને બુરાઈ શબ્દોનો ઉપયોગ કરવામાં આવેલ છે, કેમકે મનુષ્યના જીવન–નિર્વાહ માટે તે શબ્દો જ યોગ્ય છે. ઉપર લિખિત લક્ષણો અનુસાર જે મનુષ્ય ભલાઇ કરે છે અને બુરાઇથી બચે છે તેવો પ્રત્યેક મનુષ્ય આ જગત્‌ને સ્વર્ગધામ બનાવી શકે છે. અને ચોતરફ આનંદ આનંદ ફેલાવી શકે છે. આથી વિપરીત આચરણ કરનાર મનુષ્ય દુનિયાને નરકકુંડ બનાવી મુકે છે અને ચારે તરફથી ‘ત્રાહિ ત્રાહિ’ના પોકાર સંભળાવી શકે છે. સત્ય તો એ છે કે ઉપર લખ્યા પ્રમાણે જીવન ગાળ્યા વગર કોઇ પણ મનુષ્ય પોતાને મનુષ્ય કહી શકતો નથી, બલ્કે એવી સ્થિતિમાં તે પશુઓથી પણ પતિત અને મનુષ્યજાતિ માટે ઝેરી જંતુઓ કરતાં પણ વિશેષ દુઃખદાયી ગણાય છે. તેથી સૌથી પહેલાં મનુષ્યે મનુષ્ય બનવાની કોશીશ કરવી જોઇએ અને તે માટે દરેક સમયે સાવધાનતા રાખવી જોઇએ.

એ માટે મનુષ્યે નિમ્નલિખિત પાંચ નિયમોનું અવશ્ય પાલન કરવું જોઇએ, કેમકે મનુષ્યત્વ પ્રાપ્ત કરવાના એ પ્રાથમિક નિયમો છે. (૧) મનુષ્ય માત્રની સાથે પ્રીતિ રાખવી અને સર્વ મનુષ્યોને પોતાના કુટુંબી અથવા શરીરના અંગતુલ્ય સમજી સૌનું ભલું ચ્હાવું અને કરવું. આને બીજા શબ્દોમાં પરોપકાર કહી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ ) અસત્ય, છળકપટ, અને દગાબાજી ભર્યાં કાર્યો કરવામાં પોતાની પરમ પવિત્ર વાચા શક્તિને ભ્રષ્ટ ન કરતાં હમેશાં સીધી, સાચી અને બીજાનાં હિતની વાત કહેવી અર્થાત્ હમેશાં સત્ય બોલવું. (૩) કોઇના માલ મિલ્કતની ચોરી કરવી નહિ અને જબરદસ્તીથી કોઈના હક્ક છીનવી લેવા નહિ; અર્થાત્ પોતાનાજ માલ મિલ્કત અને અધિકારોથી સંતુષ્ટ રહેવું. ( ૪ ) સચ્ચારિત્રયનું પાલન કરવું (૫) પોતાના અધિકારોથી એટલા બધા વિહ્વળ અને મુગ્ધ ન બનવું કે જેથી સ્વાર્થ વશ બનીને સાર્વજનિક પ્રેમ, સહાયતા અને સહાનુભૂતિના નિયમો તોડવા પડે વા પરોપકાર બુદ્ધિનો ત્યાગ કરવા પડે. ઉપરોક્ત પાંચ સ્થુલ નિયમો મનુષ્યને પોતાના જીવન નિર્વાહમાં ખાસ જરૂરના છે. તેથી તે પ્રાથમિક નિયમોનું સર્વ મનુષ્યોએ સૌથી પહેલું પાલન કરવું જોઇએ. ઉક્ત નિયમોનું પાલન કરનાર મનુષ્ય ખરૂં મનુષ્યત્વ પ્રાપ્ત કરે છે અને આ સંસારમાં જ સુખ ભોગવે છે એટલુંજ નહિ પરંતુ તે પરભવમાં પણ સુખી બનવાને લાયક બની જાય છે. એનું કારણ એ છે કે આજકાલ જગત્માં જેટલા પારલૌકિક ધર્મો પ્રચલિત છે તે સર્વમાં ઉપરોક્ત પાંચે નિયમોને સૌથી આવશ્યક ઠરાવ્યા છે અને જો તે સંબંધમાં એટલો બધો ભાર મૂકી જણાવ્યું છેકે એ નિયમોનું પાલન કર્યા વગર મનુષ્યના પૂજા–પાઠ, જપ–તપ, વ્રત–ઉપવાસ, દાન અને ત્યાગ નિરર્થક છે. જે મનુષ્ય ઉક્ત નિયમોનું પાલન કરતો નથી તે પ્રાર્થના, પૂજા–પાઠ આદિથી જોઇએ તેવું પુન્ય સંપાદન કરી શકતો નથી. અત એવ પ્રચલિત ધર્મોના સિદ્ધાંત અનુસાર પણ મનુષ્યને સૌથી પહેલાં મનુષ્ય બનવાની પરમ આવશ્યકતા છે અને તે ત્યારેજ ખરો મનુષ્ય

બની શકે કે જ્યારે તે સંસારના સર્વ મનુષ્યોનું ભલું કરવા યત્નશીલ બને, સાચું બોલે, કોઇના હક્ક ન છીનવે, ચારિત્ર્ય પાળે, અને પોતાની વસ્તુઓના મોહમાં આસક્ત ન બની જાય.

જો સર્વ મનુષ્યો પોતપોતાના ધર્માનુસાર ઉપરોક્ત પાંચ નિયમોનું પાલન કરવાનું આવશ્યક સમજી લે, અર્થાત્ ખરૂં મનુષ્યત્વ પ્રાપ્ત કરવાની કોશીશ કરવા લાગે તો સંસારમાં ચોમેર સુખ–શાંતિ ફેલાઇ જાય અને સર્વત્ર આનંદ આનંદ જ દૃષ્ટિગોચર થવા લાગે. વળી જે ઉપદ્રવો પ્રતિદિન ધર્મના નામે થાય છે અને જેને લઇને મનુષ્ય જાતિથી ભારે અશાંતિ ફેલાઇ રહે છે તે સર્વનો સત્વર અંત આવી જાય. ઉક્ત પાંચે નિયમોનું યથાર્થ પાલન કર્યા વિના પોતાની જાતને કોઇ પણ ધર્મનો અનુયાયી માની બેસવાનો કોઇ પણ મનુષ્યને અધિકાર નથી; કારણ કે એ નિયમોનું પાલન કર્યા વગર મનુષ્યમાં ખરૂં મનુષ્ત્વ આવતું નથી અને મનુષ્ત્વ પ્રાપ્ત કર્યા વગર કોઈ પણ મનુષ્ય કોઈ પણ ધર્મનો અનુયાયી બની શકતો નથી. પરંતુ એ નિયમોનું પાલન ત્યારેજ સંભવે કે જ્યારે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યો સીમા બહાર ન વધી જાય, અર્થાત્ માણસ તેને વશ ન બની જાય, બલ્કે તેને નિરંતર પોતાના અંકુશમાં રાખે અને તેનાથી પોતાની ઇચ્છાનુસાર કામ લે, તેથી મનુષ્ય તરીકે આપણું સૌથી પહેલું કર્ત્તવ્ય એ છે કે જેવી રીતે ગાડીમાં જોડ્યા પહેલાં ઘોડાને વશ કરવામાં આવે છે તેવી રીતે આપણે ક્રોધ આદિ કષાયોને આપણે વશ કરી લેવા જોઇએ; પરંતુ એ કાર્ય માટે એટલું જરૂરનું છે કે આપણે આપણા વિચારોની સંપૂર્ણ દેખરેખ રાખવી જોઇએ અને મનને નીચ વાસનાઓ તરફ દોડતાં રોકવું જોઇએ.

# પ્રકીર્ણ નોંધ.

ગયા કારતક માસની પૂર્ણીમાએ દર વરસ મુજબ આ વર્ષે પણ શ્રી પરમ પવિત્ર શત્રુંજય તીર્થ ઉપર યાત્રા નિમિત્તે ઘણી મોટી સંખ્યામાં યાત્રાળુઓ એકઠા થયા હતા. ઘણા વખતથી ધર્મશાળાના મુનિમોની ગેરવ્યવસ્થાના અંગે યાત્રાળુઓને ધર્મશાળામાં છતી ઓરડીએ ઉતરવાની મુશ્કેલી પડે છે, તેવી ફરીયાદો થયા કરે છે તેને માટે જ્યારે ધર્મશાળાના માલેકનું લક્ષ ખેંચાતું નથી અને ધર્મશાળા સાચવનારાઓ તે ઉપર ધ્યાન આપતા નથી ત્યારે આ વર્ષે આ વખતે યાત્રાળુઓની સગવડ સાચવવા ( બરોબર સમાવેશ ) કરવા પાલીતાણા રાજ્ય તરફથી પણ તે અડચણ દુર કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જોકે બે વર્ષ થયા પાલીતાણાના નેક નામદાર મહારાજા સાહેબ તરફથી તે દિવસોમાં નિશાળોમાં રજા પાડી દરબારી સ્કુલો વગેરે મકાન ખાલી કરાવી યાત્રાળુઓને ત્યાં ઉતારવામાં આવે છે, તે માટે જૈન કોમ પાલીતાણાના નામદાર દરબારશ્રીની આભારી છે.જેથી હવે ધર્મશાળાના માલેક અને મુનીમોએ યાત્રાળુઓના દરેક સગવડ માટે ધ્યાન આપવાની જરૂર છે. વળી આ વખતે તે અઠવાડીયામાં યાત્રાળુઓનો જકાત માટે જે સામાન તપાસવામા આવે છે તે સામાન્ય રીતે યાત્રાળુઓને તમારી પાસે કાંઇ જકાતી સામાન છે ?, એટલુંજ પુછીને ગામમાં જવા દેવામાં આવતા હતા, એટલે કે યાત્રાળુઓનો સામાન તપાસવો રાજ્ય તરફથી બંધ કરવામાં આવ્યો હતો. આવી રીતે પાલીતાણાના નેક નામદાર મહારાજા સાહેબે તખ્તનસીન થયા પહેલાંના વર્ષે એક વખત પણ યાત્રાળુઓનો સામાન જકાત માટે જે રીતે તપાસવામાં આવતો હતો તે જાતે જોઈ તે વખતે પણ ચાર દિવસ માટે બીલકુલ જકાત કાંઇ પણ પુછપરછ કર્યા સિવાય બંધ રાખવામાં આવી હતી. અમારા જાણવા તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવા પ્રમાણે રાજ્યાભિષેકની ખુશાલીમાં પાલીતાણાના નામદાર દરબારશ્રી આ જકાત માફ કરવાના હતા છતાં હજી સુધી તેમ ન બનતાં આ વર્ષે ઉપર પ્રમાણે થોડા દિવસ માટે પણ નેક નામદાર મહારાજશ્રીએ જકાત બંધ કરી છે જે માટે પણ જૈન કોમ આભારી છે. હવે જાથુક ને માટે પાલીતાણાના નામદાર મહારાજાને નમ્ર વિનંતિ છે કે આ જકાત તદ્દન બંધ કરી જૈન કોમ ઉપર કાયમનો ઉપકાર કરશે. આ બાબતની સુચનાના હેન્ડબીલો શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા તરફથી પ્રકટ કરી યાત્રાળુઓને જાણ થવા માટે સીહોર વહેંચાવવામાં આવ્યા હતા.

આ જકાત સદંતર કાઢી નાખવાની બાબતમાં હાલમાં બંધુ મનસુખલાલ રવજીભાઇ કે જેઓ હાલમાં કાઠીયાવાડની રાજા પ્રજા વચ્ચેનો અખંડ પ્રેમ વધારવા અને તે પ્રદેશની રાજા પ્રજાની સુખ શાંતિ આબાદિ વેપાર વૃદ્ધિ વગેરેની ઉન્નતિ માટે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે, તેઓએ પાલીતાણાના નેકનામદાર મહારાજા સાહેબને નમ્રતા પૂર્વક દાખલા દલીલ સાથેની મુદ્દાસર એક અરજી કરી છે, કે જે કાર્ય જૈન કોમમાં અનેક શ્રીમાનો અને વિદ્વાનો છતાં જેને સૂઝયું નથી તેવું ઉપયોગી તેમણે કાર્ય હાથમાં લીધું છે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ અને પાલીતાણાના નામદાર મહારાજા સાહેબ તે અરજી અને જૈન કોમની વિનંતિ ઉપર લક્ષ આપી તે જકાત કાઢી નાખવાની જલદીથી કૃપા દરશાવશે.

જેમ કાયમ માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી માત્ર સીહોરના સ્ટેશન ઉપર યાત્રાળુઓની સામાન્ય સગવડ માટે એક નોકર રહે છે તેમ આવા મેળાના દિવસોમાં વઢવાણ, સીહોર, પાલીતાણા વગેરે સ્થળે આઠ દશ દિવસો માટે-યાત્રાળુઓની દરેક સગવડ માટે માણસો ગોઠવવાની ઘણા વખતની જરૂરીયાત સમાજ ધારે છે, તેમ તો થતું નથી પરંતુ બે ત્રણ વર્ષથી શ્રી ભાવનગર સ્વયં સેવક મંડળ જેકે ભાઈ ગોપાળજી ઓધવજી ઠકરના નાયક પણા નીચે ઉભું થયેલ ( અનેક કાર્યોમાં સેવા કરે ) છે તે મંડલના બંધુઓ શત્રુંજયની યાત્રાના મેળાના દિવસોએ યાત્રાળુઓને સહાય કરવા-સેવા કરવા અપરિમિત પ્રયાસથી બે ત્રણ વર્ષથી પ્રયત્ન કરે છે. તેઓ સીહોર પાલીતાણા વઢવાણ વગેરે સ્થળે ફરી, ખાવા પીવા, ઉંઘવાની દરકાર ન કરતાં સેવા કરે છે જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે. તેઓની સગવડ સાચવવા માટે સાંભળવા પ્રમાણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર લખતાં, તેઓને જણાવતા પોતાના તરફથી બંદોબસ્ત કરવામાં આવતો નથી તેમ આવી નિઃસ્વાર્થ સેવા કરનારની સૂવા બેસવા, ખાવા પીવાની સગવડ પણ સાચવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી નથી તેને માટે જૈન કોમને ખેદ કરવાનું કારણુ મળે છે, આથી ફરજ ચુકાય છે તેટલુંજ નહીં પરંતુ તે સાથે જૈન સમાજ બોલે છે કે તેઓનું સાંભળવાને જેમ ફુરસદ નથી તેમ તેવી સગવડો કરવાની દરકાર પણુ નથી, આમ થતું હોય તો તેમ કોઇ રીતે યોગ્ય નથી જેથી યાત્રાળુઓની દરેક પ્રકારની સગવડ સાચવવા માટે શેઠ આણંદજી કલ્યાણુજીની પેઢીના વહીવટ કરનારાઓને અમારી નમ્ર સુચના છે કે તેઓ એ તેવી સગવડો નોકર દ્વારા ખર્ચ કરી હવે પછી કાયમને માટે કરવાની જરૂર છે.

જાણુવા પ્રમાણે ઉપર મુજબ સ્વયં સેવક મંડળની કાંઇપણુ જાતની સગવડ શેઠ આણંદજી કલ્યાણુજી તરફ કરવામાં આવતી નથી ત્યારે જયારથી આ સ્વયં સેવકોએ મેળાના દિવસોમાં સેવા કરવી શરૂ કરી છે ત્યારથી પાલીતાણામાં શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળની સ્થાનિક કમીટી ગુરૂકુળના સ્ટેશન પાસેના મકાનમાં આ નિ:સ્વાર્થિ સેવા કરનારા સ્વયંસેવક બંધુઓની સૂવા બેસવા બીછાના પાગરણુ વગેરેની ગોઠવણુ બહુજ સારી રીતે કરી આપે છે, માત્ર ભોજન ખર્ચ બીજેથી તેઓને મળે છે ) આ વર્ષે પણુ તે બંધુઓની સગવડ પાલીતાણે શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના મકાનમાં સ્થાનિક કમીટી અને સ્ટાફના માણુસોએ કરી આપી હતી જે માટે તેઓને ધન્યવાદ ઘટે છે, તેટલુંજ નહીં પરંતુ આ વર્ષે ભાવનગરના શ્રી જૈન શુભેચ્છક મંડળના કેટલાક બંધુઓ આ સેવા વૃત્તિમાં જોડાયા હતા અને સેવા બજાવી હતી તે પણુ ધન્યવાદને પાત્ર છે. તેવી રીતે તેમજ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓ અને નોકર મળી ત્રણુ બંધુઓ સીહોર અને બીજા વિદ્યાર્થીઓ પાલીતાણાના સ્ટેશને યાત્રાળુ બંધુઓની સેવા કરતા હતા, સગવડ સાચવતા હતા અને શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ તરફથી બે વર્ષ થયા યાત્રાળુઓ માટે સ્ટેશન ઉપર પીવાનું પાણી પણુ તૈયાર રાખવામાં આવે છે આવી રીતે તે ખાતાની સ્થાનીક કમીટી અને સ્ટાફ ઉપર પ્રમાણે પ્રથમથી તેમના મકાનમાં સેવા કરનારા તે સ્વયં સેવકોને સગવડ કરી આપે છે ત્યાં રહેનારની તનદુરસ્તી સાચવવા માટે ખાસ ધ્યાન આપે છે અને આ વર્ષે તો વિદ્યાર્થીઓ અને નોકરોથી સેવા પણુ આપવામાં આવી હતી, છતાં શ્રી જૈન ધર્મ પ્રકાશના તંત્રી શેઠ કુવરજી આણંદજી પોતાના તે વાજીંત્રમાં માગશર માશના અંકમાં સ્ફૂટ નોંધ ચર્ચામાં સ્વયંસેવક મંડળની તથા શુભેચ્છક મંડ-ળની સેવાની નોંધ, જૈન યુવક મંડળની સેવા કરવા કહેવરાવ્યાં છતાં તેઓએ આપેલ જવાબની ટીકા, આણંદજી કલ્યાણુજી ફરજ ચુકે છે તેની નોંધ વગેરે માટે જ્યારે ધન્યવાદ આપે છે, લખે છે. તેવી નોંધ લેછે ત્યારે ઉપર પ્રમાણે શ્રી યશોવિજયજી જૈન ગુરૂની સ્થાનિક કમીટી અને સ્ટાફના માણસો જે દર વર્ષે ઉપર મુજબ સ્વયં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવકોની સગવડ વગેરે સાચવે છે અને સેવા પણ આપે છે તે હકીકત તેઓ જાણે છે છતાં તેને માંટે સેવાની નોંધ, હકીકત કે તેમની ઇચ્છા પ્રમાણે ટીકા વગેરે કાંઇ પણ લખાણ કેમ કરવામાં નથી આવ્યું એમ અમોને અમુક વ્યક્તિઓ પુછાવે છે ? અમો તો માનીયે છીએ કે તેઓશ્રી જાણતા છતાં ભૂલી ગયા હશે ? કે ગમે તેમ હો ! પરંતુ આવા પ્રસંગ ઘણી વખત તેઓ તરફથી બનતા આવે છે, ( જે બતાવવાને અત્રે વખત નથી ) તેથી સમાજને એમ માનવાને કારણ મળે છે કે જે ખાતા કે સંસ્થામાં તેમનો અવાજ, સત્તા કે પોતાપણું કે સંબંધ નથી હોતો તેને માટે કાંઈ પણ લખવાને તેમની ઇચ્છા થતી નથી ? ગમે તે હો કે, અમો માનીયે છીયે તેમ હો ! તેઓશ્રી જ્યારે પેપરના અધિપતિ છે અને જ્યારે એક પ્રસંગનું વર્ણન તેઓ આપે છે ત્યારે બધી બાજુની હકીકત મુકવી જોઈએ તે જ્યારે પોતાની મરજી પ્રમાણે મુકે કે લખે અમુક માટે ન લખે ત્યારે તે યોગ્ય કે ન્યાય યુક્ત ન ગણાય એમ સમાજને માનવાને કારણ મળે છે, ભલે તેઓએ શ્રીયશોવિજયજી જૈન ગુરૂકુળની સેવા કે કાર્યની નોંધ ન લીધી તેથી તેની સેવા ચાલી જતી નથી, કારણ કે તે પણ સમાજનીજ સંસ્થા હોવાથી તેની ફરજ હતી, અમો તો તેની સ્થાનિક કમીટી, સ્ટાફના માણસો અને વિદ્યાર્થી બંધુઓએ કરેલી સેવા માટે ધન્યવાદ આપીયે છીયે અને હવે પછી દર મેળાના ટાઇમે આ કરતાં વધારે પ્રમાણમાં યાત્રાળુઓ બંધુઓની સેવા કરી સગવડ સાચવે અને સેવા ધર્મના પ્રેમી બને એમ ઇચ્છીયે છીયે. અસ્તુ ! ! !

ઉક્ત તંત્રી મહાશયે જ્યારે પોતાના શ્રીજૈનધર્મ પ્રકાશ માસિકમાં ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીજૈન યુવક મંડળ માટે જે જણાવ્યું છે કે "જૈન યુવક મંડળને આ સેવાનો લાભ લેવા જણાવ્યું ત્યારે તે મંડળ તરફથી કહેવામાં આવ્યું કે અમો કોઇની સત્તા નીચે કાર્ય કરવા રાજી નથી તેવા બ્હાના નીચે સેવાના કાર્યો માટે એક સ્વયંસેવક મોકલવામાં આવ્યો નહોતો " આમ લખી તેઓની ટીકા કરી છે પરંતુ ચોકસ અમારા જાણવામાં આવ્યું છે કે તે મંડળ સાથે તેવી વાત ઉક્ત તંત્રી મહાશયને થઇ નથી, છતાં આવી નોંધમાં કોઇની ટીકા કરવાની હોય કે નહીં ? અને હોય તો તે શું સુચવે છે તે સમાજે સમજવાનું છે; છતાં જ્યારે યુવક મંડળ માટે વગર કારણે ટીકા કરી નોંધ લે છે તેમજ ઉપર પ્રમાણે બીજી તમામ વ્યક્તિઓ માટે લખે છે ત્યારે અને શ્રીયશોવિજયજી જૈન ગુરૂકુળે આપેલી સહાયની નોંધ તે હકીકત જાણતાં છતાં લેવામાં આવતી નથી ત્યારે જ અમારે તમામ હકીકત અને વર્તમાન સમાચાર તરીકે આટલી ખરી હકીકત સમાજને જણાવવા લખવી પડી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નીચેના ગ્રંથો તથા જ્ઞાનોદ્ધાર વગેરે કાર્ય માટે નીચેના જે જે** મહાશયો તરફથી જેજે ભેટ મળેલ છે તે માટે ઉપકાર માનવામાં આવે છે.

૧ ધી જૈન સેનેટરી એસોસીએશન મુંબઈનો સં. ૧૯૭૫–૭૬ નો રીપોર્ટ પ્રથમ (અભિપ્રાય હવે પછી) તે ખાતાના સેક્રેટરીઓ તરફથી.

૨ તેમજ આ સાથે ગ્રંથાવલોકનમાં જણાવેલા ગ્રંથો તથા **શ્રી સિદ્ધ પ્રાભૃત ગ્રંથ** માટેની નીચે મુજબ સહાય મળેલ છે.

| | |
|---|---|
| ૨૫૦] શ્રી તખતગઢ શ્રી સંઘ તરફથી | ૧૨૫] શેઠ ગુમાનમલ લખમાજી |
| ૧૨૫] શેઠ સેસલમલ ઇંદાજી | ૧૦૦] શેઠ સરૂપચંદ પુઆજી |

**ચૈત્યવંદન મહાભાષ્ય ગ્રંથો માટે નીચે મુજબ સહાય મળેલ છે.**

| | |
|---|---|
| ૧૦૦] શેઠ જવાનમલ મનાજી | ૧૦૦] શેઠ મૂલચંદ વાલાજી |
| ૨૫] શેઠ કપુરચંદ જેકાજી | ૨૫] શેઠ કસ્તુરચંદ પરકાજી |

૪૦૦] શેઠ જુહારમલ પુનમચંદજી તથા રીખભચંદ તિલોકચંદજી તરફથી જ્ઞાન ખાતે.

૧૫૨] એક ગ્રંથ માટે અમુક ગૃહસ્થો તરફથી

શ્રી આત્માનંદ ભવનખાતે નીચેની રકમ ભેટ મળેલ છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

| | |
|---|---|
| ૫૦૦] શેઠ પ્રતાપચંદ પુનમચંદજી | ૧૨૫] શેઠ કપુરચંદ દાનાજી |
| ૧૦૦] શેઠ નવાજી ઉમાજી | ૭૫] શેઠ પેરાજી મોતીજી |
| ૫૧] શેઠ કપુરચંદ પનાજી | ૫૦] શેઠ તુલસાજી ઠાકરજી |
| ૩૧] શેઠ નરસાજી રતનાજી | ૨૫] શેઠ રીખભદાસ લાલાજી |
| ૨૫] શેઠ નરસાજી ભુતાજી | ૧૮] બેન તીનાબેન તથા બેન છોગી બ્હેન તરફથી |

# ગ્રંથાવલોકન.

**શ્રી કર્મ પ્રકૃતિ ગ્રંથ** ( મૂળ સાથે ટીકાનું ભાષાંતર ) **શ્રી અધ્યાત્મજ્ઞાન મંડલ તરફથી વકીલ મોહનલાલ ભાઈ હેમચંદ તરફથી ભેટ મળેલ છે. તત્ત્વ જ્ઞાન અને** તેમાં પણ કર્મ વિષયક ગ્રંથના ભાષાંતરો તેના ખાસ અભ્યાસી સિવાય તે થઈ શકતું નથી પરંતુ આ ગ્રંથના ભાષાંતર કરનાર પંડિત ચંદુલાલ નાનચંદ સીનોર નિવાસીએ સારો પ્રયત્ન કરેલ છે તેમજ યંત્રો વિગેરે આપી પદ્ધતિ સર કરવામાં આવેલ છે, કર્મ ગ્રંથના અભ્યાસી તેમાં પણ સંસ્કૃત માગધી ભાષાનું જ્ઞાન જેઓ ન હોય તેઓને ખાસ ઉપયોગી છે અને આ વિષયના અભ્યાસકને ખાસ આધાર રૂપ છે. શ્રીમદ્ બુદ્ધિ સાગરજી આચાર્ય મહારાજના નામની ગ્રંથમાળાનો આ ૫૫ મો અંક છે આ ગ્રંથમાળાના ઘણા ગ્રંથો વિદ્વદ્વર્ય શ્રીમાન્ આચાર્ય મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિ સાગરજી મહારાજે લખી જૈન કેમ ઉપર ઉપકાર કર્યો છે. તે મંડલના કાર્યવાહકોનું આ કાર્ય પ્રશંસા પાત્ર છે. વધારે ખર્ચ થયો છે છતાં મદદ મળેલ હોવાથી માત્ર ત્રણ રૂપીયા કિંમત રાખી છે જે મંડળ માટે પ્રશંસાપાત્ર છે. જાહેર સંસ્થાઓએ તો મદદ મળતી હોય તેમાં ઓછી કિંમત ગ્રંથોની રાખી જૈન સમાજ વધારે લાભ મેળવે તેમ કરવું જોઇએ.

૨–૩–જૈન સમાજ ઉપર લેખો દ્વારા સતત્ ઉપકાર કરી રહેલા શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજના સુશિષ્ય મુનિરાજ શ્રી પૂણ્યવિજયજીના ઉપદેશદ્વારા શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ મારફત પ્રસિદ્ધ થયેલ **હારિભદ્રીયાવશ્યક વૃત્તિ ટીપ્પણુ** ઉપર શ્રી મલધારી શ્રી હેમચંદ્રસૂરિ કૃત ટીપ્પણુનો ઉપયોગી ગ્રંથ ઉંઝાવાળા શેઠ છોટાલાલ વસ્તારામની તેમજ બીજો ગ્રંથ **શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ઉતરાર્ધ** જે કે સંસારનું સ્વરૂપ સમજાવી વૈરાગ્ય ઊત્પન્ન કરાવનારો અપૂર્વ ગ્રંથ તે ઝીંઝુવાડાના રહીશ શેઠ હઠીસંગ રામચંદની આર્થિક સહાયવડે છપાયેલ છે, તે અમોને ભેટ મળેલ છે, ઊક્ત મુનિ મહારાજનો આ પ્રયાસ–ઉપદેશક અને સ્તુતિ પાત્ર છે.

૪ **શ્રી નેમિનાથ ચરિત્ર** ગદ્યબંધ–જેના કર્તા શ્રી ગુણવિજયજી ગણી છે. ભાષા સંસ્કૃત ઘણીજ સરલ છે અને કથા વાંચતાં આલ્હાદ થાય તેવું છે.

ઉક્ત મુનિરાજ શ્રીપૂણ્યવિજયજી મહારાજના સુપ્રયત્નથી ( ઉપદેશથી ) ઉંઝા નિવાસી હીરાચંદભાઇ આર્થીક સહાયથી પ્રકટ થયેલ છે જેની બે કોપી પણ અમોને ભેટ મળેલ છે. તેની કિંમત રૂા. ૬) રાખેલ છે.

જાહેર સંસ્થા કે તેવા સાર્વજનિક ખાતા કે જેને આર્થીક સહાય મળતી હોય તેમણે તો મુદલ કિંમતે કે ઓછી કિંમતે દરેક ગ્રંથનો આવા મોંઘવારીના વખતમાં ખાસ જૈન સમાજને લાભ આપવો જોઇએ, પરંતુ ખાનગી માલેકી વાળા બંધુઓને પણ જેમાં આર્થીક સહાય મળેલી હોય તેમાં કિંમત અમુક પ્રમાણમાં ઓછી રાખવાની નમ્ર સુચના કરીયે છીયે.

૫–૬ **શ્રીસંપ્રતિ નૃપતિ ચરિ** **શ્રીપાળ ગોપાળ કથા**—બંને કથાનક ગ્રંથ શ્રીઆત્માનંદ જૈન પાઠશાળા ડભોઈ તરફથી ભેટ મળેલા છે. બંને ગ્રંથો શ્રીઆત્માનંદ જય ગ્રંથમાળાના મણકા તરીકે મુનિરાજ શ્રીપ્રતાપવિજયજી મહારાજના ઉપદેશથી પ્રકટ થયેલ છે, જે ઉક્ત મુનિરાજે પોતાના ગુરૂરાજનું નામ આપી ગુરૂ ભકિત દર્શાવી છે આ પ્રયત્ન આગળ વધે એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્માનંદ પ્રકાશના ચાલતા ( અઢારમા ) વર્ષની અપૂર્વ ભેટ

શ્રીઆત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને આ અઢારમા વર્ષની ભેટની બુક શુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ આપવાનું મુકરર થયું છે. આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આટલા ફારમની મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇપણ નહિ વધાર્યા છતાં ) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહીં. તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે–ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથી આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ચુકયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકસાન ન થાય; પરંતુ બારમાસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિનાકારણ જ્ઞાન ખાતાને નુકસાન કરવું અને તેના દેવાદાર રહેવું તે યોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીએ છીયે.

## મુંબઇના અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર સૂચના.

ઘણા વખતથી મુંબઇ શહેરમાં પોસ્ટ ખાતાની ચાલુ હડતાલ રહેવાથી અમોએ આ માસીકના ગયા વર્ષની ભેટના બુકોનું વી૦ પી૦ ગેરવલ્લે પડવાના ભયથી મુંબઇનાજ ગ્રાહકોને માત્ર કરેલું નહીં, પરંતુ ગયા કારતક માસમાં ભેટની બુકોના ગ્રાહકોને વી૦ વી૦ કરતા તે ઉપરના કારણથી પાછા આવ્યા છે અને સભાને નકામો ખર્ચ થયો છે. જેથી મુંબઇના અમારા જે જે ગ્રાહકોને ભેટની બુક ન મળી હોય તેમણે લવાજમ રૂા. ૧–૮–૦ મનીઓરડર કરી મોકલવા કૃપા કરવી જેથી ભેટની બુક રજીષ્ટર કરી તેઓના ઉપર અમો મોકલી આપીશું, જેથી તેમ કરવા વિનંતિ છે. ભેટની બુક મોટી હોવાથી રૂા. ૧–૫–૦ ને બદલે રૂા. ૧–૮–૦ નું વી. પી. કરવામાં આવે છે જે હકીકત સ્ફુટ રીતે પ્રથમ જણાવવામાં આવેલી છે.

આ માસિકનો પોસ્ટલ રજીષ્ટર નંબર આવતા વિલંબ થવાથી તેમજ બીજા કેટલાક કારણથી વિલંબ થતાં માગશર અને પોશ માસના બંને અંકો સાથે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેથી ગ્રાહક વર્ગની ક્ષમા ચાહીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધાર્મિકતા અને નીતિ.

"આપણે ધાર્મિકતાને નીતિ સાથે શો સંબંધ છે તે જોઇએ. મનુષ્યમાં ધાર્મિકતા છે તેજ બતાવે છે કે મનુષ્યની હયાત સ્થિતિ કરતાં તેના જીવનનો ઉદ્દેશ કાંઇક ઉંચો છે અને ધાર્મિકતા એ એક ઉત્કર્ષનું સાધન છે. હવે એ ઉત્કર્ષ કેવા પ્રકારનો? ધન પ્રાપ્તિનો નહિ. પરંતુ જે ઉત્કર્ષથી પ્રભુની ઓળખ થાય તેવો. અને પ્રભુની ઓળખ તો કેન્ટે કહ્યું હતું તેમ મનુષ્યની નૈતિક વૃત્તિમાંથી જ થાય છે. આમ ધાર્મિકતાવાળા મનુષ્યે નીતિના નિયમો તો સ્વીકારવા પડે. પરંતુ ધાર્મિકતાવાળો મનુષ્ય હંમેશાં એ નિયમો પાળતો રહે ત્યારે જ એને ધાર્મિકતાવાળો કહીશું કે નહિ તેનો વિચાર કરીએ. જેમ ગુન્હા વગર ક્ષમા અશક્ય છે તેમ અનીતિ વગર નીતિ અશક્ય છે. મનુષ્ય એક અપૂર્ણતાનું પૂતળું છે. એ અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પહોંચવાનો મનુષ્યનો ઉદ્દેશ છે. અને એ પૂર્ણતાએ પંહોંચશે ત્યારે મનુષ્ય 'મનુષ્ય' રહેશે કે કેમ તે સવાલ થઇ પડશે. વળી એક જ મનુષ્ય પોતાની આખી જીંદગીમાં સીધે જ પાટે જશે એવું કહી શકાતું નથી. આમાં મનુષ્યની સ્વતંત્રતા સમાયેલી છે. એ મનુષ્યનો ઉદ્દેશ 'ગુરૂ શિખર' જવાનો હોય તો એ સીધી ઉંચી સડક ઉપર જતો હોય તેમ તેનાથી જવાતું નથી. એ તો વચ્ચે વચ્ચે ટેકરીઓ પણ આવે અને કોઇ કોઇ વાર ખીણ પણ આવે. પરંતુ એનો ઉદ્દેશ તો 'ગુરૂશિખર' જ છે એટલે આખરે તે ત્યાં પહોંચવાનો જ. ધાર્મિકતા એ મનુષ્યનો આવો ઉદ્દેશ બતાવે છે. એટલે ધાર્મિકતાથી મનુષ્યની સર્વ અનીતિ નાશ પામી જાય છે એમ માનવું ભૂલ ભરેલું છે, જો કે એ અનીતિ નાશ પમાડવાને સતત પ્રયત્નો થયાં જ કરે છે. ગેરસમજુતી ન થાય તેટલા માટે એક દાખલો લઇએ.

"નીતિ વગરની ધાર્મિકતા એ એક કાંટા વગરની ઘડીઆળ જેવી છે. જેમ કાંટા વગરની (પરંતુ અંદરના સર્વ સાંચા ચાલુ હોય એવી) ઘડિયાળને ઘડિયાળ કહેવી કે ન કહેવી એ સવાલ થઇ પડે છે, તેમ નીતિ વગરના મનુષ્યને ધાર્મિક કહેવો કે ન કહેવો એ સવાલ થઈ પડે છે. નીતિ સાથેની ધાર્મિકતાનો જેટલો પ્રભાવ છે તેટલો પ્રભાવ કોઇ કોઇ વાર અનીતિથી મલીન થયેલી ધાર્મિકતાનો નથી. નીતિવાળી ધાર્મિકતા ઘડિયાળની માફક હંમેશાં ચાલ્યા જ કરે છે. પરંતુ દરેક મનુષ્ય પોતાની આખી જીંદગી સુધી નીતિવાળો હોતો નથી (આપણે જાણતાં અજાણતાં ઘણી વાર અસત્ય બોલીએ છીએ) તેમ આખી જીંદગી સુધી કોઇ અનીતિવાળો મનુષ્ય પણ મળી નથી આવતો. એટલે જેટલી ઘડી તે મનુષ્ય અનીતિથી મલીન થયો છે તેટલી ઘડી એક અદૃશ્ય વ્યક્તિ એની ઘડિયાળના કાંટા ઉઠાવી લે છે. એટલે ધાર્મિકતા રૂપી સંચા ચાલુ હોય છે તોપણ તે મનુષ્યની પ્રગતિમાં કાંઇ ફેરફાર થતો નથી. અને એટલે અંશે પેલો નીતિવાળો મનુષ્ય આગળ ચાલ્યો જવાનો, અને 'ગુરૂ શિખરે' એ વ્હેલો પહોંચવાનો. વળી પેલો અનીતિવાળો મનુષ્ય જ્યારે પાછો સીધે રસ્તે આવે ત્યારથી તેની ઘડિયાળના કાંટા પાછા ઉઠાવી લીધા હતા તે જગ્યાએ જ ભરાવવામાં આવે છે. પરંતુ જો મનુષ્યની ઘડિયાળમાં ધાર્મિકતા રૂપી સાંચા ચાલતા ન હોય તો ઘડીયાળ ચાલવી મુશ્કેલ છે. આટલો ધાર્મિકતા અને નીતિનો મહિમા."

**'વસન્ત' માસિકમાંથી.**

For Private And Personal Use Only